ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૮ |
| પાઉન્ડ | ૧૦૯.૯૫ |
| યુરો | ૯૨.૨૧ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૮,૩૦૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૭૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com




### ગેંગરેપની થિયરી નકારી કાઢતી કેન્દ્રીય તપાસનીશ સંસ્થા : 'કોથળામાંથી બિલાડુ'

# કોલકાતા ડોક્ટર રેપ-હત્યા કેસમાં માત્ર એક આરોપી સામે ચાર્જશીટ

**કેસમાં એક જ આરોપી સંજય રોય હોવાનું રટણ કરતી CBI, અધિકારીઓ કહે છે કે જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને તેની હત્યા કરવાના મામલામાં આરોપી એક જ છે, ગેંગરેપ થયાની કોઈ શક્યતા કે પુરાવા નથી**

(એજન્સી) કોલકાતા, તા.૭

દેશભરમાં ભારે ચર્ચા તથા ચકચાર જગાવી દેનાર અને હજી સુધી જુનિયર ડોક્ટરો જે કેસ માટે આંદોલન કરી રહ્યા છે એ કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં બનેલી જુનિયર ડોક્ટર પર દુષ્કર્મ અને તેની હત્યાની ખૂબ જ સનસનાટીભરી ઘટના અંગે લાંબી તપાસ બાદ અંતે CBI દ્વારા કોલકાતાની સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને તેમાં આ કેસના આરોપી તરીકે માત્ર એક જ આરોપી સંજય રોયનું નામ દર્શાવવામાં આવતા ગેંગરેપની આખી થિયરીનો છેદ ઊડી ગયો છે. કોલકાતા નહીં સમગ્ર દેશમાં ભારે વિવાદ અને હોબાળો તથા વિરોધ જગાવી દેનાર આ ઘટનામાં એક જ આરોપી હોવાનું CBIએ દર્શાવ્યું છે અને ચાર્જશીટમાં એક જ નામ મૂકીને CBI અધિકારીઓએ જણાવ્યું છે કે આ ઘટનાને ગેંગરેપની ઘટના ગણાવી શકાય તેમ નથી કેમકે આ ગુનામાં એક જ આરોપી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.



CBIના સૂત્રોએ જણાવ્યું હતું કે જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં એક



કોલકાતાની સ્પેશિયલ કોર્ટમાં CBI દ્વારા દાખલ કરાઈ ચાર્જશીટ જેમાં આરોપી તરીકે માત્ર રોયનું નામ

જ આરોપી સંજય રોય છે. આજે કોલકાતાની સ્પેશિયલ કોર્ટ સમક્ષ CBI દ્વારા ચાર્જશીટ મૂકવામાં આવ્યું છે જેમાં એકમાત્ર આરોપી તરીકે રોયનું નામ છે જે સ્થાનિક પોલીસના નાગરિક વોલેન્ટિયર તરીકે કામ કરતો હતો. હોસ્પિટલમાં નવમી ઓગસ્ટે આ સનસનાટીભરી ઘટના બની હતી જ્યારે મહિલા ડોક્ટર એટલે કે તાલીમી જુનિયર ડોક્ટર આરામ માટે હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી જઈ રહી હતી ત્યારે તેના પર બળાત્કાર કરીને તેની હત્યા કરી નાખવાની ઘટના બની હતી.

સીબીઆઈ દ્વારા રજૂ કરાયેલા ચાર્જશીટમાં ગેંગરેપનો કોઈ ઉલ્લેખ નથી અને તેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે આ ગુનામાં એકમાત્ર રોય અપરાધી છે.

આ ઘટના બન્યા બાદ ૧૦મી ઓગસ્ટે પોલીસે સંજય રોયની ઘટનાના આરોપસર ધરપકડ કરી હતી જે સીસીટીવી ફૂટેજ પોલીસે સેમિનાર રૂમના જોયા હતા તેના આધારે પોલીસે તેની ધરપકડ કરી હતી. એ પછી ૧૪મી ઓગસ્ટથી તો CBI એ તપાસનો હવાલો કોલકાતા હાઈકોર્ટના હુકમથી સંભાળી લીધો હતો અને રોયનો કબજો સંભાળીને તેની વિગતવાર લાંબી પૂછપરછ કરી હતી અને પોલીગ્રાફ ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો.

જોકે આરોપીએ નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે તૈયારી બતાવી નહોતી એટલે CBI એ ટેસ્ટ કરાવી શકી નહોતી. આ કેસમાં સીબીઆઈ દ્વારા તાલા પોલીસ સ્ટેશનના ઓફિસર ઈન્ચાર્જ અભિજિત મોડેલ અને મેડિકલ કોલેજના પૂર્વ આચાર્ય સંદીપ ઘોષની પણ ધરપકડ કરી હતી.

જુનિયર ડોક્ટરની હત્યા થઈ ત્યારથી આ મેડિકલ કોલેજના અને સમગ્ર કોલકાતાના ડોક્ટરો આંદોલન ચલાવી રહ્યા છે અને તેમણે લાંબો સમય હોસ્પિટલની કામગીરી પણ બંધ રાખી હતી. અત્યારે ઈમરજન્સી સેવાઓ ચાલુ છે પરંતુ જુનિયર ડોક્ટરો હવે ત્રણ દિવસથી ભૂખ હડતાળ આંદોલન ચલાવી રહ્યા છે. તપાસ સંભાળ્યા બાદ સીબીઆઈની તપાસ ટીમ દ્વારા ૧૦૦થી વધુ સાક્ષીઓની પૂછપરછ કરવામાં આવી હતી અને બાર જેટલા લોકોના પોલીગ્રાફ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આ કેસનો એકમાત્ર અને મુખ્ય આરોપી સંજય રોય જોકે સીબીઆઈ સમક્ષ એક જ રટણ કરતો રહ્યો છે કે મને ફસાવી દેવામાં આવ્યો છે, મેં કશું કર્યું નથી. સીબીઆઈએ તેની મુખ્ય શકમંદ તરીકે પૂછપરછ ચાલુ રાખી હતી અને તપાસ આગળ ચલાવી હતી. પીડિત ડોક્ટરના નખ પરથી અને ચામડી પરથી લોહીના જે ડાઘા મળ્યા હતા તે રોયના ડીએનએ સાથે સરખામણીમાં મેચ થયા હતા. આથી ગુનામાં તેની સંડોવણીનો વધુ એક પુરાવો મળ્યો હતો જેના આધારે હવે સીબીઆઈએ તેને આ ગુનામાં એકમાત્ર આરોપી તરીકે દર્શાવીને સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ મૂકી દીધું છે અને ગેંગરેપની આખી થિયરી ઊડી ગઈ છે.

# સઉદી અરેબિયાની બે પવિત્ર મસ્જિદોના વહીવટી તંત્રે યતિ નરસિંહાનંદની પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ નિંદાજનક ભાષણની નિંદા કરી

(એજન્સી) તા.૭

સઉદી અરેબિયાની બે પવિત્ર મસ્જિદોએ શુક્રવારે એક નિવેદન જારી કરીને ભારતના વિવાદાસ્પદ મહંત યતિનરસિંહાનંદ સરસ્વતી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીની નિંદા કરી હતી. મક્કા અને મદીનામાં પવિત્ર મસ્જિદોના વહીવટીતંત્રે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરતા વ્યક્તિઓ સામે પગલાં લેવા અને ધાર્મિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા અને ઈસ્લામોફોબિયાને કાબૂમાં લેવા માટે પગલાં લેવા વિનંતી કરી. ફેસબુક પર શેર કરાયેલા એક નિવેદનમાં, હરમૈન શરીફાઈને જણાવ્યું હતું કે, "હરમૈન શરીફાઈન ભારતીય પૂજારી દ્વારા કરવામાં આવેલ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ ટિપ્પણીની સખત નિંદા કરે છે, અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સાંપ્રદાયિક વિખવાદ ઉશ્કેરનારા તત્વોને રોકવા માટે હાકલ કરે છે અને ધાર્મિક સંવાદિતાને પ્રોત્સાહન આપતા ઈસ્લામોફોબિયાનો સામનો કરવા પગલાં લેવા કહે છે. આ નિંદા સોશિયલ મીડિયા પર એક વીડિયોને પગલે કરવામાં આવી છે જેમાં યતિનરસિંહાનંદ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે અપમાનજનક ટિપ્પણી કરતા સાંભળી શકાય છે. આ ઉશ્કેરણીજનક ટિપ્પણીના જવાબમાં જમ્મુ અને કાશ્મીર અને હૈદરાબાદ સહિત ભારતના કેટલાક ભાગોમાં વિરોધ ફાટી નીકળ્યો હતો. ગુરૂવારે, ૨૯ સપ્ટેમ્બરના રોજ ગાઝિયાબાદમાં એક કાર્યક્રમમાં ભડકાઉ ભાષણ આપવા બદલ નરસિંહાનંદ વિરૂદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, શનિવારે તેની અટકાયત કરવામાં આવી હતી. તેની સામે અમરાવતી, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં વધારાની ફ્રૈંઈ દાખલ કરવામાં આવી છે. AIMIMના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ હૈદરાબાદના પોલીસ કમિશનરને ઔપચારિક વિનંતી પણ મોકલી છે અને નરસિંહાનંદની અપમાનજનક ટિપ્પણી માટે તેમની સામે ફોજદારી કેસ નોંધવાની માંગ કરી હતી. નરસિંહાનંદ પર વિવિધ સમુદાયોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે, તેના વિરુદ્ધ સિહાની ગેટ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી ત્રિવેન્દ્ર સિંહની ફરિયાદ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ ધાર્મિક વિસંગતતાને ઉશ્કેરવા બદલ કેસ કરવામાં આવ્યો હતો. આ વિવાદાસ્પદ મહંત પર ડિસેમ્બર ૨૦૨૧માં હરિદ્વારમાં એક કોક્લેવમાં આપવામાં આવેલા દ્વેષપૂર્ણ ભાષણને લગતા આરોપો સહિત ઘણા કેસ પેન્ડિંગ છે, અને તે હાલમાં જામીન પર બહાર હતા.

### પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે નરસિંહાનંદની વિવાદાસ્પદ ટિપ્પણી વિવાદ વચ્ચે યોગી

# "કોઈપણ ધર્મ અથવા સંપ્રદાય સાથે જોડાયેલા દેવતાઓ, મહાપુરૂષો અથવા સંતો વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે અને તેના માટે સજા કરવામાં આવશે" : CM

(એજન્સી) તા.૭

ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવાર, ૭ ઑક્ટોબરે જણાવ્યું હતું કે કોઈપણ ધર્મ અથવા સંપ્રદાય સાથે જોડાયેલા દેવતાઓ, મહાપુરૂષો અથવા સંતો વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે અને આવું કરનારાઓને "સખ્ત સજા" કરવામાં આવશે. મુખ્ય સચિવ, ડીજીપી અને અન્ય અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરતા, મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું હતું કે વિરોધના નામે અરાજકતા, તોડફોડ અથવા આગ લગાડવી સ્વીકાર્ય નથી અને જે પણ આવું કરવાની હિંમત કરશે તેણે તેની કિંમત ચૂકવવી પડશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે દરેક સંપ્રદાય અને ધર્મની આસ્થાનું સન્માન કરવું જોઈએ. આદિત્યનાથે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દરેક નાગરિકમાં મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના હોવી જોઈએ, પરંતુ તેના માટે કોઈ દબાણ કરી શકાતું નથી અને તે કોઈ પર લાદી શકાય નહીં. જો કોઈ વ્યક્તિ આસ્થા સાથે છેડછાડ કરશે, મહાપુરુષો, દેવી-દેવતાઓ, સંપ્રદાય વગેરેની આસ્થા વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરશે, તો તેને કાયદાના દાયરામાં લાવવામાં આવશે અને સખત સજા કરવામાં આવશે, પરંતુ દરેક સંપ્રદાય, ધર્મના લોકોએ દરેકનું સન્માન કરવું પડશે. આદિત્યનાથની ટિપ્પણી નરસિંહાનંદની પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ વાંધાજનક ટિપ્પણીની પૃષ્ઠભૂમિમાં આવી છે. ઘણા મુસ્લિમ સંગઠનોએ આ પૂજારીની ધરપકડ માટે હાકલ કરી છે, અને BSP, નેશનલ કોન્ફરન્સ અને સમાજવાદી પાર્ટી જેવા રાજકીય પક્ષોના નેતાઓ પણ તેમની સામે કડક કાર્યવાહી માટે માંગ કરી છે.

**નરસિંહાનંદ, અન્ય દસના દેવીના પૂજારીઓ સામે કેસ :** ૩ ઓક્ટોબરના રોજ સબ-ઈન્સ્પેક્ટર ત્રિવેન્દ્ર સિંહે નરસિંહાનંદ વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે ૧૯ સપ્ટેમ્બરના રોજ, તેમણે લોહિયા નાગામાં હિન્દી ભવનમાં એક કાર્યક્રમ દરમિયાન સમુદાય વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. સિંઘે આને BNSની કલમ ૩૦૨નું ઉલ્લંઘન ગણાવ્યું છે, જે કોઈની ધાર્મિક લાગણીઓને ઈરાદાપૂર્વક ઠેસ પહોંચાડવા માટે શબ્દો ઉચ્ચારવા અથવા અવાજ ઉઠાવવાના ગુના સાથે સંબંધિત છે. પોતાના ભાષણ દરમિયાન તેણે લોકોને પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના પૂતળા બાળવા માટે ઉશ્કેર્યા હતા જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વેવ સિટી પોલીસ સ્ટેશનના દાસના વિસ્તારના ઈન્ચાર્જ સબ ઈન્સ્પેક્ટર અને એરિયા બીટ ભાનુ



પ્રકાશ સિંહે બીજી એફઆઈઆર નોંધાવી હતી. આ ફરિયાદમાં, પૂજારીના શિષ્યો-અનિલ યાદવ છોટા નરસિમહાનંદ, યતિ રણ સિંઘાનંદ, યતિ રામ સ્વરૂપાનંદ અને દાસના મંદિરના યતિ નિર્ભયાનંદ પર વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ છે, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોવા મળ્યો હતો. નરસિંહાનાદની ટિપ્પણી પર વિરોધ બાદ, દેશભરમાં અનેક FIR દાખલ કરવામાં આવી હતી, તેમના સહાયક અનિલ યાદવે ઈસ્લામના પયગમ્બર (સ.અ.વ.) સાહેબ અને ખલીફાઓના પૂતળાં બાળવાની ધમકી આપી હતી. ઓનલાઈન સામે આવેલા એક વીડિયોમાં યાદવ ઉર્ફે 'છોટા નરસિંહાનંદ' એ દાવો કર્યો છે કે વિરોધ પ્રદર્શન એટલા માટે કરવામાં આવી રહ્યા છે કારણ કે લોકોએ નિવેદનનું "ખોટું અર્થઘટન" કર્યું છે. હું નરસિંહાનંદ વિરૂદ્ધ દેશવ્યાપી વિરોધ અંગે સંદેશ આપવા માંગુ છું. તેમના નિવેદનની ગેરસમજ કરવામાં આવી છે, અને નરસિંહાનંદના પૂતળાઓને વિવિધ સ્થળોએ સળગાવવામાં આવ્યા છે. યાદવે ગાઝિયાબાદ કલેક્ટર કચેરીમાં પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ અને ખલીફા હઝરત અલી (ર.અ.) અને હઝરત અબુ બકર સિદ્દીક (ર.અ.)ના પૂતળાં બાળવાની ધમકી આપી હતી. નરસિંહાનંદ વિરૂદ્ધ તેલંગાણાના હૈદરાબાદ અને મહારાષ્ટ્રમાં ૨ સહિત વિવિધ રાજ્યોમાં અનેક FIR દાખલ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ પોલીસ પ્રશાસનને પણ નિર્દેશ આપ્યો કે દરેક જિલ્લા અને દરેક પોલીસ સ્ટેશને આગામી તહેવારો આનંદ અને સંવાદિતા સાથે ઉજવવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈએ. વાતાવરણને બગાડનારાઓને ઓળખો અને તેમની સામે કડક પગલાં લો. જેઓ કાયદાની વિરૂદ્ધ કામ કરે છે તેમની સાથે કડક વ્યવહાર કરો. મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભીડભાડવાળા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને પોલીસ રિસ્પોન્સ વાહનો વધુ સઘન બનાવવા જોઈએ. તેમણે કહ્યું કે મહિલાઓની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવી જોઈએ.

# PM નરેન્દ્ર મોદીની જાહેર સેવાની લાંબી યાત્રા એ સહુ માટે પ્રેરણાની જીવંત ગાથા : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર જીવનમાં સેવાની લાંબી યાત્રા એ સમર્પણની વિલક્ષણ પ્રેરણાદાયક યાત્રા છે જે બતાવે છે કે, કેવી રીતે એક વ્યક્તિએ તેમનું સમગ્ર જીવન દેશના હિતમાં અને



**સમસ્યાઓ તરફ ટુકડે-ટુકડે જોવાને બદલે વડાપ્રધાન મોદીએ નક્કર સમગ્રપણે નિરાકરણનો દેશને સંદેશો અને નવી દૃષ્ટિ આપ્યા છે**


પ્રજાના કલ્યાણમાં સમર્પિત કર્યું છે એટલે એમની જીવનયાત્રા એ પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને ત્યારબાદ વડાપ્રધાન તરીકે મોદીએ જાહેર જીવનમાં ૨૩ વર્ષ પરિપૂર્ણ કર્યા છે તેમના આ હોદ્દાના આટલા વર્ષો એ બતાવે છે કે, એમની લાંબી સેવા યાત્રા જાહેર જીવનમાં કામ કરનારા લોકો માટે પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે. ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ લખી હતી કે, આજે વડાપ્રધાન મોદીજીએ એમના જાહેર જીવનમાં મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદના હોદ્દા પરના ૨૩ વર્ષ પરિપૂર્ણ કર્યા છે આ એક વિલક્ષણ જાહેર સેવાનું એવું ઉદાહરણ છે જે બતાવે છે કે, એક વ્યક્તિએ દેશના હિતમાં અને પ્રજાના કલ્યાણ માટે જીવન આખું સમર્પિત કર્યું છે.

વડાપ્રધાન મોદીની જાહેર જીવનની યાત્રામા ગૃહમંત્રી અમિત શાહ સતત સાથી તરીકે ઓળખાઈ રહ્યા છે એટલે જ શાહ કહે છે કે, મને એમના જાહેર જીવનની લાંબી યાત્રાને નજીકથી જોવાનો મોકો મળ્યો એ મારૂં સદ્ભાગ્ય છે.

**ક્યા બાત હૈ ?!**

**મેં તો એક જોડી સારા કપડા રાખ્યા છે જે પહેરીને હું ગમે તેના લગ્નના રિસેપ્શનમાં જઈને જમી આવું છું ! કોઈને ખબર પણ નથી પડતી !**



- જામી

# હરિયાણામાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજીવ અરોરાના નિવાસસ્થાન પર નાણાં હેરફેર કેસ સબબ ગુરૂગ્રામ ખાતે EDના દરોડા

**આપના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ ટ્વિટ કર્યું કે અમારા સાંસદ જે વેપારી પણ છે, એમના પર ED દ્વારા દરોડા પાડવાનું પગલું પક્ષને તોડી પાડવાનો પ્રયાસ છે, પણ આપના સભ્યો અટકશે નહીં અને વેચાશે નહીં અને ડરશે પણ નહીં**

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૭

આમ આદમી પાર્ટીના રાજ્ય સભાના સભ્ય સંજીવ અરોરાના ગુરૂગ્રામ ખાતે આવેલા નિવાસસ્થાન પર આજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નાણાકીય હેરફેરના કેસ સબબ દરોડા પાડવામાં આવ્યા હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જમીન ગોટાળા કેસ સાથે સંકળાયેલા નાણાકીય હેરફેરના મામલાની તપાસ સંદર્ભમાં સંજીવ અરોરા અને અન્યના નિવાસ પર રેડ કરવામાં આવી છે. અરોરા પંજાબના છે અને ગુરૂગ્રામ હરિયાણાથી રાજ્યસભાના સભ્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે. એમના નિવાસસ્થાન અને લુધિયાણામાં અન્ય કેટલાક લોકોના આવાસો પર સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આપના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ટ્વિટ કર્યું હતું કે અમારા સાંસદ જે વેપારી પણ છે એમના પર રેડ કરવાનું પગલું પક્ષને તોડી નાખવાનો પ્રયાસ છે. પરંતુ આપના સભ્યો ન તો અટકવાના છે કે ન તો વેચવાના છે કે ન તો ડરવાના છે.

# ચેન્નાઈમાં વકફ સુધારા બિલના વિરોધમાં મુસ્લિમોની રેલી

## વકફ સુધારા ખરડાનો જોરદાર વિરોધ અને તાત્કાલિક પાછો ખેંચવા માગણી

(એજન્સી) ચેન્નાઈ, તા.૭

ફેડરેશન ઓફ તમિલનાડુ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન્સ અને રાજકીય પક્ષોના નેજા હેઠળ ચેન્નાઈમાં ઈગમોર ખાતે રાજા રત્નમ સ્ટેડિયમમાં યોજાયેલી જંગી વિરોધ રેલી અને સભામાં હજારો મુસ્લિમો જોડાયા હતા અને સૂચિત વકફ સુધારા ખરડા ૨૦૨૪નો સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને એકી અવાજે હજારો લોકોએ આ ખરડો તાત્કાલિક પાછી ખેંચી લેવાની જોરદાર માગણી કરી હતી. નામાંકિત આગેવાનો તેમજ ધારાશાસ્ત્રીઓ, સમાજના મજહબી નેતાઓ અને વેપારી તથા ઉદ્યોગપતિઓ અને આમ નાગરિકો આ વિરોધ રેલીમાં જોડાયા હતા. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પ્રાઈવેટ લો બોર્ડના મહામંત્રી મૌલાના બસલુર રહીમ મુજાથીદી અને અન્ય નામાંકિત મુસ્લિમ આગેવાનો અને મહાનુભાવો જોડાયા હતા અને આ વિરોધ રેલી અને સભાની આગેવાની ફેડરેશનના પ્રમુખ મૌલાના ખાજા મોઈનુદ્દીન બકાવીએ લીધી હતી. અન્ય નામાંકિત આગેવાનોમાં રાજ્યસભામાં ડીએમકેના નેતા ત્રિચી શિવા તેમજ તમિલનાડુ કોંગ્રેસ કમિટીના પ્રમુખ કે સેલવાપેરૂમ તગાઈ તેમજ ડોક્ટર તિરૂવલ્લ **માયાલાવન** ઉપસ્થિત રહ્યા હતા. માર્કસવાદી પક્ષના આર સચ્ચિથાનંદમ, CPIના સાંસદ કે એ શુબપારાયણ તેમજ કાલીકટની શાહી જામા મસ્જિદના પેશ ઈમામ મોલવી હુસેન મદવપુર પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવચન કરીને એમના વિચારો વ્યક્ત કર્યા હતા અને આ ખરડાનો સખત સજ્જડ વિરોધ કર્યો હતો



અને મુસ્લિમોને પણ તેનો વિરોધ કરવા માટે આગળ આવવાની અપીલ કરી હતી.

અન્ય વક્તાઓ પ્રોફેસર એમ. એચ. જવાહરૂલ્લાહ તેમજ ઉમર ફારૂક અને જમાતે ઈસ્લામી હિન્દના તામિલનાડુના પ્રમુખ મોલવી હનીફા મુંબઈ પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવચનો પ્રાસંગિક કર્યા હતા. એમના પ્રવચનોમાં તમામ નામાંકિત વક્તાઓએ ખરડાને લગતી ચિંતાજનક જોગવાઈઓ પર પ્રકાશ ફેંક્યો હતો અને મુસ્લિમોને તેની સમજણ આપી હતી અને આ જોગવાઈઓના ભય વિશે જાગૃત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ સુધારા ખરડો બંધારણે લઘુમતીઓને આપેલા અધિકારોને નબળા પાડીને મુસ્લિમોને તેનાથી વંચિત કરી દેશે. એટલું જ નહીં જે સુધારા દાખલ કરવામાં આવ્યા છે એ મુસ્લિમો માટે પક્ષપાતી છે અને મુસ્લિમો તરફ ભેદભાવ કરશે. જે-જે લોકોએ વકફની જમીનો દબાવી લીધી છે અને દબાણો કર્યા છે તેના માટે સાવ મામૂલી પેનલ્ટી રાખવામાં આવી છે તેથી દબાણકારોને જ ફાયદો થશે અને આ જમીનો ખાલી થશે નહીં બલકે જમીન માફિયાઓ પાસે ચાલી જશે. એટલે ઉલટાનું આવી જમીનો પણ દબાણ કરવાની વૃત્તિને વેગ મળશે એવી આશંકા તમામ વક્તાઓએ વ્યક્ત કરી હતી. મુસ્લિમ સમાજના તમામ આગેવાનો અને રાજકીય પક્ષોના અગ્રણીઓ તથા આલિમોએ પણ એક અવાજે આ સૂચિત સુધારા ખરડાને ગેરબંધારણીય અને ભેદભાવભર્યો ગણાવ્યો હતો અને વકફ બોર્ડની સત્તા પર તરાપ સમાન ગણાવીને મિલકતો માટે જોખમરૂપ ગણાવ્યો હતો અને તાત્કાલિક પાછો ખેંચવાની માગણી કરી હતી.

# જમ્મુ અને કાશ્મીરમાં મતગણતરી પહેલાં, LG દ્વારા પાંચ નામાંકિત વિધાનસભ્યોના નામાંકન દ્વારા ભાજપના લાભ અંગે પ્રશ્નો

(એજન્સી) તા.૭

૮ ઓક્ટોબરે અગાઉના રાજ્ય જમ્મુ અને કાશ્મીરમાં સત્તાવાર રીતે મત ગણતરી શરૂ થાય તે પહેલાં જ ભારતીય જનતા પાર્ટી પાસે સીટો જીતેલી કોલમમાં પાંચ ધારાસભ્યો હશે. લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) અધિનિયમ ૨૦૨૩ મુજબ આ પાંચ ધારાસભ્યો નવી વિધાનસભામાં નામાંકિત કરવામાં આવશે. જો કે, તે સ્પષ્ટ થઈ ગયું છે કે, ભાજપને જમ્મુ અને કાશ્મીરમાં આગામી સરકાર બનાવવા માટે જરૂરી સંખ્યા ઓછી પડી શકે છે, જ્યાં એક દાયકાથી વધુ સમય પછી ચૂંટણી યોજાઈ રહી છે. આ નામાંકિત ધારાસભ્યો સરકારની રચનામાં શું ભૂમિકા ભજવશે તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.

જમ્મુ અને કાશ્મીરના અગ્રણી વકીલો પૈકી એક શેખ શકીલ કહે છે કે, આ નામાંકિત ધારાસભ્યોને મતદાનનો અધિકાર હશે. સામાન્ય રીતે અને બંધારણીય રીતે નવી સરકારનો અધિકાર હોવો જોઈએ કે એલજીને આવા વ્યક્તિઓના નામની ભલામણ કરે, જેમણે કેબિનેટની સહાય અને સલાહ પર તેમના આદેશો જારી કર્યા હોવા જોઈએ. જો કે, જમ્મુ અને કાશ્મીરના કિસ્સામાં તે તે ખૂબ જ શંકાસ્પદ છે અને તે ગેરબંધારણીય પણ હોઈ શકે છે. આ LGને આપવામાં આવેલ વિવેકાધીન ક્વોટા છે અને તેથી તે બંધારણીય મૂલ્યોની વિરુદ્ધ છે. શું તે જનતાના આદેશને છીનવી લેવાનો માર્ગ નથી?

કેન્દ્ર સરકારે ગત ૧૫ ડિસેમ્બરે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) અધિનિયમ ૨૦૨૩ સૂચિત કર્યું, જેમાં એલજીને આ નોમિનેટ કરવાની સત્તા આપવામાં આવી. વિધાનસભાના બે સભ્યો



- તેમાંથી એક મહિલા જે કાશ્મીરી સ્થળાંતર સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે અને એક સભ્ય પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (PoJK)ના વિસ્થાપિત વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ બે મહિલાઓ સિવાય અન્ય અગાઉના કાયદા મુજબ ધારાસભ્ય તરીકે નામાંકિત કરવામાં આવશે. 'કાશ્મીરી સ્થળાંતર સમુદાય'નો અર્થ માત્ર કાશ્મીરી પંડિતો જ નથી, પરંતુ કાશ્મીરી મુસ્લિમો પણ છે, જેમાંથી ઘણા આતંકવાદીઓના ભયને કારણે સ્થળાંતર કરી ગયા હતા, તેઓ ધારાસભ્ય તરીકે નામાંકિત થવાને પાત્ર હોઈ શકે છે. આ શ્રેણી હેઠળ પાત્ર બનવા માટેના બે માપદંડો છે : કાશ્મીર ખીણ અથવા જમ્મુ અને કાશ્મીર રાજ્યના અન્ય કોઈપણ ભાગમાં નવેમ્બર ૧, ૧૯૮૯ પછી સ્થળાંતર કરનાર વ્યક્તિ અને જે રાહત કમિશનરમાં નોંધાયેલ છે. આવા સ્થળાંતર કરનારાઓમાં એવી વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે કે, જેઓ કોઈપણ ઓફિસમાં સરકારી સેવામાં હોવાને કારણે નોંધાયેલ ન હોય અથવા છેલ્લે તેઓ જ્યાંથી સ્થળાંતર થયા હતા તે સ્થળે સ્થાવર મિલકત ધરાવે છે પરંતુ વિક્ષેપિત પરિસ્થિતિઓને કારણે ત્યાં રહેવા માટે અસમર્થ છે. આ માપદંડ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી અને જો કોઈ હોય તો તેનું પાલન વર્તમાન એલજી મનોજ સિન્હા દ્વારા કરવામાં આવશે, જે એક 'બહારના વ્યક્તિ' છે, આ પાંચ ધારાસભ્યોને પસંદગી માટે ખૂબ જ બિનકાર્યક્ષમ છે. અન્ય એડવોકેટે કહ્યું કે, તેઓ ચોક્કસપણે ભાજપના સમર્થકો હશે, જેમની પાસેથી અન્ય કોઈપણ પક્ષને બદલે ભાજપને સમર્થન આપવાની અપેક્ષા રાખી શકાય છે. હું જે સમજી શકતો નથી કે શા માટે વિપક્ષે અત્યાર સુધી તેને પડકારવાનું પસંદ કર્યું નથી. પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાંથી વિસ્થાપિત વ્યક્તિઓના કાયદેસર અને વાસ્તવિક અધિકારો માટે સંઘર્ષનું નેતૃત્વ કરતી સંસ્થા એસઓએસ ઈન્ટરનેશનલના અધ્યક્ષ રાજીવ ચુની કહે છે કે, એલજીએ અનામત બેઠક માટે કોઈ રાજકીય પક્ષના ઉમેદવારનું નામાંકન ન કરવું જોઈએ. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં અનામત બેઠકને કોઈપણ રાજકીય રીતે જોડાયેલા વ્યક્તિ માટે ગણવામાં આવવી જોઈએ નહીં.

તે કહે છે કે, વિસ્થાપિત સમુદાયના હિતોનું સાચા અર્થમાં પ્રતિનિધિત્વ કરવાના તેના હેતુને પૂર્ણ કરવો જોઈએ. જો આપણે ખરેખર PoJK શરણાર્થીઓની જરૂરિયાતોને સંબોધવા માંગતા હોઈએ, તો બિન-રાજકીય નોમિનીને ધ્યાનમાં લેવા જોઈએ. ઘણા રાજકીય વ્યક્તિઓએ વિધાનસભા અને ઉચ્ચ ગૃહ બંનેમાં આ સમુદાયનું પ્રતિનિધિત્વ કર્યું છે, તેમ છતાં તેઓ અર્થપૂર્ણ પરિણામો આપવામાં નિષ્ફળ રહ્યા છે.

ચુનીએ એ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે જો સરકારના દાવા પ્રમાણે, પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે તો પછી કાશ્મીરી સ્થળાંતર કરનારાઓ પાછા આવીને ત્યાં ચૂંટણી કેમ લડી શકતા નથી? અમે અહીં શું સંદેશ મોકલી રહ્યા છીએ? કે કાશ્મીરી સ્થળાંતર કરનારાઓ માટે ઘરે પાછા ફરવું હજુ પણ અસુરક્ષિત છે? જો કે, રાજ્ય સરકારના સૂત્રો કહે છે કે, તેનો વિરોધ હોવા છતાં LG ફરીથી વિચારણા કરશે નહીં અને ચોક્કસપણે તે એવી વ્યક્તિઓને નોમિનેટ કરશે જે તે ભૂમિકા માટે યોગ્ય છે.

# 'મલાપ્પુરમમાં મોટાભાગના સોનાના દાણચોરો મુસ્લિમ' ડાબેરી ધારાસભ્ય કે.ટી. જલીલે વિવાદ સર્જ્યો

(એજન્સી) તા.૭

મલાપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરીમાં સંડોવાયેલા મોટાભાગના લોકો મુસ્લિમ સમુદાયના છે તેવી રવિવારે ડાબેરી ધારાસભ્ય કેટી જલીલની ટિપ્પણીથી વિવાદ સર્જાયો હતો. IUML અને અસંતુષ્ટ ધારાસભ્ય પીવી અનવરે આ અંગે તીખી પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ફેસબુક' પર એક વિગતવાર પોસ્ટમાં, શાસક પક્ષના ધારાસભ્યએ કહ્યું કે સોનાની દાણચોરી અને હવાલા જેવા ગુનાઓમાં સામેલ મુસ્લિમોનો મોટો વર્ગ માને છે કે આમાંથી કોઈ પણ પ્રવૃત્તિ 'અધાર્મિક' નથી. તેમણે આવા ગુનાઓમાં સંડોવાયેલા સભ્યોમાં જાગૃતિ લાવવા માટે સમુદાયના આગેવાનોના હસ્તક્ષેપની પણ હાકલ કરી હતી. તેમનું નિવેદન રાજ્યમાં ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનની મુસ્લિમ બહુમતી ધરાવતા મલાપ્પુરમ જિલ્લા વિશેની તાજેતરની વિવાદાસ્પદ ટિપ્પણીઓ વચ્ચે આવ્યું છે. એક ફેસબુક પોસ્ટમાં, જલીલે કહ્યું કે ગુનેગારો ગમે તે સમુદાયના હોય, સમુદાયના સભ્યો દ્વારા સખત વિરોધ વ્યક્ત કરવો જોઈએ. તેમણે કહ્યું, 'ખ્રિસ્તીઓએ ખ્રિસ્તી સમુદાયમાં થઈ રહેલી ખોટી બાબતોનો વિરોધ કરવા આગળ આવવું જોઈએ અને મુસ્લિમોએ મુસ્લિમો દ્વારા કરવામાં આવતા અપરાધો તરફ ધ્યાન દોરવું જોઈએ.' થાવનુર ધારાસભ્યએ કહ્યું કે હિંદુઓએ તેમના પોતાના સમુદાયમાં ખોટી પ્રથાઓ પર ધ્યાન આપવું જોઈએ નહીં તો અન્ય ધર્મો દ્વારા તેમને નીચે લાવવાના પ્રયાસ તરીકે આવી દખલગીરીનું ખોટું અર્થઘટન થઈ શકે છે. તેમણે કહ્યું, 'કરીપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ (મલાપ્પુરમ)ની આસપાસ સોનાની દાણચોરીના કેસમાં પકડાયેલા મોટાભાગના લોકો મુસ્લિમ સમુદાયના છે.' જલીલે પૂછ્યું, 'મુદ્દો ગમે તે હોય, મલાપ્પુરમ પ્રત્યે પ્રેમનો ઉપદેશ આપનારાઓ મુસ્લિમ સમુદાયમાં કયો સુધારો અને પ્રગતિ લાવવા માગે છે?' જલીલની પોસ્ટ પછી તરત જ, IUMLએ તેની આકરી ટીકા કરી અને તેને 'અત્યંત અપમાનજનક' ગણાવ્યું. IUMLના વરિષ્ઠ નેતા પીએમએ સલામે પૂછ્યું, 'તેમણે શું કહ્યું કે મુસ્લિમ સમુદાયના લોકો દાણચોરી કરે છે. તેને આ માહિતી ક્યાંથી મળી? તે કયા આધારે આવું બોલી રહ્યો છે?' અસંતુષ્ટ ધારાસભ્ય અનવરે પણ જલીલની ટિપ્પણી પર પ્રહાર કરતા કહ્યું કે જો થાવનુર ધારાસભ્યએ ખરેખર આવી ટિપ્પણી કરી હોય તો તે તેમના જાહેર જીવનમાં 'સૌથી ખરાબ વસ્તુ' હતી.

# 'અમે સાથે મળીને ચણાનું શાક અને રીંગણ સાથે 'તુવેરની દાળ' સાથેની 'હરભર્યાચી ભાજી' બનાવી : રાહુલ ગાંધીએ દલિત વ્યક્તિ, તેના પરિવાર સાથે રસોઈ પર હાથ અજમાવ્યો



(એજન્સી) નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસ સાંસદ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં દલિત સમુદાયના અજય તુકારામ સનડે અને તેમની પત્ની અંજના તુકારામ સનડે સાથે ભોજન વહેંચવાનો તેમનો અનુભવ દર્શાવવામાં આવ્યો હતો. વીડિયોમાં રાહુલ દંપતીની સાથે પરંપરાગત વાનગીઓ રાંધવામાં અને 'દલિત ભોજન' વિશે વધુ શીખવામાં ભાગ લેતા જોવા મળ્યા હતા. રસોઈ સત્ર દરમિયાન, કોંગ્રેસના નેતાએ દલિત ભોજન અને તેના સામાજિક અને રાજકીય મહત્વને સમજવામાં રસ દર્શાવ્યો હતો. X પરની એક પોસ્ટમાં રાહુલે કાર્યકર્તા શાહુ પટોલેને ટાંક્તા લખ્યું, : 'કોઈને ખબર નથી કે દલિતો શું ખાય છે.' ગાંધીએ સનેડે પરિવારના રસોડામાં સમય પસાર કર્યો, રીંગણ સાથે 'હરભર્યાચી ભાજી' અને 'તુવેરની દાળ' જેવી વાનગીઓ શીખી અને તૈયાર કરી. રાહુલે કહ્યું, 'તેમણે મને મહારાષ્ટ્રના કોલ્હાપુર સ્થિત તેમના ઘરે ખૂબ આદર સાથે આમંત્રણ આપ્યું અને મને રસોડામાં મદદ કરવાનો મોકો આપ્યો. એક પોસ્ટમાં રાહુલે કહ્યું, અમે સાથે મળીને 'હરભર્યાચી ભાજી', બનાવી જે ચણા, અને રીંગણને 'તુવેર દાળ' સાથે બનાવવામાં આવે છે'. તેમણે ઉમેર્યું, 'પટોલે જી અને સનેડે પરિવારના જાતિ અને ભેદભાવના અંગત અનુભવો વિશે વાત કરતાં, અમે દલિત ભોજન વિશે જાગૃતિના અભાવ અને આ સંસ્કૃતિના દસ્તાવેજીકરણના મહત્વ વિશે ચર્ચા કરી,'. રાંધવાની સાથે સાથે, રાહુલે જાતિ આધારિત ભેદભાવ સાથેના સનેડે પરિવારના અંગત અનુભવો સાંભળ્યા અને દલિત ખાદ્ય સંસ્કૃતિ વિશે જાગૃતિના અભાવ અને તેના દસ્તાવેજીકરણના મહત્વ વિશે ચર્ચા કરી. કોંગ્રેસના નેતાએ દલિત સમુદાયના સભ્ય સાહુ પટોલે જી સાથે દલિત મુદ્દાઓ વિશે ચર્ચા કરી, જેઓ હાલમાં 'દલિત કિચન ઑફ મરાઠવાડા' નામનું પુસ્તક લખી રહ્યા છે. રાહુલે જાતિ ભેદભાવના વ્યાપક મુદ્દાને સંબોધિત કરતી વખતે દલિત સંસ્કૃતિને જાળવવાની જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું. તેમણે કહ્યું, 'બંધારણ બહુજનને સહભાગિતા અને અધિકારો આપે છે, અને અમે તે બંધારણનું રક્ષણ કરીશું. પરંતુ સમાજમાં સાચો સમાવેશ અને સમાનતા ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે દરેક ભારતીય તેમના હૃદયમાં ભાઈચારાની ભાવના કેળવશે.'

# ઝોમેટોના CEO ગુરૂગ્રામના મોલ પર નારાજ; કહ્યું કે, ઓર્ડર લેવા જવા માટે મોલ દ્વારા લિફ્ટનો ઉપયોગ કરવાનો ઈન્કાર કરી દેવાયો અને ડિલિવરી બોય તરીકે હું ગયો હતો અને મને અટકાવી દીધો

## CEO દિપેન્દ્ર ગોયલે પોતાના ડિલિવરી બોયની પરિસ્થિતિ અને એમને થતાં અનુભવનો અંદાજો લેવા માટે અને પડકારો સમજવા માટે ડિલિવરી બોય બનવાની ભૂમિકા ભજવી અને જાતે વિગત મેળવી



(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જાણીતી ડિલિવરી કંપની ઝોમેટોના સીઈઓ દિપેન્દ્ર ગોયલે પોતાના ડિલિવરી બોયની કામગીરી અને તેમને કેવા પડકારોનો સામનો કરવો પડે છે અને કેવી પરિસ્થિતિ થાય છે તેનો જાતે અનુભવ મેળવવા માટે ડિલિવરી બોયની ભૂમિકા ભજવી હતી ત્યારે એમને ગુરૂગ્રામના એક જાણીતા મોટા મોલમાં કડવો અનુભવ થયો હતો અને ઓર્ડર લેવા જવા માટે એમને લિફ્ટનો ઉપયોગ કરવા દેવાયો નહોતો અને કહી દેવાયું હતું કે, સિડી પરથી જાઓ.

ડિલિવરી બોય તરીકે પડકારો શું છે તેનો જાતે અનુભવ મેળવવા માટે અને અભ્યાસ કરવા માટે ગોયલ અને એમના પત્ની ગ્રીસિયા મુનોઝ દ્વારા ભૂમિકા ભજવવામાં આવી હતી ત્યારે એમને ગુરૂગ્રામના એમ્બિયન્સ મોલમાં કડવો અનુભવ થયો હતો એ પછી ગોયલે જણાવ્યું હતું કે, મારા સેકન્ડ ઓર્ડર દરમિયાન મને જાણવા મળ્યું હતું કે, આપણે મોલ સાથે વધુ સારા અને નજદીકી સંપર્ક સાથે કામ કરવું પડશે અને મોલના સંચાલકો પણ ડિલિવરી પાર્ટનર સાથે વધુ માનવતાવાદી રીતે વર્તન કરે એ જરૂરી છે. ગોયલે ઝોમેટો ડિલિવરી એજન્ટ યુનિફોર્મમાં વીડિયો સંદેશો આપ્યો હતો. તેમણે કહ્યુ હતું કે, હું હલ્દીરામનો ઓર્ડર લેવા માટે ગુરૂગ્રામના એમ્બિયન્સ મોલ પહોંચ્યો ત્યારે મને સિડીઓ પરથી જવા માટે કહેવાયું હતું. એ પછી હું ફરી મુખ્ય પ્રવેશદ્વાર તરફ ગયો હતો અને મને જાણવા મળ્યું હતું કે, ડિલિવરી પાર્ટનર માટે લિફ્ટનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી અને એમને સિડી પર ચઢીને જવું પડે છે. ગોયલને ઓર્ડર લેવા માટે ત્રીજા માળે જવાનું હતું પણ એમને લિફ્ટનો ઉપયોગ કરવા દેવાયો નહોતો. છેવટે તેઓ ચૂપચાપ ગાર્ડની નજર ચૂકવીને લિફ્ટમાં ઉપર પહોંચી ગયા હતા. તેમણે પોતાના તમામ ડિલિવરી પાર્ટનર સાથે પોતાના અનુભવનું વર્ણન કર્યું હતું અને એમને માર્ગદર્શન આપ્યું હતું. આ લોકોએ એમનો વીડિયો જોઈને પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, માત્ર મોલ નહીં પણ ઘણી બધી સોસાયટીઓ અને રહેણાંક બિલ્ડિંગવાળા પણ ડિલિવરી બોયને મુખ્ય લિફ્ટનો ઉપયોગ કરવા દેતા નથી. એક ગ્રાહકે કહ્યું હતું કે, દરેક સોસાયટી તથા દરેક મોલ અને દરેક ઓફિસના સંચાલકોએ ડિલિવરી પાર્ટનરને લિફ્ટનો ઉપયોગ કરવા દેવો જોઈએ અને તેના નિયમ બનાવવા જોઈએ.

- **યુપીમાં કોલેજ હોસ્ટેલમાંથી એમબીબીએસના વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો, દીકરાની હત્યા થયાનો પિતાનો આક્ષેપ : પોલીસે એફઆઈઆર દાખલ કરી**
- **ઉત્તરાખંડ સરકાર દ્વારા સમાન સિવિલ કોડનો જલ્દીથી અમલ કરવાની તૈયારી**
- **કેરાલા સરકારે એડિ. ડીજીપી અજિતકુમારને કાયદો-વ્યવસ્થાની ફરજથી દૂર કર્યા**
- **પોતાને ભૂમાફિયા ગણાવવા બદલ કોંગ્રેસ નેતા ડોલી શર્મા સામે બદનક્ષીનો કેસ કરતા ભાજપના ગાઝિયાબાદ ખાતેના સાંસદ અતુલ ગર્ગ; FIR પણ દાખલ થઈ.**
- **હૈદરાબાદ ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ લડ્ડુ યાદવનો હુંકાર; દાંડિયા રાસમાં આવવું હોય તો 'ઘર વાપસી' કરો... મુસ્લિમોને પ્રવેશ ન કરવા દેવા ચેતવણી આપી.**
- **ભારતની 'પાડોશી પ્રથમ' નીતિમાં અગ્રસ્થાને માલદિવ છે : PM મોદીએ માલદિવના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુને હૈયાધારણ આપી.**
- **ચેન્નાઈ એરશોમાં ગરમીને કારણે મોત થયા છે, ભાગદોડથી નથી થયા; પાંચ મોત અંગે તમિલનાડુ આરોગ્ય મંત્રીનો ખુલાસો.**
- **UAPA કેસમાં ઉમર ખાલિદ અને શર્જિલ ઈમામની જામીન અરજી પર ૨૫મી નવેમ્બરે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી. 'નફરત સામે એક બનો' સંગઠનના સ્થાપક ખાલિદ સૈફી વગેરેની પણ જામીન અરજી.**
- **હિમાલયની ૧૭ હજાર ફૂટ ઉંચાઈ પર ફસાયેલી અમેરિકા અને યુકેની બે પર્વતારોહક મહિલાને ૭૨ કલાકની જહેમત બાદ ઉગારી લેતી વાયુસેના.**
- **'જમીન સાટે નોકરી' કેસમાં રાજદના સુપ્રિમો લાલુપ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવને જામીન આપતી દિલ્હી કોર્ટ : સમન્સને કારણે લાલુ અને બંને પુત્રો કોર્ટમાં ઉપસ્થિત થયા હતા.**
- **મલયાલમ અભિનેતા સિદીકની દુષ્કર્મ આરોપસર પૂછપરછ કરતી 'સિટ' : સુપ્રીમમાંથી કલાકારે ધરપકડ સામે વચગાળાનો સ્ટે મેળવ્યો છે.**
- **પ.બંગાળ : બીરભૂમની કોલસાની ખાણમાં ધડાકો થતાં સાત કામદારોનાં મોત, સંખ્યાબંધ ઘાયલ, ખાનગી કંપની ખાણ સંચાલન કરે છે.**

# એમ.પી. ડ્રગ્સની રાજધાની બની ગયાનો કોંગ્રેસનો આક્ષેપ, સી.એમ.ના રાજીનામાની માગણી

## ભોપાલના બાગરોડા ઔદ્યોગિક વિસ્તારમાંથી રૂા.૧૮૦૦ કરોડનું ડિઝાઈનર એમ.એમ. ડ્રગ્સનો જથ્થો મળી આવ્યા બાદ વિરોધ પક્ષો કાળઝાળ

(એજન્સી) ભોપાલ,તા.૭

તાજેતરમાં ભોપાલમાંથી રૂા. ૧૮૦૦ કરોડનું ડિઝાઈનર મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યા બાદ કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો છે કે મધ્યપ્રદેશ ડ્રગ્સની રાજધાની બની ગયું છે. ભાજપના રાજમાં એક પછી એક મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાઈ રહ્યું છે.

સી.એમ. મોહન યાદવના રાજીનામાની માગણી કરીને કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપના સિનિયર નેતાઓ ડ્રગ્સની પ્રવૃત્તિઓ કરતા માફિયાઓ સાથે સંકળાયેલા છે તાજેતરમાં ડ્રગ્સના જથ્થા સાથે શકમંદ તરીકે પકડાયેલા હરીશ અંજાના નામનો આરોપી નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડાની નજીક હોવાનો ખુલાસો થતા જોરદાર રાજકીય વિવાદ જાગી ઉઠયો છે. ડેપ્યુટી સી.એમ. સાથે ડ્રગ્સ માફિયાની તસવીરો સોશિયલ મીડિયા પર ફરતી થઈ છે. એટલે આ કૌભાંડ રાજ્યભરમાં ગાજી ઉઠયો છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જીતુ પટવારીએ આક્ષેપ કર્યો છે કે ડ્રગ્સના વધતા જતા કારોબાર સામે વહીવટીતંત્ર આંખ મિચામણા કરી રહ્યું છે. ભોપાલમાં ડ્રગ્સનુ ઉત્પાદન થઈ રહ્યું હોવા છતાં પોલીસને ગંધ પણ આવી ન હતી. પોલીસના મિલાપી પણા સિવાય આ કેવી રીતે શકય બને?

કોંગ્રેસના સિનિયર નેતા અને પૂર્વ સી.એમ. દિગ્વિજયસિંહે ભાજપ પર ભારે જોરદાર પ્રહારો કર્યા હતા. અને સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે ડ્રગ્સના નાણામાંથી ભાજપ નેતાઓ ગજવા ભરી રહ્યા છે. શાસક તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર છે ભાજપ અને આરએસએસ સુધી પક્ષના નામે કેટલાક નાણા પહોંચે છે. એ તમે જાણી શકો ખરા? તેમણે પોલીસની પણ મજાક ઉડાવી હતી અને કહ્યું કે એમ.પી.ની રાજધાનીમાં ડ્રગ્સની ફેકટરી ચાલતી હતી છતાં પોલીસ બેખબર હતી.રૂ ગુજરાત એટીએસ અને એનસીબીની ટીમોએ ભોપાલમાંથી ડ્રગ્સની ફેકટરી પકડી પાડી હતી. એ પછી હરિશ અંજાના ઉપરાંત અમિત ચતુર્વેદી તથા સાનિયાલ બાનેની ધરપકડ કરવામાં આવી હતી. એ પછી મધ્યપ્રદેશને વિવાદ હચમચાવી રહ્યો છે.

# હિંદુઓને લઘુમતી સંચાલિત શાળાઓને સમર્થન ન આપવાનું કહેવા બદલ કર્ણાટકના લેક્ચરર પર ગુનો નોંધવામાં આવ્યો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૭

મેંગ્લોર યુનિવર્સિટીના લેક્ચરર અને રિસર્ચ સ્કોલર પર હિંદુઓને તેમના બાળકોને ધાર્મિક લઘુમતીઓ દ્વારા સંચાલિત શાળાઓમાં ન મોકલવા અને તેમની માલિકીના લગ્ન હોલ ભાડે ન રાખવાની સલાહ આપવા બદલ કેસ કરવામાં આવ્યો છે.

મેંગ્લુરૂ પોલીસે અરૂણ ઉલ્લાલ પર કથિત રીતે મેંગ્લુરૂ નજીક કિન્યામાં એક કાર્યક્રમમાં વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ કેસ કર્યો હતો. ઉલ્લાલે દાવો કર્યો હતો કે, લઘુમતી સંચાલિત શાળાઓ અને મેરેજ હોલમાંથી થતી આવકનો એક ભાગ વિદેશમાં મોકલવામાં આવે છે અને તેઓએ હિંદુઓને તેમને સમર્થન ન આપવા વિનંતી કરી હતી. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ તેઓ નવપરિણીત યુગલોના સન્માન માટે આયોજિત એક કાર્યક્રમમાં સભાને સંબોધિત કરી રહ્યા હતા.

પોલીસે શનિવારે ઉલ્લાલ વિરુદ્ધ ભારતીય ન્યાયસંહિતાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. તેમના ભાષણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. એક સમયે લઘુમતી સંચાલિત કોલેજમાં ભણાવતા ઉલ્લાલે કહ્યું કે, જો તેણે તેના પૂર્વ એમ્પ્લોયરના હોલમાં લગ્ન કર્યા હોત તો તેને ડિસ્કાઉન્ટ મળી શક્યું હોત પરંતુ તેણે તેના બદલે હિંદુ માલિકીની જગ્યા પસંદ કરી હતી. ઉલ્લાલે હિંદુઓને અન્ય લોકો દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓને ધ્યાનમાં લીધા વિના તેમના સમુદાયની માલિકીની સુવિધાઓનો ઉપયોગ કરવા માટે પ્રાધાન્ય આપવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે, મેંગ્લુરૂમાં હિન્દુ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ઓછી નોંધણી છે માટે તેઓ અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે જ્યારે લઘુમતી જૂથો દ્વારા ચલાવવામાં આવતી સંસ્થાઓ સમૃદ્ધ થઈ રહી છે. ઉલ્લાલના કોઈ જાણીતા રાજકીય જોડાણો ન હોવા છતાં તેમના આ લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમો વિરુદ્ધની તેમની આ દ્વિધા અને તેમના વ્યવસાયો અને સંસ્થાઓનો બહિષ્કાર કરીને મુસ્લિમોને પછાત રાખવાની હિંદુત્વ વ્યૂહરચનાનો એક ભાગ તરીકે જોવામાં આવે છે.

# ISRO ભરતી ૨૦૨૪ : ૧૦૩ જગ્યાઓ માટે સરકારી નોકરીની ખાલી જગ્યાઓ, ૨,૦૮,૭૦૦ રૂપિયા સુધીનો પગાર, યોગ્યતા તપાસો

(એજન્સી) તા.૭

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તેની નવીનતમ ભરતી પ્રક્રિયા હેઠળ ઘણી નોકરીઓ માટે અરજીઓ આમંત્રિત કરી છે. આ ભરતીનો હેતુ મેડિકલ ઓફિસર-SD, મેડિકલ ઓફિસર-SC, સાયન્ટિસ્ટ એન્જિનિયર-SC, ટેક્નિકલ આસિસ્ટન્ટ, સાયન્ટિફિક આસિસ્ટન્ટ, ટેકનિશિયન-B, ડ્રાફ્ટ્સમેન-બી અને આસિસ્ટન્ટ (રાજભાષા) સહિતની વિવિધ જગ્યાઓ માટે ૧૦૩ ખાલી જગ્યાઓ ભરવાનો છે. લાયક અને રસ ધરાવતા ઉમેદવારો ISROની સત્તાવાર વેબસાઈટ, isro.gov.in પર જઈને આ પોસ્ટ માટે અરજી કરી શકે છે. અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ ઓક્ટોબર ૯, ૨૦૨૪ છે. તમામ પોસ્ટ્સ બેંગલુરૂમાં છે, ખાસ કરીને ISROના હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર (HSFC) માટે. સત્તાવાર સૂચના અનુસાર, આ પોસ્ટ્સ હાલમાં અસ્થાયી હોવા છતાં, તે અનિશ્ચિત સમય માટે ચાલુ રહેશે તેવી દરેક શક્યતા છે. ઉંમર મર્યાદા : પોસ્ટ માટે વય મર્યાદા નીચે મુજબ છે : મેડિકલ ઓફિસર (S.D.) : ૧૮થી૩૫ વર્ષ મેડિકલ ઓફિસર (S.C.) : ૧૮થી૩૫ વર્ષ વૈજ્ઞાનિક ઈજનેર (S.C.) : ૧૮થી૩૦ વર્ષ ટેક્નિકલ આસિસ્ટન્ટ : ૧૮થી૩૫ વર્ષ સાયન્ટિફિક આસિસ્ટન્ટ : ૧૮થી૩૫ વર્ષ ટેકનિશિયન (B) :



૧૮થી૩૫ વર્ષ ડ્રાફ્ટમેન (B) : ૧૮થી૩૫ વર્ષ સહાયક (સત્તાવાર ભાષા) : ૧૮થી૨૮ વર્ષ વધુમાં, એસ.સી. અને એસ.ટી. કેટેગરીના ઉમેદવારોને વયમાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે અને O.B.C. ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટછાટ મળશે, પરંતુ માત્ર આ કેટેગરી માટે અનામત જગ્યાઓ માટે. પગાર : સત્તાવાર નોટિફિકેશનમાં જણાવ્યાં મુજબ પસંદ કરાયેલા ઉમેદવારોનો પગાર પોસ્ટના આધારે રૂા.૨૧,૭૦૦થી રૂા.૨,૦૮,૭૦૦ સુધીનો હશે. પસંદગી પ્રક્રિયા : આ જગ્યાઓ માટેની પસંદગી પ્રક્રિયામાં લેખિત પરીક્ષાનો સમાવેશ થશે. ઉમેદવારોને ૧:૫ ના રેશિયોમાં શોર્ટલિસ્ટ કરવામાં આવશે, એટલે કે દરેક પોસ્ટ માટે ઓછામાં ઓછા ૧૦ ઉમેદવારોને બોલાવવામાં આવશે. શોર્ટલિસ્ટેડ ઉમેદવારો પછી ઈન્ટરવ્યુ માટે આગળ વધશે, ત્યારબાદ દસ્તાવેજની ચકાસણી અને તબીબી તપાસ થશે. આ પોસ્ટ્સ માટે અરજી કરવા માટે નીચે આપેલા પગલાં અનુસરો : ISROની સત્તાવાર વેબસાઈટ isro.gov.inની મુલાકાત લો. હોમપેજ પર ISRO ભરતી ૨૦૨૪ની લિંક પર ક્લિક કરો. જરૂરી માહિતી સાથે અરજી ફોર્મ ભરો. જરૂરી દસ્તાવેજો અપલોડ કરો. ફોર્મ સબમિટ કરો અને ભાવિ સંદર્ભ માટે એક નકલ ડાઉનલોડ કરો. ઉમેદવારોને ખાલી જગ્યાઓ, પાત્રતા માપદંડો અને અરજી પ્રક્રિયા સંબંધિત વધુ વિગતવાર માહિતી માટે ISRO વેબસાઈટ પર સત્તાવાર સૂચના જોવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# બે મહિનામાં જાહેર સ્થળો પરથી ૬૦૪ 'અનધિકૃત ધાર્મિક માળખાં' હટાવવામાં આવ્યા છે : ગુજરાત સરકારની હાઈકોર્ટ સમક્ષ રજૂઆત

(એજન્સી) તા.૭

ગુજરાત સરકારે ગયા અઠવાડિયે હાઈકોર્ટને જાણ કરી હતી કે, જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે પાર્ક અને શેરીઓ જેવા જાહેર સ્થળો પરથી ૬૦૦થી વધુ 'અનધિકૃત ધાર્મિક બાંધકામો' દૂર કરવામાં આવ્યા છે.

ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે તેના ૧ ઓક્ટોબરના આદેશમાં સરકારને જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય જગ્યાઓમાંથી 'અનધિકૃત ધાર્મિક માળખાં'ની ઓળખ અને તેને દૂર કરવા સંબંધિત 'પ્રગતિ અહેવાલ' રેકોર્ડ પર મૂકવા જણાવ્યું હતું. કોર્ટ રાજ્યમાં અનધિકૃત બાંધકામો અને અતિક્રમણને લગતી ૨૦૦૬ની અરજીની સુનાવણી કરી રહી હતી.

હાઈકોર્ટે તેના આદેશમાં ૨૦૦૬ની સ્પેશિયલ લીવ પિટિશન (SLP)માં જારી કરાયેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશોના પાલનમાં થયેલી પ્રગતિ દર્શાવવા માટે કોર્ટના ૨૨ જુલાઈના આદેશને ધ્યાનમાં રાખીને ગૃહ વિભાગના સચિવની એફિડેવિટમાં કરેલી રજૂઆતોની નોંધ લીધી હતી.

આ આદેશમાં નોંધવામાં આવ્યું છે કે, એવું જણાવવામાં આવ્યું છે કે, અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ માટેના પગલાં શરૂ થઈ



ગયા છે અને વાસ્તવિક જમીની વાસ્તવિકતા, આવા બાંધકામોને કારણે થતાં જાહેર અવરોધના આધારે આવા બાંધકામોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ૧/૦૭/૨૦૨૪થી ૧૦/૦૯/૨૦૨૪ના સમયગાળા દરમિયાન આવા અનધિકૃત ધાર્મિક માળખા દ્વારા આવરી લેવામાં આવેલ વિસ્તારમાં તમામ ૬૦૪ ધાર્મિક બાંધકામો દૂર કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૧૮ જિલ્લા વિસ્તારોમાં અને ૨૮૬ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હતા.

કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, ૮૭ ધાર્મિક સંરચનાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને જાહેર શેરીઓ, સાર્વજનિક ઉદ્યાનો અને અન્ય સાર્વજનિક સ્થળો પરથી ૬ માળખાને નિયમિત કરવામાં આવ્યા છે. ત્યારબાદ કોર્ટે કહ્યું કે, ઉપરોક્તની નોંધ લઈને અમે આ કેસને ૦૩/૧૨/૨૦૨૪ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યે સુનવણી માટે પોસ્ટ કરીએ છીએ જેથી જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય સ્થળોએથી અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ અને તેને દૂર કરવા અંગેનો પ્રગતિ અહેવાલ અમારી સમક્ષ મૂકવામાં આવે. જાહેર સ્થળોએ આ આદેશના પાલનમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવનું વ્યક્તિગત સોગંદનામું આગામી નિયત તારીખે દાખલ કરવામાં આવશે.

# ફેક વીડિયો શોધી કાઢો, ઈનામ મેળવો મમતા બેનરજીએ મહિલાઓને કરી અપીલ

(એજન્સી) તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યની મહિલાઓને પોલીસને મદદ કરવા વિનંતી કરી. તેમણે મહિલાઓને નકલી વીડિયો અને ખોટી માહિતીને ઓળખવામાં પોલીસને મદદ કરવા કહ્યું જે ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો કરે છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ પોલીસને ગુનેગારોને ઓળખવામાં અને ધરપકડ કરવામાં મદદ કરશે તેમને પુરસ્કાર અથવા નોકરીની તકો મળશે. મુખ્યમંત્રી બેનરજીએ રવિવારે કોલકાતા પોલીસ બોડી ગાર્ડ લાઈન્સમાં દુર્ગા પૂજાનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન, તેણીએ કહ્યું કે જ્યારે પણ તમે ખોટી માહિતી ફેલાવો છો, ત્યારે હું તમને મહિલાઓને જવાબદારી સોંપું છું કે Facebook અને X પર જાઓ, તે છબીઓને 'ફેક' તરીકે માર્ક કરો અને તેને પોલીસ સાયબર ક્રાઈમ યુનિટને મોકલો. હું તમને એક થવા માટે પ્રોત્સાહિત કરું છું. સીએમ બેનરજીએ વધુમાં કહ્યું કે તમે (મહિલાઓ) વાસ્તવિક સ્ટાર છો. તમે સમાજને વધુ સારી રીતે સમજો છો. હું પોલીસને નિર્દેશ આપી રહ્યો છું કે તે મહિલાઓને ૧૦૦ રૂપિયાનું ઈનામ આપો જેઓ ગુનેગારોને ઓળખવામાં અને તેની ધરપકડ કરવામાં મદદ કરે છે અને તેમને નોકરીની તકો માટે પણ ધ્યાનમાં



લેવામાં આવે છે. તમે ઘર અને સમુદાય બંને બાબતોનું સંચાલન કરો છો. દુર્ગા પૂજાના અવસરે સીએમ મમતા બેનરજીએ પોલીસ ફોર્સમાં વધુ મહિલાઓ જોડાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, 'અમે પોલીસમાં થોડાં વર્ષો પહેલાંની સરખામણીએ અત્યારે વધુ મહિલાઓ છે. ભવિષ્યમાં અમે 'વિનર' પહેલ માટે હજી વધુ મહિલાઓની નિમણૂક કરીશું. હું પોલીસ ફોર્સમાં વધુ મહિલાઓને જોવા માંગુ છું.

# બ્રેડ વેચવાથી લઈને NEET પાસ કરવા સુધી : કાશ્મીરના આ કિશોરે ડૉક્ટર બનવાનું પોતાનું સ્વપ્ન કેવી રીતે સાકાર કર્યું

## કાશ્મીરના ઓગણીસ વર્ષના સજ્જાદ મેહરાજે તમામ અવરોધો સામે તેના બ્રેડ સ્ટોલના કામ અને અભ્યાસને સંતુલિત કરીને ૬૫૦ માર્ક્સ સાથે NEET UG પરીક્ષા પાસ કરી છે

(એજન્સી) તા.૭

કાશ્મીરના કુપવાડા જિલ્લાના ઓગણીસ વર્ષના સજજાદ મેહરાજે NEET UG પરીક્ષામાં ૭૫૦માંથી ૬૫૦ માર્કસ મેળવીને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ ખાસ કરીને એટલા માટે પ્રેરણાદાયી છે કારણ કે સજ્જાદ તેના અભ્યાસ સાથે બ્રેડ સ્ટોલ પણ ચલાવે છે. તેમના સમર્પણ અને અતૂટ પ્રતિબદ્ધતાએ સાબિત કર્યું છે કે નિશ્ચય માટે કોઈ સીમા નથી હોતી. કાશ્મીરના ઓગણીસ વર્ષના સજ્જાદ મેહરાજે અનેક પડકારો છતાં બ્રેડ સ્ટોલ અને અભ્યાસને સંતુલિત કરીને NEET UG પરીક્ષામાં ૬૫૦ માર્ક્સ સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

ફિઝિક્સવાલાના અલખ પાંડેને દર્શાવતા એક વાયરલ યુટ્યુબ વિડિયોમાં, સજ્જાદે નિખાલસતાથી તેની સફર શેર કરી છે, તે જણાવે છે કે તેણે તેના શિક્ષણના ઉદ્દેશ્ય પર પ્રશ્ન ઉઠાવનાર એક સહાધ્યાયીની નિરાશાને કેવી રીતે દૂર કરી હતી. તેણે કહ્યું હતું કે, શા માટે શેરીમાં બ્રેડ વેચનારને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે ? આમ કરીને તેઓ શું હાંસલ કરશે ?" આ નિરાશાજનક શબ્દો તેના મગજમાં ગુંજતા હતા. જો કે, તેમની બહેન તેમના ગામની પ્રથમ ડૉક્ટર હતી તેણીએ તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

સજ્જાદની દિનચર્યા વ્યસ્ત હોય છે. તેના સ્ટોલ પર દરરોજ સાતથી આઠ કલાક કામ કરીને, તે ફિઝિક્સવાલાના ઓનલાઈન લેક્ચરમાં સામેલ થાય છે અને તે લગભગ ૩૦૦ બ્રેડ તૈયાર કરે છે. તેનો દિવસ સવારે ૪ વાગ્યે શરૂ થાય છે, અને



તે ઘણીવાર સાંજે ૭ વાગ્યા સુધીમાં ઘરે પરત ફરે છે, આ તેના સપનાને પૂર્ણ કરવા માટે જરૂરી સંઘર્ષ અને બલિદાનનું ઉદાહરણ છે. ચોથા ધોરણથી, સજ્જાદ તેના ભાઈ સાથે ફૂટવેર અને ક્રોકરીનો સ્ટોલ ચલાવવા સહિત વિવિધ પારિવારિક વ્યવસાયોમાં સંકળાયેલો છે. તેના પિતાની માંદગી બાદ, સજ્જાદે પોતાનો નાન સ્ટોલ શરૂ કર્યો હતો. આવી મુશ્કેલીઓ છતાં, સજ્જાદે શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો, આઠમા ધોરણમાં તેના સ્થાનિક ક્લસ્ટરમાં ટોચનું સ્થાન મેળવ્યું અને નવમા ધોરણમાં કાશ્મીર શિક્ષણ પહેલ તરફથી શિષ્યવૃત્તિ મેળવી. તેમની શાળાના મુખ્ય શિક્ષકે તેમની તબીબી આકાંક્ષાઓને આગળ વધારવામાં મદદ કરવા માટે ફિઝીક્સવાલા પાસેથી રૂા.૨,૦૦૦માં ડિસ્કાઉન્ટેડ કોર્સ પણ ખરીદ્યો હતો. સજ્જાદની મોટી બહેને પણ NEET પરીક્ષા પાસ કરી હતી અને હાલમાં તે જીએમસી, શ્રીનગરમાં બીજા વર્ષની MBBS વિદ્યાર્થી છે. તેના પિતાનું પ્રોત્સાહન મહત્ત્વનું છે; મર્યાદિત ઔપચારિક શિક્ષણ હોવા છતાં, તેમણે હંમેશા તેમના બાળકોના અભ્યાસને પ્રાથમિકતા આપી છે. સજ્જાદ હવે કુપવાડા જિલ્લાના હંદવાડાની સરકારી મેડિકલ કોલેજમાં જોડાશે, જ્યાં તે ડૉક્ટર બનવા તરફની તેની સફર ચાલુ રાખશે. અલખ પાંડેએ તેની કોલેજની ફી આપવાની ઓફર કરી છે, જેથી સજાદ આર્થિક બોજ વગર તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. આ અદ્‌ભુત યુવાનની વાર્તા માત્ર સફળતા વિશે જ નથી; પણ આવા સમાન પડકારોનો સામનો કરી રહેલા ઘણા મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે.

# આઠ વર્ષની ઉંમરે માતા ગુમાવનાર અપરાજિતા, બાદમાં બે વખત UPSC પાસ કરી, હવે તે સિક્કિમની પ્રથમ મહિલા IPS ઓફિસર છે

(એજન્સી) તા.૭

અપરાજિતા રાયે સિક્કિમની પ્રથમ મહિલા ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી બનીને ઈતિહાસ રચ્યો છે. આ એક નોંધપાત્ર સિદ્ધિ છે જેણે ઘણા લોકોને પ્રેરણા આપી છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષા, તેની મુશ્કેલી અને નીચા પાસ દર માટે જાણીતી છે, તે ઘણીવાર ઉમેદવારોને ડરાવે છે. જો કે, રાયની યાત્રા નિશ્ચય અને સ્થિતિસ્થાપકતાનો પુરાવો છે. તેણે ૨૦૧૦ અને ૨૦૧૧ બંનેમાં UPSC સિવિલ સર્વિસ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી, જે તેની સમર્પણ અને સખત મહેનત દર્શાવે છે. પ્રારંભિક જીવન અને શિક્ષણ અપરાજિતાએ નાની ઉંમરે એક હૃદયસ્પર્શી પડકારનો સામનો કરવો પડ્યો જ્યારે તેણે માત્ર આઠ વર્ષની ઉંમરે તેની માતા રોમા રાયને ગુમાવી દીધી. આ નુકસાને તેણીને પડકારોથી વધુ વાકેફ કર્યા જે ઘણા લોકો સામનો કરે છે, ખાસ કરીને સરકારી કર્મચારીઓ નાગરિકો સાથે કેવી રીતે વર્તે છે તે અંગે નાનપણથી જ, તેણી સિવિલ સર્વન્ટ બનવાની અને પરિવર્તન લાવવાની ઈચ્છા રાખતી હતી. શૈક્ષણિક રીતે, રાયએ ૨૦૦૪માં ICS બોર્ડમાં ૯૫ ટકા સ્કોર કરીને શાળામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. ઓલરાઉન્ડર હોવા બદલ તાશી નમગ્યાલ એકેડેમી તરફથી તેમને ફાઉન્ડર



મેડલ મળ્યું ત્યારે તેમની મહેનતની ઓળખ થઈ. તેમનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમણે પશ્ચિમ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઑફ જ્યુરિડિકલ સાયન્સમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, જ્યાં તેમણે બીએ એલએલબી (ઓનર્સ)ની ડિગ્રી મેળવી. તેમણે તેમના અભ્યાસ દરમિયાન પબ્લિક એડમિનિસ્ટ્રેશન અને ન્યાયશાસ્ત્રમાં સુવર્ણ ચંદ્રક જીતીને પોતાને અલગ પાડ્યા. UPSCની સફર રાયની સફળતાની સફરમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. તેણીએ પ્રથમ વખત ૨૦૦૯માં યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સફળ થઈ ન હતી. હાર ન માનતા તેણે ૨૦૧૦માં ફરી પ્રયાસ કર્યો અને ૭૬૮ માર્ક્સ મેળવ્યા. માત્ર પાસ થવાથી સંતુષ્ટ ન હતો, તેણે હજી પણ ઊંચું લક્ષ્ય રાખ્યું અને ૨૦૧૧માં ત્રીજી વખત પરીક્ષા આપી, જેમાં તેણે ૩૫૮મો રેન્ક મેળવ્યો. સિદ્ધિઓ અને માન્યતા પોલીસ એકેડેમીમાં તેણીની તાલીમ દરમિયાન, અપરાજિતાને ઘણા પુરસ્કારો મળ્યા, જે તેણીની પ્રતિબદ્ધતા અને શ્રેષ્ઠતાને દર્શાવે છે. તેણીને ૧૯૫૮ બેચના IPS અધિકારીઓ દ્વારા શ્રેષ્ઠ મહિલા આઉટડોર પ્રોબેશનર તરીકે પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વધુમાં, તેમણે શ્રેષ્ઠ ક્ષેત્રની લડાયક કુશળતા માટે ઉમેશ ચંદ્ર ટ્રોફી પ્રાપ્ત કરી. તેમની શિસ્ત અને ચોકસાઈને વરિષ્ઠ અધિકારીઓની ૫૫મી બેચ દ્વારા ઓળખવામાં આવી હતી, જેમણે તેમને શ્રેષ્ઠ મતદાન તરીકે નામ આપ્યું હતું. તેમણે બંગાળી ભાષામાં તેમની નિપુણતાથી અધિકારીઓને પ્રભાવિત કર્યા, જેના માટે તેમને પશ્ચિમ બંગાળ સરકાર તરફથી ટ્રોફી મળી. આજે અપરાજિતા રાય પશ્ચિમ બંગાળ કેડરમાં એક આદરણીય નેતા છે, જે હાલમાં ઉત્તર બંગાળના સિલિગુડીમાં ઈન્ટેલિજન્સ બ્યુરોમાં SS તરીકે સેવા આપે છે. તેણીની ભૂમિકા નોંધપાત્ર જવાબદારીઓ સાથે આવે છે, તેમ છતાં તેણી તેની માંગવાળી નોકરીને રમતગમત સાથે સંતુલિત કરવાનું સંચાલન કરે છે. તાજેતરમાં, તેણે ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં રનર અપ બનીને તેની એથ્લેટિક ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું.



વિદ્યાપીઠના શિક્ષકે શિક્ષણ જગતને લાંછન લગાડવા સાથે લવ-જેહાદની બૂમો પાડનારાને પડકાર્યા!

# એક તરફ દીકરીનો પિતા બનતા લંપટ શિક્ષકે એ જ દિવસે કોઈની દીકરીને ભગાડી

## લંપટ શિક્ષક દ્વારા પોતાની ક્લાસમાં ભણતી લઘુમતી કોમની સગીરાને ભગાડી જવાની ફરિયાદ બાદ પોલીસની ધીમી તપાસથી પરિવારજનો અકળાયા

અંજાર, તા.૭

માતા-પિતા બાદ શિક્ષક વિદ્યાર્થીઓને સારા અને ઉચ્ચ સંસ્કાર આપે છે. વિદ્યાર્થીઓ શિક્ષકને ગુરૂ માને છે. આ શિક્ષક શિક્ષણ આપવાના બદલે પ્રેમના પાઠ ભણે તો શિક્ષક પર કોણ ભરોસો રાખશે ? શિક્ષક ક્લાસરૂમમાં કે ટ્યુશન ક્લાસમાં આવતી સગીર વિદ્યાર્થિનીઓ પર બદદાનત રાખે અથવા તો બદ નિયતથી જુએ તો તેની વિદ્યાર્થીગણ પર શું અસર પડશે? આવો જ એક બનાવ અંજારના મેઘપર ગામે બનવા પામ્યો છે. જેમાં એક પુત્રીનો પિતા એવો લંપટ શિક્ષક પોતાની પાસે ટ્યુશન ક્લાસમાં આવતી લઘુમતી કોમની સગીરાને પ્રેમના પાઠ ભણાવી ભગાડી જતાં શિક્ષણ જગતને કલંક લાગેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે દિવસ આ શિક્ષક સગીરાને ભગાડી ગયો તે જ દિવસે તેના ઘરે દીકરીનો જન્મ થયો હતો. બનાવથી લોકોએ ફિટકારની લાગણી વરસાવી છે.

શિક્ષણ જગતને લાંછન લગાડતા બનાવની પ્રાપ્ત વિગત અનુસાર અંજારના મેઘપર ગામે આત્મીય વિદ્યાપીઠના નીખીલ સેવકાણી શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ત્યારે પોતાના ક્લાસમાં અભ્યાસ કરતી અને તેની પાસે ટ્યુશન માટે એક લઘુમતી સમાજની સગીરા (રહે. વરસામેડ, અંજાર) આવતી હતી. જેને આ લંપટ શિક્ષકે યેનકેન પ્રકારે તેને સારા માર્કસ આપવાની લાલચ આપી પોતાની જાળમાં ફસાવી હતી અને પ્રેમના પાઠ ભણાવી સગીરાને તા.૨-૧૦-૨૪ના રોજ ભગાડી ગયો હતો. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ પરંતુ પોલીસની ધીમી ગતિની તપાસથી પરિવારજનો નારાજ છે. આ અંગે એક અગ્રણીએ જણાવ્યું હતું કે જો બહુમતી સમુદાયની દીકરી હોત તો પોલીસ દીકરીને શોધવા આકાશપાતાળ એક કરી નાંખત અને હિન્દુ સંગઠનો લવજેહાદના નામે રેલીઓ કાઢતા તથા મીડિયામાં લઘુમતી સમાજ માટે ઝેર ઓકવામાં આવતું પરંતુ લઘુમતી સમુદાયની દીકરી હોવાથી પોલીસ ધીમી ગતિએ તપાસ કરી રહી છે. બનાવ બાદ સગીરાના માતા-પિતા વલોપાત કરી રહ્યા છે. ક્યારે તેમની દીકરીને પોલીસ શોધી લાવીને તેમને સોંપશે ? આ અંગે આત્મીય વિદ્યાપીઠના સંચાલકોની પણ તેટલી જ જવાબદારી છે કે કોઈના ઘરની આબરૂને જલીલ કરતા આવા શિક્ષકો પ્રત્યે કેમ ધ્યાન રાખવામાં ન આવ્યું.જે દિવસે લંપટ શિક્ષક સગીરાને ભગાડી ગયો તે જ દિવસે તેના ઘરે દીકરીનો જન્મ થયો અને તે દીકરી આઈ.સી.યુ.માં દાખલ હતી તે જ દિવસે તે સગીર વયની વિદ્યાર્થિનીને ભગાડી ગયો. આ બનાવમાં પોલીસ તથા સ્થાનિક તંત્ર તટસ્થ તપાસ કરે અને પરિવારને દીકરી પાછી અપાવે તેવી માંગ ઉઠવા પામી છે.

નડિયાદની વિદ્યાર્થિનીના સર્વેનું અનોખું તારણ

# ૭૭.૯ ટકા કર્મચારીઓને નોકરીમાં તણાવનો અનુભવ જેને દૂર કરવા માટે ૧૩.૭ ટકા વ્યસનના બંધાણી

● તણાવને ઓછો કરવા ૩૨.૬ ટકા કર્મચારીઓ મિત્રોની મદદ લે છે

● ૪૮.૯ ટકા કર્મચારીઓને પોતાના શોખ અને કુટુંબ માટે સમય મળતો જ નથી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૭

નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી.પટેલ આર્ટસ, કોલેજમાં બીજા વર્ષમાં મનોવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી શ્વેતા પ્રજાપતિ નામની વિદ્યાર્થિનીએ તાજેતરમાં નોકરી કરતા વ્યક્તિઓ પર એક સર્વે કર્યો હતો જેમાં ૧૦૦માંથી ૭૭.૯% કર્મચારીઓ નોકરીમાં તણાવ અનુભવતા હોવાનું તારણમાં બહાર આવ્યું છે.

આ સંશોધનનાં હેતુને ધ્યાનમાં રાખીને નોકરી કરતા કર્મચારીઓના મનોભારને જોવામાં આવ્યા હતા. કુલ ૧૦૦ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૬૦.૨ % કર્મચારીઓ પ્રાઈવેટ નોકરી સાથે સંકળાયેલા હતા જ્યારે ૩૯.૮% કર્મચારીઓ સરકારી નોકરી સાથે સંકળાયેલા હતા. શ્વેતા પ્રજાપતિએ કરેલા આ સર્વેમાં ૭૭.૯% કર્મચારીઓ નોકરીના કારણે તણાવ અનુભવતા હોવાનું જ્યારે ૨૨.૧% કર્મચારીઓ નોકરીના કારણે તણાવનો અનુભવ કરતા નથી તેવુ જાણવા મળ્યું હતું. આ ઉપરાંત ૬૬.૭% કર્મચારીઓનું એવું માનવું છે કે, તેઓ લાંબા કલાકો સુધી કામ કરે છે છતાં પણ પૂરતું કામ નથી કરી રહ્યાં.આ સર્વેમાં જાણવા મળ્યું કે ૮૧.૩% કર્મચારીઓ નોકરીની સાથે પોતાના ભવિષ્યને જોવે છે. ૫૮.૯% કર્મચારીઓને ભવિષ્યમાં પોતાની નોકરી ગુમાવવાનો ડર લાગી રહ્યો છે. ૭૮.૧% કર્મચારીઓને કામ કરતી વખતે ચિંતાનો અનુભવ થાય છે ૮૫.૩% કર્મચારીઓને કામ દરમિયાન કઈ ખોટું પગલું ભરવાનો વિચાર આવતો નથી. ૬૦.૯% કર્મચારીઓનું માનવું છે કે નોકરીના કારણે તેમના બાળકનું ભવિષ્ય ઊજળું નથી જ્યારે ૩૯.૧% કર્મચારીઓ માને છે કે નોકરીના કારણે આવક સારી હોવાથી પોતાના બાળકનું ભવિષ્ય ઊજળુંછે. ૮૬.૩% કર્મચારીઓનું માનવું છે કે વધુ પડતા કામના કલાકો તેમના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે. ૫૨.૬% કર્મચારીઓ તણાવનો જાતે જ સામનો કરે છે જ્યારે ૧૪.૭% કર્મચારીઓ તણાવને ઓછો કરવા માટે ડોકટરની સલાહ લે છે અને ૩૨.૬% કર્મચારીઓ તણાવને ઓછો કરવા માટે મિત્રોની મદદ લે છે.તણાવભર્યા નોકરીના વાતાવરણમાં વ્યસનની વાત કરીએ તો આ સર્વેમાં ૮૬.૩% કર્મચારીઓ માનસિક તણાવને ઓછો કરવા માટે વ્યસન, ડ્રગ્સ અથવા ગોળીઓનો ઉપયોગ નથી કરતા જ્યારે તણાવને ઓછો કરવા માટે ૧૩.૭ ટકા વ્યસન, ડ્રગ્સ અથવા ગોળીઓનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ૬૩.૪% કર્મચારીઓનું માનવું છે કે તેમને નોકરી કરતી વખતે અતિશય અને કંટાળાજનક મુસાફરી કરવી પડે છે.૫૧.૧% કર્મચારીઓ એવા છે કે જેમને પોતાના શોખ અને કુટુંબ માટે સમય મળી રહે છે જ્યારે ૪૮.૯% કર્મચારીઓને કામનું પ્રમાણ વધારે હોવાથી પોતાના શોખ અને કુટુંબ માટે પુરતો સમય મળી રહેતો નથી. વર્ષમાં કુટુંબ સાથે કોઈ એક વાર સારી જગ્યા ફરવા જતા હોય તેવા કર્મચારીઓનું પ્રમાણ ૬૯.૫% છે અને જે કર્મચારીઓ પોતાની નોકરીના લીધે સારી એવી જગ્યા ફરવા જઈ શકતા નથી તેવા કર્મચારીઓનું પ્રમાણ ૩૦.૫% છે.સર્વે કરનાર શ્વેતા પ્રજાપતિએ જણાવેલ કે, ૨૪ કલાકમાંથી ૮ અને ૧૨ કલાક નોકરી સાથે નોકરી કરતા કર્મચારીઓ જોડાયેલા છે. તે સતત તણાવમાં રહે છે કે કેમ તે તપાસવાનો આ સર્વે હતો. મે ગુગલ ફોર્મ દ્વારા ખેડા, આણંદ અને અમદાવાદ જિલ્લાના સરકારી અને પ્રાઈવેટ નોકરી કરતા ૧૦૦ જેટલા લોકોને આવરી સર્વે કર્યો છે. જેમાં ૭૭.૯% કર્મચારીઓ નોકરીમાં તણાવ અનુભવતા હોવાનું તારણમાં જાણવા મળ્યું છે. આ સર્વેમાં સતત આચાર્ય મહેન્દ્ર દવે અને કોલેજના મનોવિજ્ઞાનના HOD ડો.પ્રકાશભાઈ વિછીયા અને ડો. અર્પિતાબેન ચાવડા જરૂરી માર્ગદર્શન આપતા હતા.

બોગસ બિલો બનાવી કંપનીમાં રજૂ કરી દીધા

# રિલાયન્સ જીયોને કર્મચારીઓએ રૂા.૧૨.૧૨ કરોડનો ચૂનો લગાવ્યો

## કંપનીના મેનેજરે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

રિલાયન્સ જીઓને રૂા.૧૨.૧૨ કરોડનો ચૂનો કર્મચારીએ લગાવ્યો હોવાનું સામે આવ્યું છે. રિલાયન્સ જીઓના ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા ત્રણ કર્મચારીઓ દ્વારા જે જગ્યાએ કંપનીનું કોઈ જ કામ કરવામાં આવ્યું નથી તેવી કામગીરીના બોગસ બિલો બનાવી કંપનીમાં રજૂ કરી દીધા હતા. ત્રણેય કર્મચારીઓએ સિનિયર ઓફિસરના આઈડી અને પાસવર્ડના દુરૂપયોગ કરી તે બિલો પાસ કરી ૧૪ પ્રોપરાઈટરશીપ ફાર્મા અન ભાગીદારી પેઢીઓના બેંક એકાઉન્ટમાં જમા કરાવી દઈ રૂા.૧૨.૧૨ કરોડનું કૌભાંડ કર્યું હતું. તેમની આ કારીગરીની જાણ ઓફિસમાં થતાં કંપનીના મેનેજરે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે. રિલાયન્સ જીઓને રૂા.૧૨.૧૨ કરોડનો ચૂનો લગાવનારી ત્રિપુટી વિરુદ્ધ કંપનીના ડે. જનરલ મેનેજર અર્જુન પ્રમોદભાઈ દુધાત્રાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ કંપનીની સીસ્ટર કંપની હિમાચલ ફ્યુચરીસ્કીટ કોમ્યુનિકેશન લી. વચ્ચે થયેલા કરારના આધારે ત્રણ કૌભાંડીઓ (૧) ચંદ્રેશ ગંગારામાની (રહે.સરદારનગર), (૨) કાર્તિક સોલંકી (રહે.સુરેન્દ્રનગર) તથા (૩) અંકુર લકુમ (રહે.ગાંધીનગર)ને કંપનીના ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટમાં નોકરી રાખવામાં આવ્યા હતા. જેમનું કામ કંપનીના ક્રાઈટેરિયા મુજબ વેન્ડરોને ફાળવવામાં આવેલી કામગીરીના બિલો આવે તે તપાસવાની અને તે જીઓ કંપનીના સિસ્ટમ એપ્લિકેશન એન્ડ પ્રડકટ ઈન ડેટા પ્રોસાસિંગ (એસએપી)માં પ્રોસેસ કરવાની હોય છે.

હવે આ ત્રિપુટીના ધ્યાનમાં આવ્યું હતું કે, ફાઈનાન્સના બિલ ખૂબ જ મોટી સંખ્યામાં આવતા હોવાથી તેને ચેક કરીને પાસ કરવાની કામગીરી ફાઈનાન્સ વિભાગના અધિકારી એકલા કરી શકે નહીં માટે કંપનીના સ્ટેટ ફાઈનાન્સ હેડ ઉમેશ ભગતના આઈ.ડી. પાસવર્ડ સ્ટાફના કેટલાક માણસો પાસે હોય છે. આ ત્રિપુટી પાસે આઈડી પાસવર્ડ હતા. જેને પગલે તેમણે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન કંપનીના બિલીંગવાળા સોફ્ટવેરમાં જે સ્થળે વેન્ડરોએ કોઈ જ કામગીરી કરી નહોતી તેવી જગ્યાના બિલો મૂકીને પાસ કરી દીધા હતા. જેને આધારે કંપનીએ પેમેન્ટ પણ કરી દીધા હતા. આ ત્રિપુટીએ આવી રીતે કુલ ૬૧૧ બિલ સિસ્ટમમાં ચઢાવી જુદી-જુદી કંપનીમાં તેનું પેમેન્ટ કરાવી દીધું હતું. જયારે કંપનીના ધ્યાનમાં આવ્યું ત્યાં સુધીમાં આ ત્રિપુટીએ કુલ ૧૨.૧૨ કરોડ રૂપિયાની ઠગાઈ કરી દીધી હતી. જેને પગલે કંપની દ્વારા ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ કરવામાં આવી છે.

# વડોદરાના મુસ્લિમ સમાજ દ્વારા દુષ્કર્મના આરોપીઓને ફાંસીની માંગ સાથે દેખાવો કરાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા વડોદરા શહેર ભાયલી વિસ્તારમાં થોડા દિવસ પહેલા દુષ્કર્મની ઘટના બની જેના વિરોધમાં વાસણા રોડ ખાતે માનવ સાંકળ રચી આરોપીઓ ને ફાંસીની સજા થાય તે માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં મુસ્લિમ સમાજના લોકો, અગ્રણીઓ અને મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. આજરોજ વાસણા ડી માર્ટ પાસે ચાર રસ્તા ઉપર મુસ્લિમ અગ્રણીઓ અસફાક મલિક (એડવોકેટ), અયુબ સૈયદ (પ્રમુખ, હ્યુમન રાઈટ અને સામાજિક કાર્યકર), ચિરાગ શેખ(જનરલ સેક્રેટરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ, એક્સ કાઉન્સિલર),




(તસવીર : અતિક શેખ, વડોદરા)

સામાજિક કાર્યકર વસીમ શેખ, સાકીર બાપુ, કમલભાઈ દાઈમાં, આરીફ મલેક, ફરહાન પટેલ, સાજિદ પટેલ, રમીઝ પઠાણ, ગુલામભાઈ વાડીવાળા, ઈલ્યાસભાઈ વાડીવાળા સામાજિક કાર્યકર, જાવીદ ચૌહાણ, સુહાના સૈયદ, સાબેરાબેન, નઝીર દિવાન સહિતના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ લોકોએ ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી બળાત્કારના આરોપીઓને ફાંસીની માંગ કરી હતી. તમામ મુસ્લિમ સમાજના લોકો દ્વારા આરોપી સામે જલ્દીથી જલ્દી કેસ ટ્રાયલમાં ચાલે અને તમામ આરોપીઓને ફાંસીની સજા થાય તેમ જણાવવામાં આવ્યું હતું.

# વડોદરામાં સગીરા પર ગેંગરેપ આચરનાર ત્રણ નરાધમો ૪૮ કલાકમાં ઝડપાયા : આરોપીઓનું મેડિકલ ટેસ્ટ કરાયું




વડોદરામાં થયેલ સામૂહિક દુષ્કર્મના બનાવમાં પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા જે તસવીરમાં દશ્યમાન થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા)

### વડોદરા દુષ્કર્મના આરોપીઓને સ્ટ્રેચર પર હૉસ્પિટલ લઈ જવા પડ્યા

ભાયલી દુષ્કર્મ કેસના આરોપીઓને પકડવા માટે પોલીસે ભારે મહેનત કરી હતી. આરોપીને શોધવા માટે ૨૦૦થી વધુ પોલીસકર્મીઓ શોધખોળ અભિયાનમાં જોડાયા હતા. આ પોલીસ જવાનો તથા વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ૪૫ કિ.મી સુધીના ૧૧૦૦થી વધુ સીસીટીવી ચેક કરીને આ દુષ્કર્મ કેસના આરોપીઓને ઝડપી પાડ્યા છે. દુષ્કર્મની ઘટનામાં ત્રણ કિમી વિસ્તારના ૧ હજાર ઘરોમાં પોલીસે તલાશી લીધી હતી. દુષ્કર્મ કેસના આરોપી મુન્ના અબ્બાસ, આફતાબ સુબેદાર અને શાહરુખ વણઝારાની મેડિકલ તપાસ માટે પોલીસ તેમને વડોદરાની સયાજી હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. આ દરમિયાન આરોપીને સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યા હતા. મેડિકલ તપાસ બાદ પોલીસે કડક પૂછપરછ હાથ ધરી છે.

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

વડોદરા શહેર નજીક આવેલા ભાયલી ગામની સીમમાં અવાવરા રોડ પર ધોરણ ૧૧ સાયન્સની વિદ્યાર્થિની અને તેના બોયફ્રેન્ડને બાનમાં લઈ પોલીસના નામે રૂઆબ છાંટી ત્રણ નરાધમોએ વિદ્યાર્થિની પર બોયફ્રેન્ડ સાથે બેઠેલી ૧૬ વર્ષીય સગીરા ઉપર ગેંગ રેપ ગુજારનાર ત્રણ પરપ્રાંતીય આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. તમામ આરોપીઓને પૂછપરછ માટે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની કચેરી ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી મેડિકલ માટે એસએસજી લઈ જવાયા ત્યારથી બંને જણા ફરવા માટે નીકળ્યા હતા અને ત્યારબાદ રાત્રિના ૧૧થી ૧૧:૩૦ વાગ્યાના અરસામાં ભાયલીથી થોડે આગળ સમિયાલા રોડ પર એક સુમસામ જગ્યા પર બંને જણા બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા. તે દરમિયાન બે બાઈક પર પાંચ જેટલા શખ્સો તેમની પાસે ઘસી આવ્યા હતા. પહેલા બે શખ્સોએ સગીરા સાથે છેડતી કરી પરંતુ બોયફ્રેન્એ તેમને પડકારતા તેઓ જતા રહ્યા હતા. ત્યારબાદ અન્ય બાઈક પર આવેલા ત્રણ

### પીડિતા કિશોરીની માતાએ ફોન કરતા નરાધમોએ ઉપાડ્યો

ત્રણ નરાધમોએ વિદ્યાર્થિનીનો મોબાઈલ પણ લૂંટ્યો હતો. આ મોબાઈલ રાત્રે ૧:૨૦ મિનિટ સુધી ચાલુ હતો અને તેનું લોકેશન અટલાદરા વિસ્તારમાં જાણવા મળ્યું હતું. પુત્રી મોડી રાત સુધી ઘેર નહીં આવતાં તેની માતા તેના મોબાઈલ પર સતત ફોન કરતી હતી. ત્યારે નરાધમોએ માતાનો ફોન ઉપાડ્યો હતો અને માત્ર પાંચ સેકન્ડ ચાલુ રહ્યા બાદ ફોન સ્વીચ ઑફ થઈ ગયો હતો.

### આરોપી મુન્ના વણઝારાને વહેલી સવારે તેના ઘરેથી દબોચી લેવાયો, અન્ય બેને અલગ-અલગ સ્થળોએથી શોધી કઢાયા

આ ગુનામાં સંડોવાયેલા પૈકી એક મુન્ના વણઝારા (રહે. તાંદલજા, એકતાનગર)ને વહેલી સવારના અંધારામાં તેના ઘરેથી દબોચી લેવામાં આવ્યો હતો. મુન્ના બંજારાની પ્રાથમિક પુછપરછમાં તેની જોડે આફતાબ બનજારા અને શાહરૂખ બનજારા (રહે. તાંદલજા, વડોદરા) હોવાનું તેણે કબુલ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે બંનેને અલગ અલગ જગ્યાએથી શોધી કાઢીને કચેરીએ લાવી હતી. ત્રણેયની સઘન પૂછપરછમાં તમામે હકીકત જણાવી દીધી હતી. ત્રણેય આરોપીઓ મુળ ઉત્તરપ્રદેશના છે. ત્રણેય ભેગા મળીને ભાયલીના નિર્જન વિસ્તારમાં મિત્ર સાથે બેઠેલ સગીરા જોડે ગેંગ રેપ આચરીને મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયા હોવાનું જણાવ્યું હતું.

સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. ૪૮ કલાક બાદ ક્રાઈમ બ્રાન્ચે ત્રણઆરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. ભાયલી વિસ્તારમાં પોતાના હતા. વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં રહેતી પરપ્રાંતીય ૧૬ વર્ષીય સગીરા તેના મિત્રને ગત પાંચ ઓક્ટોબરના રોજ લક્ષ્મીપુરા વિસ્તારમાં મળવા ગઈ હતી. શખ્સોએ યુવકને પકડી રાખ્યો હતો અને વારાફરતી ત્રણેય જણાએ સગીરા પર બેરહેમી પૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્રણેયની હવસ સંતોષાઈ ગયા બાદ બંનેને ત્યાં જ છોડીને મોબાઈલ લઈને જતા રહ્યા હતા. મોડી રાતના યુવક સગીર તેને લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. જેથી સમગ્ર જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ, એસોજી, સ્થાનિક પોલીસ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સીટી ક્રાઈમ બ્રાન્ચની વિવિધ દસ જેટલી ટીમો નરાધમોને શોધવા માટે આકાશ પાતાળ એક કરી નાખ્યું હતું. બીજી તરફ ગૃહમંત્રી દ્વારા પણ આરોપીય સામે કડકાઈ પૂર્વક કાર્યવાહી કરી વહેલી તકે ઝડપી પાડવા અધિકારીઓને સૂચના અપાઈ હતી.

# ટ્રાન્સફર થયેલી સ્કૂલ મૂળ સ્થળે પરત ન લવાતા માન્યતા રદની નોટિસ

● જમાલપુરની જ્ઞાનોદય સ્કૂલને બે વર્ષ માટે વસ્ત્રાલ ખાતે સ્થળ ફેરફારની મંજૂરી મળી હતી ● ૨૦૨૦માં મૂળ સ્થળે પરત લાવવાની હોવા છતાં હજુ સુધી કાર્યવાહી ન કરાતા નોટિસ અપાઈ ● ધોરણ-૧૧ની મંજૂરી ન હોવા છતાં વર્ગો શરૂ કરાયા, ૧૦મીએ હિયરીંગ કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

શહેરના જમાલપુર વિસ્તારમાંથી ટ્રાન્સફર થઈને વસ્ત્રાલ ખાતે લઈ જવાયેલી જ્ઞાનોદય સ્કૂલની માન્યતા રદ કરવા માટે DEOએ નોટિસ ફટકારી છે. શિક્ષણ વિભાગ દ્વારા જમાલપુરમાં બિલ્ડીંગ ખખડધજ થતાં બે વર્ષ માટે સ્કૂલને ટ્રાન્સફર કરવાની મંજુરી આપી હતી. બે વર્ષની શરતી મંજુરી હોવા છતાં ચાર વર્ષ પછી પણ હજુ સ્કૂલે ટ્રાન્સફર કરવાની કાર્યવાહી કરી ન હતી. આ ઉપરાંત સ્કૂલ દ્વારા મંજુરી વગર જ ધોરણ-૧૧ના વર્ગો શરૂ કરી પ્રવેશ પણ ફાળવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, જમાલપુર ખાતે આવેલી જ્ઞાનોદય હિન્દી માધ્યમિક અને ઉ.મા. શાળાને જમાલપુરથી વસ્ત્રાલ ખાતે બે વર્ષ માટે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગના પત્રમાં સ્થળ ફેરફાર માત્ર બે વર્ષ માટે આપવામાં આવ્યો હતો. ઉપરાંત શૈક્ષણિક વર્ષ ૨૦૨૦થી શાળાને મુળ સ્થળાંતરિત થઈ જવાની શરતે મકાન ફેરફારની મંજુરી અપાઈ હતી. જોકે, સ્કૂલ દ્વારા મુળ સ્થળે પરત ફરવાની કાર્યવાહી કરવી જોઈએ તે કાર્યવાહી આજદિન સુધી થઈ ન હોવાનું સામે આવ્યું છે. શાળા હાલમાં મહાદેવ નગર વસ્ત્રાલ ખાતે અનાધિકૃત રીતે ચાલે છે. ઉપરાંત સ્કૂલોમાં અન્ય કેટલીક અનિયમિતતા પણ ધ્યાને આવી છે. જેમાં શાળાની શિક્ષણ નિરીક્ષક દ્વારા સ્થળ તપાસ કરતા શાળામાં ધોરણ-૧૧ની સરકારની મંજુર ન હોવા છતાં શાળા દ્વારા ધોરણ-૧૧ ચાલુ કરેલું છે, શાળા દ્વારા વિદ્યાર્થીઓને ખાનગી પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે. શાળા દ્વારા નક્કી કરેલ ફી ઉપરાંત વધુ ફી લેવામાં આવે છે. આ ઉપરાંત સ્કૂલ પાસે નિયમાનુસાર ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશન નથી. આમ શાળાની અનિયમિતતા બાબતે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના પત્ર દ્વારા પાંચ દિવસમાં ખુલાસો કરવા માટે જણાવાયું હતું. તેમ છતાં શાળા દ્વારા આજ દિન સુધી કોઈ જ વિગતો રજૂ કરેલી નથી અને કચેરીના હુકમનું પાલન કર્યું નથી. જે અન્વયે ઉપરોક્ત અનિયમિતતા બાબતે ૧૦ ઓક્ટોબરના રોજ બપોરે ૧૨ વાગ્યે રૂબરૂ હિયરીંગ રાખવામાં આવ્યું છે. જેમાં જરૂરી આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહેવા માટે સ્કૂલને આદેશ કરવામાં આવ્યો છે. જો, શાળા સુનવણીમાં હાજર નહીં રહે તો કોઈ વિગતો રજુ કરવા માંગતા નથી તેમ માની શાળાના તમામ વર્ગો બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત શાળાની માન્યતા રદ કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને દરખાસ્ત કરવામાં આવશે.

ટ્યુશન ક્લાસીસના સંચાલકે છેડતી કરતા ફરિયાદ

# રાજ્યમાં એક પછી એક બળાત્કાર તથા છેડતીની ઘટના જારી : શિક્ષિકાની છેડતી

## સપ્લીમેન્ટરી આપવા બોલાવી શિક્ષિકાની છેડતી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં એક બાદ એક રૂંવાડા ઉભા થઈ જાય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે હવે ભરૂચના અંકલેશ્વરમાં ટ્યુશન કલાસીસમાં શિક્ષિકાની છેડતીની ઘટના બની હતી. રાજ્યમાં એક પછી બાદ એક બળાત્કાર તથા છેડતી વગેરેની ઘટનાઓ પ્રકારમાં આવી રહી છે. વડોદરા ગેંગરેપ બાદ સુરતની આશ્રમ શાળાના આચાર્યે સગીરા સાથે અડપલા કર્યાની ઘટના હોય કે આણંદમાં સગીરા પર સામુહિક દુષ્કર્મનો પ્રયાસ કર્યાની ઘટના હોય, એક પછી એક ઘટનાઓ સામે આવી રહી છે. તેમાં હવે ભરૂચમાં વધુ એક આ પ્રકારની ઘટના બની છે. ભરૂચના અંકલેશ્વરમાં ટ્યુશન કલાસીસમાં શિક્ષિકા સાથે છેડતી કરવાનો બનાવ બનતા ફરી ચર્ચા શરૂ થઈ છે. અંકલેશ્વર ખાતે આવેલા ગુરૂ ટ્યુશન કલાસીસના સંચાલકે શિક્ષિકાને સપ્લીમેન્ટ્રી તપાસવા આપવાને બહાને બોલાવીને છેડતી કરી હતી. ત્યારે યુવતીએ સંચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ટ્યુશન કલાસીસના હેવાન સંચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

એફ.ડી. હાઈસ્કૂલ મકતમપુર ખાતે

# ટપાલ ટિકિટોના સંગ્રહ અંગેનો સેમિનાર યોજાયો




અમદાવાદ,તા.૭

એફ.ડી. હાઈસ્કૂલ મકતમપુર ખાતે, ડાક વિભાગના અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસ ફિલાટેલી બ્યુરોના માર્ગદર્શન હેઠળ ટપાલ ટિકિટ સંગ્રહ (ફિલાટેલી) અંગેનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારની પ્રવૃત્તિઓ આર.જી. પટેલના માર્ગદર્શન હેઠળ આર્ચીબેન મેનવાની, નીતાબેન વગાસીયા અને કે.કે. પરમારના સમર્થન સાથે સંચાલિત કરવામાં આવી હતી. અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ DHAI AKAR રાષ્ટ્રીય સ્તરની પત્રલેખન સ્પર્ધા તેમજ ડાક વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી જુદા જુદા પ્રસંગોની ટિકિટો, ફર્સ્ટ ડે કવર અને ભારતની સંસ્કૃતિ, કલા અને ઈતિહાસના ટપાલ ટિકિટો પરના પ્રતિબિંબ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે પોસ્ટલ સ્ટેમ્પની સ્પર્ધા યોજાઈ જેમાંથી શાળાના વિદ્યાર્થી મોહમ્મદ અફફાન શેખ, મેહરીન સૈયદ અને અકસા શેખને ઈનામ આપવામાં આવ્યા. આ સેમિનારનું આયોજન શાળાના મદદનીશ શિક્ષક શોયેબ તિરમીઝી દ્વારા કરવામાં આવ્યું હતું. એમ શાળાના આચાર્ય મકસુદહુસૈન પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઈઝરાયેલે દક્ષિણ લેબેનોનના ૨૬ નગરોને ખાલી કરાવવાના નવા આદેશ જારી કર્યા

(એજન્સી) તા.૭

ઈઝરાયેલી સૈન્યએ રવિવારે દેશ પર હવાઈ અને જમીની હુમલાને પગલે દક્ષિણ લેબેનોનના ૨૬ સરહદી નગરોના નાગરિકોને તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. લશ્કરી પ્રવક્તા અવિચાય અદ્રાઈએ લેબેનીઝ રહેવાસીઓને તેમના ઘર છોડીને અવલી નદીની ઉત્તર તરફ જવા કહ્યું. લક્ષિત શહેરોની યાદીમાં હૌલા, મેસ ઈઝ જબાલ અને મજદલ સેલ્મનો સમાવેશ થાય છે. ઈઝરાયેલે લેબેનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો સામે મોટા પાયે હવાઈ ઝુંબેશ શરૂ કરી, ૨૩ સપ્ટેમ્બરથી ઓછામાં ઓછા ૧,૨૦૪ લોકો મૃત્યુ પામ્યા અને ૩,૪૧૧ અન્ય ઘાયલ થયા ત્યારે નવા ખાલી કરાવવાના આદેશો આવ્યા. તેલ અવીવે પણ ૧ ઓક્ટોબરના રોજ દક્ષિણ લેબેનોનમાં ગ્રાઉન્ડ આક્રમણ શરૂ કર્યું હતું. આ લશ્કરી કાર્યવાહી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના એક વર્ષ સુધી ચાલેલા સંઘર્ષનું પરિણામ છે, જે ગાઝા પટ્ટી પર તેલ અવીવના ઘાતકી હુમલા પછી શરૂ



થયું હતું. ગયા વર્ષે હમાસે હુમલો કર્યો ત્યારથી લગભગ ૪૧,૯૦૦ લોકો મૃત્યુ પામ્યા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. લેબેનીઝ અધિકારીઓના જણાવ્યાં અનુસાર, ત્યારથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨,૦૩૬ લોકો મૃત્યુ પામ્યા છે, ૯,૬૦૦થી વધુ ઘાયલ થયા છે અને ૧૨ લાખ વિસ્થાપિત થયા છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે ચેતવણી આપી છે કે લેબેનોનમાં ઈઝરાયેલના હુમલા ગાઝા સંઘર્ષને વ્યાપક પ્રાદેશિક યુદ્ધમાં ફેરવી શકે છે.

# બૈરૂતના દક્ષિણ વિસ્તાર પર અત્યાર સુધીનું સૌથી ભારે અને ભીષણ હવાઈ આક્રમણ, ઈઝરાયેલના 30 યુદ્ધ વિમાનોમાંથી પ્રચંડ બોમ્બમારો

## એક રાતમાં થયેલા સૌથી વ્યાપક હુમલામાં એક પેટ્રોલ પંપ સહિત અનેક ઈમારતોને નુકસાન

**લેબેનોનના ભૂમિ યુદ્ધમાં હિઝબુલ્લાહના ૪૦૦ લડાકુને મારી નાખ્યા હોવાનો ઈઝરાયેલનો દાવો**



(એજન્સી) બૈરૂત, તા.૭

દક્ષિણ બૈરૂત પરના અત્યાર સુધીના સૌથી મોટા, સૌથી ભયાનક અને ભીષણ હવાઈ આક્રમણમાં ઈઝરાયેલના ૩૦ યુદ્ધ વિમાનોથી એક જ રાતમાં અનેક સ્થળે ભયંકર બોમ્બવર્ષા કરવામાં આવી હતી જેના કારણે ચારેય તરફ ભારે વિનાશ અને તબાહીના દૃશ્યો જોવા મળ્યા હતા. ચારેય તરફ બિલ્ડિંગોમાંથી નીકળતી આગ અને ઘુમાડાથી બૈરૂતનું આકાશ છવાઈ ગયું હતું. એક અહેવાલ મુજબ એક પટ્રોલ પંપ અને કેટલીક બિલ્ડિંગો ઉપર બોમ્બમારો કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલી સેનાના પ્રવકતાએ જણાવ્યું હતું કે, લડાકુ જૂથના શસ્ત્ર અને દારૂગોળો જ્યાં હોય છે એ તમામ બિલ્ડિંગો પર સચોટ નિશાન લગાવી બોમ્બ વર્ષા કરવામાં આવી હતી. પાકી બાતમીના આધારે હુમલા કરવામાં આવ્યા હતા. દરમ્યાન ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો હતો કે, લેબેનોનમાં ભૂમિ યુદ્ધમાં અત્યાર સુધીમાં હિઝબુલ્લાહના ૪૦૦ લડાકુને ખતમ કરવામાં આવ્યા છે. લડાકુ જૂથના ગઢ ગણાતા વિસ્તારોમાં યુદ્ધ ચાલી રહ્યું છે.

# ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં વધુ એક પત્રકારનું મૃત્યુ એક વર્ષમાં ૧૭૫ પત્રકારોની યહુદી સેના દ્વારા હત્યા

(એજન્સી) બૈરૂત, તા.૭

ગાઝાપટ્ટી વિસ્તાર પર ઈઝરાયેલના હવાઈ આક્રમણમાં વધુ એક પેલેસ્ટીની પત્રકારનું મૃત્યુ થયું છે. આ રીતે અત્યાર સુધીમાં કુલ ૧૭૫ પત્રકારોના હવાઈ હુમલામાં મોત થયા છે.

સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ ઈઝરાયેલના બોમ્બમારાથી હસન હમ્માદ નામના પત્રકારનું મૃત્યુ થયું હતું. મીડિયાએ આ હત્યાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે અને ઈઝરાયેલ સામે યુદ્ધ અપરાધો બદલ આંતરરાષ્ટ્રીય અદાલતોમાં કામ ચલાવવા વિશ્વ સમાજને અનુરોધ કર્યો છે. પેલેસ્ટીનના પત્રકારો અને અન્ય પત્રકારોને નિશાન બનાવીને ઈઝરાયેલી સૈન્ય એમની હત્યાઓ કરી રહ્યું છે. ગાઝામાં અત્યાર




સુધીમાં ૪૧ હજાર નાગરિકો માર્યા ગયા છે જેમાં મોટાભાગના મહિલાઓ અને બાળકો છે. ઈઝરાયેલ આ રીતે ભયાનક નરસંહાર કરી રહ્યું છે.

# ઈઝરાયેલે વેસ્ટ બેંકના દરોડામાં ૧૫ પેલેસ્ટીનીની ધરપકડ કરી

(એજન્સી) તા.૭

ઈઝરાયેલી દળોએ રવિવારે કબજાવાળા વેસ્ટ બેંકમાં લશ્કરી દરોડામાં ઓછામાં ઓછા ૧૫ વધુ પેલેસ્ટેનીઓને પકડ્યા. પેલેસ્ટીની પ્રિઝનર્સ સોસાયટીએ એક નિવેદનમાં જણાવ્યું કે હેબ્રોન, બેથલહેમ, તુલકારેમ અને તુબાસ શહેરોને નિશાન બનાવતા દરોડામાં અટકાયત કરાયેલા લોકોમાં એક પત્રકારનો પણ સમાવેશ થાય છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "અટકાયતીઓ અને તેમના પરિવારો પર દરોડા દરમિયાન વ્યાપક દુર્વ્યવહાર, ધમકીઓ અને તોડફોડ અને ઘરોને તોડી પાડવાની ઘટનાઓ ભોગવવામાં આવી હતી." ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ક્રૂર હુમલાને પગલે કબજાવાળા વેસ્ટ બેંકમાં તણાવ વધારે છે, જેમાં ગયા વર્ષે ૭ ઓક્ટોબરથી લગભગ ૪૧,૯૦૦ પેલેસ્ટીની, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા, મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીની આંકડાઓ અનુસાર, કબજાવાળા પ્રદેશોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭૪૨ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, ૬,૨૦૦થી વધુ ઘાયલ થયા છે અને ૧૧,૧૦૦થી વધુ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. "અધિકૃત સરકાર અટકાયતીઓ સામે બદલો લેવાનું યુદ્ધ ચલાવી રહી છે, જેમાંથી ૪૦ની ૭ ઓક્ટોબરથી હત્યા કરવામાં આવી છે," કદુરા ફારેસે, કમિશન ફોર ડિટેનીઝ અફેર્સના પ્રમુખે, વેસ્ટ બેંકના રામલ્લાહમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, "ઈઝરાયલના કબજાવાળી જેલોમાં અટકાયતીઓને ત્રાસ આપવામાં આવે છે. ઈઝરાયેલની આ



આક્રમકતા ગયા વર્ષે જુલાઈમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક નિર્ણય પછી આવી છે, જેમાં પેલેસ્ટીની જમીન પર ઈઝરાયેલના દાયકાઓથી ચાલતા કબજાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો અને વેસ્ટ બેંક અને પૂર્વ જેરૂસલેમમાં આવેલી તમામ વસાહતોને ખાલી કરાવવાની માંગ કરવામાં આવી હતી.

# સીઝેરિયામાં સાયરન વાગતાં નેતાન્યાહુ આશ્રય માટે નિવાસસ્થાનમાંથી ભાગી ગયા

(એજન્સી) તા.૭

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ હવાઈ હુમલાના સાયરન વાગ્યા પછી સીઝેરિયામાં તેમના નિવાસસ્થાનમાંથી ભાગી ગયા હતા, તેમને તાત્કાલિક આશ્રય લેવા માટે સંકેત આપ્યો હતો.

લેબેનોનમાં ઈસ્લામિક પ્રતિકાર હિઝબુલ્લાહે ઉત્તર કબજાવાળા પેલેસ્ટીનમાં તેની આગનો વ્યાપ વધાર્યો અને ઈઝરાયેલના કબજા સામે તેનું ગુણાત્મક અભિયાન ચાલુ રાખ્યું ત્યારે આ બન્યું.

તે ગાઝા અને તેના પ્રતિકારના સમર્થનમાં લેબેનોન અને તેના લોકોના સંરક્ષણમાં અને દેશના દક્ષિણ ભાગમાં ઘૂસવાના ઈઝરાયેલી પ્રયાસોનો સામનો કરવા નગરો, ગામડાઓ અને નાગરિકો પરના બર્બર ઈઝરાયેલી હુમલાઓના જવાબમાં છે.

વહેલી સવારથી માર્ગલિયોટ, મિસગાવ એમ, હનીતા, હાઈફા, ક્રાયોટ, એકર, નાહરિયા, બીટ શીઆન વેલી, ગેશર અને મેનાહેમિયામાં સાયરન વાગી રહ્યા છે, તેમજ લેબેનોનથી રોકેટ પ્રક્ષેપણ છે, જેને ઈઝરાયેલી મીડિયાએ આ પ્રમાણે વર્ણવ્યું



છેઃ " ઈઝરાયલી મીડિયાએ એ પણ અહેવાલ આપ્યો કે ઈઝરાયેલ પર ઈરાની હુમલા દરમિયાન નેતાન્યાહુ અને ઘણા મંત્રીઓ ડાઉનટાઉન જેરૂસલેમમાં એક ભૂગર્ભ ફોર્ટિફાઈડ સ્થાનમાં છુપાયેલા હતા, જ્યારે સંરક્ષણ મંત્રી યોવ ગોલાન્ટે તેલ અવીવમાં મંત્રાલયની ભૂગર્ભ ઈમારતમાં પોતાને બેરિકેડ કર્યા હતા.

# ઑસ્ટ્રેલિયાના અબજોપતિ એન્ડ્રુ ફોરેસ્ટે ગાઝા સહાય માટે એક કરોડ ડોલરનું દાન આપ્યું

(એજન્સી) તા.૭

ઑસ્ટ્રેલિયન અબજોપતિ એન્ડ્રુ ફોરેસ્ટે શુક્રવારે ગાઝામાં તાત્કાલિક માનવતાવાદી સહાય પ્રયાસો માટે તેમના મિન્ડેરૂ ફાઉન્ડેશન દ્વારા વધારાના ૧ કરોડ ડોલર દાનની જાહેરાત કરી. આ તાજેતરના યોગદાન સાથે, ફોરેસ્ટ અને તેની પત્ની નિકોલા ફોરેસ્ટે તેમના ફાઉન્ડેશનના કુલ સમર્થનમાં લગભગ ૨ કરોડ ૮૦ લાખ ડોલરનો વધારો કર્યો છે, જે દુષ્કાળનો સામનો કરી રહેલા લોકોને જરૂરી ખોરાક પૂરા પાડવા ભાગીદારોને સહાયક કરવા પર કેન્દ્રિત છે. નવા ભંડોળમાંથી ૫૦ લાખ ડોલર ગાઝામાં ૧૫ લાખથી વધુ ભોજન પ્રદાન કરવા માટે વર્લ્ડ સેન્ટ્રલ કિચનમાં જશે. વધારાના ૫ મિલિયન ડોલર યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)ને ફાળવવામાં આવશે, જે આ પ્રદેશમાં ખોરાક સહાય પૂરી પાડે છે. ઑક્ટોબર ૨૦૨૩થી, Minderooના નાણાકીય સહાયથી ગાઝામાં હજારો લોકોને સલામત પાણી, સ્વચ્છતા, તબીબી પુરવઠો, તબીબી પરામર્શ અને ખાદ્ય સહાય પહોંચાડવામાં મદદ મળી છે, ફાઉન્ડેશને જણાવ્યું હતું. ફોરેસ્ટે જણાવ્યું કે, "જ્યારે બાળકો ભૂખથી મરી રહ્યા છે ત્યારે માઈન્ડરૂ ફાઉન્ડેશન આળસથી બેસી રહેશે નહીં." તેમણે ગાઝામાં માનવતાવાદી કટોકટીને સંબોધવા માટે સખાવતી સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્ર તરફથી વધુ પ્રતિસાદ આપવા માંગ કરી હતી.



તેમણે જણાવ્યું કે, "અમે ઑસ્ટ્રેલિયામાં ગાઝામાં માનવતાવાદી જરૂરિયાતોને પ્રતિસાદ આપતી કેટલીક પરોપકારી સંસ્થાઓમાંના એક છીએ. અમે ઈચ્છીએ છીએ કે પરોપકારી અને ખાનગી ક્ષેત્ર ગાઝામાં માનવતાવાદી જરૂરિયાતોને પહોંચી વળવા વધુ મજબૂત રીતે કામ કરે." ઑક્ટોબર ૭ના રોજ શરૂ થયેલ ઈઝરાયેલી આક્રમણ, ગાઝાની લગભગ સમગ્ર વસ્તીને વિસ્થાપિત કરી, ચાલુ નાકાબંધીને કારણે આ પ્રદેશને ખોરાક, શુદ્ધ પાણી અને દવાની અત્યંત જરૂરિયાતમાં છોડી દેવામાં આવી છે.

# 'જન્મ ન આપ્યો હોત' : ગાઝાની માતા યુદ્ધ વચ્ચે નવજાત શિશુઓ માટે સંઘર્ષ કરી રહી છે

(એજન્સી) તા.૭

૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસની આગેવાની હેઠળના ઘાતક હુમલાએ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના વિનાશક પ્રતિશોધાત્મક આક્રમણને પ્રોત્સાહન આપ્યું હતું, જે છેલ્લા એક વર્ષથી વધુ તીવ્ર બન્યું છે અને નવા મોરચે ફેલાઈ ગયું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, વિસ્થાપિતમાં ગાઝાની માતા રાના સાલાહનો સમાવેશ થાય છે, જે મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહમાં છે શિબિરમાં સળગતા તંબુમાં તેણી તેના બાળકને યુદ્ધ અને વેદનાથી બરબાદ થયેલી દુનિયામાં લાવવા માટે ઊંડો અપરાધ અનુભવે છે. ગર્ભવતી ન થવી જો તે મારા પર નિર્ભર હોત, તો હું યુદ્ધ દરમિયાન ગર્ભવતી કે જન્મ આપતી નહીં, કારણ કે જીવન સંપૂર્ણપણે અલગ છે; અમે પહેલાં આવું જીવન ક્યારેય જીવ્યું નથી. તેણીના ભૂતકાળના અનુભવોને યાદ કરતાં જણાવ્યું કે, "મેં અગાઉ બે વાર જન્મ આપ્યો હતો અને મારા અને બાળક માટે જીવન વધુ સારૂં અને સરળ હતું. હવે, મને લાગે છે કે હું મારી જાત અને બાળક બંને સાથે અન્યાયી રહ્યી છું કારણ કે આપણે આના કરતાં વધુ સારા જીવનને લાયક છીએ."

સાલાહની પ્રેગ્નેન્સી દરમિયાન ગૂંચવણો ઊભી થયા બાદ મિલાનાનો જન્મ સિઝેરિયન વિભાગ દ્વારા હોસ્પિટલના તંબુમાં થયો હતો. ચાલુ સંઘર્ષે પરિવારોને તેમના ઘરે પાછા ફરતા અટકાવ્યા છે, યુનિસેફના આંકડાઓ અનુસાર,



ગત વર્ષે ગાઝામાં જન્મેલા લગભગ ૨૦,૦૦૦ બાળકોમાં મિલાનો સમાવેશ થાય છે. રાનાએ જણાવ્યું કે, "અમારા ઘરે પાછા ફરવાને બદલે, અમે એક તંબુથી બીજા તંબુમાં જતા રહીએ છીએ. જ્યાં રોગો ફેલાતા હોય છે અને પાણી દૂષિત હોય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)એ ગાઝામાં પોસ્ટપાર્ટમ સેવાઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાવ્યો છે, જે સ્ત્રીઓને જટિલતાઓ ધરાવે છે અને તેઓને જરૂરી સંભાળ મેળવવાની શક્યતા ઓછી છે, જેમ કે તેમના બાળકો સાથે થાય છે. WHOના પૂર્વીય ભૂમધ્ય પ્રાદેશિક કટોકટી નિર્દેશક રિક બ્રેનનના જણાવ્યા અનુસાર, નવજાત શિશુઓ કુપોષણનું જોખમ ધરાવે છે, ખાસ કરીને જો તેમની માતાઓ સ્તન દૂધના વિકલ્પના અભાવને કારણે સ્તનપાન કરાવવામાં અસમર્થ હોય. તેમણે નોંધ્યું કે સતત હલનચલન અને વિસ્થાપન નવજાત શિશુ માટે અત્યંત વિક્ષેપકારક હોઈ શકે છે, જે ચેપનું જોખમ વધારે છે. હું કેવી રીતે ઉછેર કરી શકું. મનાર અબુ જરાદ, જે હાલમાં યુનાઈટેડ નેશન્સ પેલેસ્ટીની રેફ્યુજી એજન્સી (UNRWA) દ્વારા સંચાલિત શાળા આશ્રયસ્થાનમાં રહે છે, તેણે ૪ સપ્ટેમ્બરે સિઝેરિયન વિભાગ દ્વારા તેની સૌથી નાની પુત્રી, સહરને જન્મ આપ્યો હતો, તેના પતિ યુદ્ધમાં મૃત્યુ પામ્યા. જન્મ માટે સિઝેરિયનની જરૂર પડશે તે જાણ્યા પછી, અબુ જરાદને ચિંતા થઈ કે તે શસ્ત્રક્રિયામાંથી સ્વસ્થ થયા પછી તેના અન્ય બાળકોની સંભાળ કેવી રીતે કરી શકશે.

# સીરિયાના દમાસ્કસમાં ઈઝરાયેલી હુમલામાં ત્રણ નાગરિકોનાં મોત

(એજન્સી) તા.૭

સીરિયાની રાજધાની દમાસ્કસ પર ઈઝરાયેલના હુમલામાં ત્રણ નાગરિકો મૃત્યુ પામ્યા છે અને અન્ય નવ ઘાયલ થયા હતા. સીરિયન અરબ ન્યૂઝ એજન્સી (SANA)એ અગાઉ અહેવાલ આપ્યો કે મંગળવારે સીરિયન રાજધાનીને નિશાન બનાવતા "વિશ્વાસઘાત ઈઝરાયેલી હુમલા"માં તેની ટેલિવિઝન એન્કર સફા અહેમદ મૃત્યુ પામ્યા હતા.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા ફૂટેજમાં એપાર્ટમેન્ટ બ્લોક્સથી ઘેરાયેલા રસ્તા પર એક કાર આગમાં લપેટાયેલી દેખાઈ રહી છે. રાજ્ય મીડિયા દ્વારા અહેવાલ કરાયેલ ત્રણ નાગરિક જાનહાનિમાં પ્રસ્તુતકર્તા હતો કે કેમ તે સ્પષ્ટ નથી. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલય અને સૈન્યએ ટિપ્પણી માટેની વિનંતીઓનો તરત જ જવાબ આપ્યો ન હતો.

સીરિયાની રાજધાની પર ઈઝરાયેલના



હુમલાના સમાચાર આવ્યા જ્યારે તેની સૈન્યએ પાડોશી લેબેનોનમાં "મર્યાદિત, સ્થાનિક અને લક્ષ્યાંકિત" ગ્રાઉન્ડ સ્ટ્રાઈક્સ શરૂ કર્યા અને સશસ્ત્ર સમૂહ હિઝબુલ્લાહને નિશાન બનાવીને તેના આક્રમણને વેગ આપ્યો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# 'પત્રકારોને સરકારની ટીકાનો અધિકાર' : સુપ્રીમકોર્ટે તો કહી દીધું પણ....

રાજા રજવાડાઓના સમયથી ભાટાઈની ચાલી આવતી પરંપરા લોકશાહીના રાજાઓને પણ ગમે છે. એટલે આઝાદી પછીની આપણી સરકારોને પણ ટીકા બહુ ગમતી ન હતી. જો કે જૂની સરકારોમાં ટીકા સહન કરવાની શકિત હતી... પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી અસ્તિત્વમાં આવેલી સરકારોને તો પોતાની ટીકા બિલકુલ ગમતી નથી અને ટીકા-ટિપ્પણીઓ કરનારાઓ વિરૂદ્ધ તે કડક કાર્યવાહી પણ કરવા લાગી છે. સરકારની વિરૂદ્ધ અખબારોમાં અહેવાલ, વિશ્લેષણ કે લેખ કે કોઈ ટિપ્પણી કરવામાં આવી હોય તો આવું કરનાર પત્રકારોને હેરાન પરેશાન કરી નાખવાની ઘટનાઓમાં હમણાથી તો બહુ ઉછાળો જોવા મળી રહ્યો છે. હદ તો ત્યાં થાય છે કે કેટલાક પત્રકારો વિરૂદ્ધ તો યુએપીએ જેવા ભયંકર કાયદા હેઠળ કેસો પણ દાખલ કરવામાં આવ્યા છે. જેના કારણે ઘણા પત્રકારો હજી પણ જેલોમાં કેદ છે કેમ કે આવી આકરી કલમો હેઠળ કરાયેલી કાનૂની કાર્યવાહીમાં જામીન પણ મળતા નથી ત્યારે આવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટની એ ટિપ્પણી પત્રકારો માટે રાહતરૂપ હોઈ શકે છે કે સરકારની ટીકા કરવાનો પત્રકારોને અધિકાર છે..પરંતુ જોવાનું એ રહ્યું કે સરકારોને આ વાત કયાં સુધી હજમ થાય છે. ઉત્તરપ્રદેશના એક પત્રકારની વિરૂદ્ધ દાખલ કરાયેલા કેસની સુનાવણી દરમ્યાન સુપ્રીમકોર્ટે ઉકત ટિપ્પણી કરી હતી અને આ દરમ્યાન સર્વોચ્ચ અદાલતે બંધારણે બક્ષેલી અભિવ્યકિતની આઝાદીની જોગવાઈની પણ સરકારને યાદ દેવડાવી અને સંબંધિત પત્રકારને ધરપકડ સામે સુરક્ષા પણ પ્રદાન કરી પરંતુ આ અગાઉ પણ ઘણા કેસોમાં સુપ્રીમકોર્ટ કહી ચૂકી છે કે સરકારની ટીકાને દેશદ્રોહ ગણી શકાય નહીં પરંતુ સર્વોચ્ચ અદાલતની આ ટિપ્પણીને કઈ સરકારે ગંભીરતાથી લીધી છે. ?

કેટલાક એવાંયે નામચીન રાજયોના દાખલા છે કે જ્યાં સરકારની કોઈ નીતિ કે નિર્ણયની ટીકા કરનારા પત્રકારોને પકડીને પૂરી દીધા અને પોલીસ મથકમાંય તેમની સાથે મારઝૂડ પણ કરાઈ... ઉ.પ્ર. અને મ.પ્ર. આ બે રાજયો તો આના માટે બહુ 'પ્રખ્યાત' છે. મ.પ્ર.માં તો પત્રકારોને કપડા કાઢીને પોલીસ સ્ટેશનમાં પૂરીને માર્યા હતા...ખરેખર તો સરકારે કે તેમના કહ્યાગરા પોલીસવાળા આવું એટલા માટે કરે છે કે તેમને સચ્ચાઈ લોકો સામે આવવા દેવી નથી હોતી... જ્યારે સ્વસ્થ લોકશાહીની એ નિશાની છે કે પત્રકારો દ્વારા કરાતી ટીકાને ઉત્તેજન આપવામાં આવે કે જેથી સરકારોને પોતાની નીતિઓ નક્કી કરવામાં યોજનાઓ બનાવવામાં અને તેના સંચાલનમાં સુધારા વધારા કરવાની ખબર પડે. પરંતુ ટીકાઓની અવગણના કરવાથી કે ટીકાકારોનાં યેનકેન પ્રકારેણ મ્હોં બંધ કરી દઈને ખોટી નીતિઓને ધરાર ચલાવતા રહેવું એ એક રીતે લોકતાંત્રિક પ્રક્રિયાઓનું ગળું રૂંધવાના પ્રયાસ જેવું છે. જો કે ટીકા-આલોચનાનો અર્થ દર વખતે નિંદા કરવાનો જ નથી થતો પરંતુ કોઈપણ મુદ્દાની તરફેણ કે વિરોધમાં તાર્કિક વિશ્લેષણ કરવાનો પણ હોય છે. આવી ટીકાઓનો ઉદ્દેશ્ય પ્રજાના હિતમાં સરકારને પગલા ભરવાનો માર્ગ દેખાડવાનો પણ હોય છે. પત્રકારત્વનું કામ જ આ છે અને મોટાભાગના જાગૃત પત્રકારો આ કામ કરી રહ્યા છે એટલે એમની એક આગવી વિશ્વસનીયતા પણ હોય છે. પરંતુ સરકારો જ્યારે પત્રકારત્વની મૂળ ભાવનાને જ બદલી દેવાનો પ્રયાસ કરે છે ત્યારે એની વિશ્વસનીયતા પર જ પ્રહાર કરે છે...આવા સંજોગોમાં સાચા પત્રકારો જેલોમાં જતાં રહે છે અથવા તો સંભવિત પગલાંઓ સહન કરવા તૈયાર થઈ જાય છે અને ઘણા ખરા સાચો રસ્તો બદલીને સરકારી ભાટાઈ-ચાટુકારિતાના માર્ગે વળી જાય છે જેના કારણે પત્રકારત્વ લોકશાહીના ચોથા સ્તંભને બદલે સરકારી પ્રચાર તંત્રમાં ફેરવાઈ જાય છે. કોઈપણ દેશના અખબારો કે અન્ય માધ્યમો કેટલા સ્વતંત્ર છે અને કેટલી નીડરતા સાથે શાસકોની ટીકા કરી શકે છે એનાથી જે તે દેશની સારી કે ખરાબ સ્થિતિનું માપ નીકળે છે. હવે આપણને સમજાઈ જવું જોઈએ કે વિશ્વના સુખાકારી આંકડામાં એટલે કે વૈશ્વિક ખુશી સૂચકાંકમાં ભારતનું સ્તર સતત નીચે જ ગગડતું જઈ રહ્યું છે એની પાછળનું કારણ શું છે ? કોઈપણ દેશની ખુશાલીનું પ્રમાણ માપવાનું એક સાધન અભિવ્યકિતની આઝાદી પણ હોય છે ત્યારે એ દેશો અંગે શું કહેવાનું કે જેઓ આર્થિક વિકાસની તો ગુલબાંગો પોકારે છે પરંતુ પ્રજાની ખુશહાલીના માપદંડોમાં સાવ ગરીબ ગણાતા દેશોથી પણ પાછળ નજરે પડે છે. મીડિયા આર્થિક, સામાજિક અને રાજકીય અસંતુલનને દૂર કરવામાં સહાયરૂપ બને છે ત્યારે એનો લાભ લેવાને બદલે જો એનું જ ગળું દબાવી દેવાનો પ્રયાસ થશે તો એ દેશ કે રાજ્ય પ્રગતિ કઈ રીતે કરી શકશે ? બાકી જો સરકાર ખરેખર પ્રજાભિમુખ હશે તો તે પોતાની ટીકામાંથી કંઈક શીખવાનો પ્રયાસ કરશે, ટીકાકારોને જેલમાં પૂરશે નહીં.

# યોગીની પ્રશંસા કરનાર ઉત્તરપ્રદેશના ન્યાયાધીશે હવે તેમના ચુકાદામાં લવ જેહાદને ષડયંત્ર ગણાવતા 'વિદેશી ભંડોળ અને વસ્તી યુદ્ધ' જેવા પરિબળો અંગે ટિપ્પણી કરી

"લવ જેહાદ," શબ્દ એ મુસ્લિમ પુરુષો અને હિન્દુ સ્ત્રીઓ વચ્ચેના સંબંધો દર્શાવવા માટે ઉગ્રવાદી હિંદુત્વ ઈકોસિસ્ટમ દ્વારા ઉત્પાદિત એક ષડયંત્ર સિદ્ધાંત છે. ઉત્તર પ્રદેશના બરેલીમાં નીચલી અદાલતના ચુકાદામાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એક ન્યાયાધીશે, એક મુસ્લિમ પુરુષને ખોટી હિંદુ ઓળખ આપીને તેની હિંદુ ગર્લફ્રેન્ડ પર બળાત્કાર કરવાના આરોપમાં આજીવન કેદની સજા સંભળાવતા, ચુકાદો આપ્યો કે આ 'લવ જેહાદ'નો કેસ છે. જો કે મુસ્લિમ વ્યક્તિ, મોહમ્મદ આલીમ અને તેના પિતા સામેના ફોજદારી કેસમાં ગેરકાનૂની ધર્માંતરણના આરોપો સામેલ ન હતા, પણ વધારાના જિલ્લા ન્યાયાધીશ રવિકુમાર દિવાકરે એવું તારણ કાઢ્યું હતું કે તે "લવ જેહાદ દ્વારા ગેરકાનૂની ધર્માંતરણનો કેસ" હતો અને તેઓએ રાજયના કડક ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ આરોપો ન મૂકવા માટે પોલીસની ટીકા કરી હતી.

ન્યાયાધીશ દિવાકર માટે આવા વિવાદો નવા નથી, આ વખતે તેમણે કહ્યું કે લવ જેહાદ હેઠળ, મુસ્લિમ પુરુષો સંગઠિત રીતે ઈસ્લામમાં ધર્મ પરિવર્તન માટે લગ્ન દ્વારા હિન્દુ મહિલાઓને નિશાન બનાવે છે. મુસ્લિમ પુરુષો, "પ્રેમના ઢોંગ" અને "છેતરપિંડી" દ્વારા, હિંદુ મહિલાઓને ઈસ્લામમાં રૂપાંતરિત કરવાના હેતુથી લગ્ન કરે છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ આપવામાં આવેલા તેના ૪૨ પાનાના દોષિત ચુકાદામાં દિવાકરે જણાવ્યું હતું કે લવ જેહાદનો મુખ્ય ધ્યેય કોઈ ચોક્કસ ધાર્મિક સમુદાયના કેટલાક અરાજક તત્વો ભારત સામે વસ્તી યુદ્ધ કરી રહ્યા છે અને તે આંતરરાષ્ટ્રીય કાવતરાનો ભાગ છે.

ન્યાયાધીશ દિવાકરે જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર "લવ જેહાદ દ્વારા ધર્માંતરણ"નો અંત ન લાવે તો દેશને "ગંભીર પરિણામો"નો સામનો કરવો પડી શકે છે, જેમાં હિન્દુ છોકરીઓને પ્રેમમાં ફસાવવા માટે સિન્ડિકેટ દ્વારા આવું કરવામાં આવી રહ્યું છે. જજ દિવાકરે જણાવ્યું હતું કે, આ સિન્ડિકેટ બિન-મુસ્લિમ સમુદાયોના નબળા વર્ગો, આદિવાસીઓ, દલિતો તેમજ પછાત જાતિની મહિલાઓ અને બાળકોને વિવિધ લાલચ, મનોવૈજ્ઞાનિક દબાણ અને "બ્રેઈનવોશ" દ્વારા મોટા પાયે ઈસ્લામમાં ધર્માંતરિત કરવા માટે નિશાન બનાવી રહી છે. આ એટલા માટે કરવામાં આવી રહ્યું છે કે, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિ ભારતમાં પણ સર્જાઈ શકે. દિવાકરે દાવો કર્યો કે બરેલી કેસમાં છોકરી અન્ય પછાત જાતિ (ઓબીસી) સમુદાયની છે.

ન્યાયાધીશે દાવો કર્યો હતો કે તે લવ જેહાદ પાછળ વિદેશી ભંડોળની શક્યતાને નકારી શકે તેમ નથી. લવ જેહાદ માટે મોટી રકમની જરૂર પડે છે. દિવાકરે જણાવ્યું હતું કે ગેરકાયદેસર ધર્માંતરણને હળવાશમાં લઈ શકાય નહીં, કારણ કે તે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે ખતરો છે.

ન્યાયાધીશ દિવાકરે અગાઉ ૨૦૨૪માં ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને આધુનિક સમયના 'ફિલોસોફર રાજા' તરીકે બિરદાવ્યા હતા અને દેશમાં સાંપ્રદાયિક રમખાણો માટે રાજકીય પક્ષો દ્વારા મુસ્લિમોના 'તુષ્ટિકરણ'ને જવાબદાર ઠેરવ્યા પછી વિવાદ થયો હતો. અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા આ ટિપ્પણીને હટાવી દેવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમની ટિપ્પણીઓ રાજકીય અભિવ્યક્તિઓ અને અંગત મંતવ્યો ધરાવતી બિનજરૂરી અભિવ્યક્તિ હતી.


ન્યાયાધીશ રવિકુમાર દિવાકર તેમના વિવાદાસ્પદ નિવેદનોને લઈને અગાઉ પણ હેડલાઈન્સમાં આવ્યા છે, હવે તેમણે કહ્યું છે કે જો 'લવ જેહાદ' રોકવામાં નહીં આવે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.

૨૦૨૨માં, દિવાકરે, વારાણસીમાં ન્યાયાધીશ તરીકે સેવા આપતા, જ્ઞાનવાપી મસ્જિદને લગતા વિવાદાસ્પદ નિર્દેશો પસાર કર્યા હતા. દિવાકરે, સિવિલ જજ સિનિયર ડિવિઝન તરીકે, મુઘલ યુગની મસ્જિદના એક ભાગને સીલ કરવાનો આદેશ આપ્યો હતો. દિવાકરે પાંચ હિંદુવાદીઓની અરજીના જવાબમાં કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનર દ્વારા જ્ઞાનવાપી મસ્જિદની અંદર વિડિયોગ્રાફીની મંજૂરી પણ આપી હતી. વાદીઓ મસ્જિદની પશ્ચિમી દીવાલની બહાર કથિત હિંદુ બાજુમાં શ્રીંગરગૌરીમાં પ્રાર્થના કરવા માટે દૈનિક પ્રવેશની માંગ કરી રહ્યા હતા.

તાજેતરના બરેલી કેસમાં, દિવાકરે આલીમને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (૨) હેઠળ દોષિત ઠેરવ્યો હતો જે એક જ મહિલા પર વારંવાર બળાત્કાર કરવા સાથે સંબંધિત છે. આલીમને ઈરાદાપૂર્વક અપમાન કરવા અને ગુનાહિત ધમકી આપવા બદલ પણ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેના પિતા, સાબીરને આઈપીસીની કલમ ૫૦૪ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા બાદ બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, જે શાંતિ ભંગ કરવા અને ઈરાદાપૂર્વકના અપમાન સાથે સંબંધિત છે.

૨૦૨૩માં યુવતીની ફરિયાદ પર FIR દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ હતો કે તેના બોયફ્રેન્ડ આલિમે તેના પર હિંદુ નામ 'આનંદ' ધારણ કરીને અનેક પ્રસંગો પર બળાત્કાર ગુજાર્યો હતો. તેણીએ કહ્યું કે તેણીને ત્યારે જ ખબર પડી કે તે મુસ્લિમ છે જ્યારે તેણી ગર્ભવતી થઈ અને તેના ઘરે ગઈ હતી. યુવતીએ આરોપ લગાવ્યો હતો કે તેઓ કોમ્પ્યુટર કોચિંગ સેન્ટરમાં મળ્યા હતા અને ૨૦૨૨માં સ્થાનિક મંદિરમાં તેના કપાળ પર સિંદૂર લગાવ્યા પછી 'લગ્ન' પણ કરી લીધા હતા. યુવતીએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેણે ઔપચારિક લગ્નનો આગ્રહ રાખ્યો ત્યારે આલીમ અને તેના પરિવારે તેના પર ઈસ્લામ સ્વીકારવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો અને તેણીને ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હતું.

જો કે, કોર્ટમાં જુબાની આપતી વખતે, ૨૩ વર્ષની આ છોકરીએ તેના પ્રારંભિક નિવેદનો પાછા ખેંચી લીધા હતા. તેણીએ જણાવ્યું હતું કે આલીમ પર ગુનાઓનો આરોપ મૂકતા મેજિસ્ટ્રેટ સમક્ષ તેણી દ્વારા નોંધાયેલ FIR અને નિવેદન, તેના માતાપિતા અને હિંદુ જમણેરી જૂથોના દબાણ હેઠળ કરવામાં આવ્યું હતું, જેમણે તેના મુસ્લિમ સાથેના લગ્ન સામે વાંધો ઉઠાવ્યો હતો.

જો કે જજ દિવાકરે તેના નિવેદનને ફગાવી દીધું હતું અને સંકેત આપ્યો હતો કે તેણી આલીમથી પ્રભાવિત હતી. ન્યાયાધીશે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે છોકરી ઘણા વર્ષોથી તેના માતાપિતાથી દૂર રહેતી હોવાથી, તે એન્ડ્રોઈડ ફોન સાથે કોર્ટમાં આવવા અને જીવનના અન્ય ખર્ચાઓ તેને કેવી રીતે પરવડી શકે છે? તેમણે કહ્યું કે આલીમે તેને આર્થિક મદદ કરી હશે.

ન્યાયાધીશ દિવાકરે કોર્ટ રજિસ્ટ્રારને તેમના ચુકાદાની નકલ પોલીસ અધિક્ષક બરેલીને મોકલવા માટે તમામ પોલીસ સ્ટેશનોને ચેતવણી આપવા માટે પણ નિર્દેશ આપ્યો હતો કે, જ્યારે પણ લવ જેહાદ અથવા અન્ય પ્રકારના ગેરકાયદેસર ધર્માંતરણના કેસ હોય, તો અન્ય કાયદાની કલમો સાથે, પોલીસે ઉત્તર પ્રદેશના ગેરકાયદેસર ધર્મ પરિવર્તનના નિષેધ અધિનિયમ, ૨૦૨૧ હેઠળ પણ કાર્યવાહી કરવી જોઈએ. ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે ચુકાદાની નકલો યુપીના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને ગૃહ સચિવને મોકલવામાં આવશે જેથી તેઓ રાજ્યમાં ગેરકાનૂની ધર્માંતરણ કાયદાનું કડક પાલન સુનિશ્ચિત કરી શકાય.

'લવ જેહાદ' જેવા શબ્દોનો ઉપયોગ મોટાભાગે મુખ્યપ્રવાહના મીડિયાના મોટા વર્ગો તેમજ ભારતીય જનતા પાર્ટી અને તેના સહયોગીઓ દ્વારા હિન્દુ સ્ત્રીઓ સાથેના સંબંધોમાં મુસ્લિમ પુરુષોને આરોપી બનાવવા માટે કરવામાં આવે છે. જો કે, આ શબ્દને કોઈ કાનૂની આધાર કે માન્યતા નથી. દિવાકરે તેના ૪૨ પાનાના ચુકાદામાં ઘણી વખત ઉલ્લેખ કર્યો છે તે ગેરકાયદેસર ધર્માંતરણ કાયદામાં તેને કોઈ સ્થાન નથી. ૨૦૨૧માં, યોગી આદિત્યનાથ સરકારે અલ્હાબાદ હાઈકોર્ટમાં એક સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ધ્યાન દોર્યું હતું કે કાયદાના ડ્રાફ્ટમાં ક્યાંય પણ "લવ જેહાદ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આ વટહુકમ તમામ પ્રકારના બળજબરીપૂર્વકના ધર્માંતરણને સમાન રીતે લાગુ પડે છે અને તે આંતર-શ્રદ્ધાળુ લગ્નો સુધી સીમિત નથી. તેથી, એવું કહી શકાય નહીં કે આ વટહુકમ "લવ જેહાદ"ના નામે બહાર પાડવામાં આવ્યો છે. આ કાયદાની બંધારણીય માન્યતાને, પ્રયાગરાજ સ્થિત વકીલ દ્વારા કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

**- ઓમર રશીદ**

**(સૌ. : ધ વાયર)**

### મોડી રાત્રે રેતી ચોરીનો પર્દાફાશ કરતી પોલીસ

## અમદાવાદના વિવેકાનંદ નગરમાં ખનન માફિયા રેતી ચોરી કરતા ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં રેતી ચોરીનો પર્દાફાશ થયો છે. શહેરના છેવાડે આવેલા વિવેકાનંદ નગરમાં કેટલાક ખનન માફીયા મોડીરાતે ડમ્પર અને JCB લઈને આવ્યા હતા અને બીન્દાસ રેતી ચોરી કરી રહ્યા હતા. રેતી ચોરીની જાણ મોડીરાતે પોલીસને થતા તેઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગયા હતા અને સમગ્ર ઘટનાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે બે જેસીબી અને ત્રણ ડમ્પર જપ્ત કર્યુ છે

સામાન્ય રીતે નદીમાંથી ખનન માફિયા રેતીની ચોરી કરતા હોય છે પરંતુ, વરસાદ પડ્યો હોવાના કારણે નદીમાં

### JCB અને ત્રણ ડમ્પર જપ્ત

પાણી હોવાથી રેતી ચોરવી મુશ્કેલ બની ગઇ છે. ખનન માફિયાઓ શહેરના છેવાડે આવેલા અનેક વિસ્તારોમાં કે જ્યા રેતીના ઢગલા હોય ત્યા ચોરી કરવાનો પ્લાન બનાવી દીધો હતો. નવરાત્રીનો પર્વ ચાલી રહ્યો છે ત્યારે પોલીસ ઠેર-ઠેર બંદોબસ્તમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં તસ્કરો અને માફિયાઓ એક્ટિવ બન્યા છે. મોડીરાતે ગુનેગારો પોતાના ઈરાદા પાર પાડવા માટે મેદાનમાં ઉતરતા હોય છે. ગઈકાલે ખનન માફિયા પોતાના ઈરાદા પાર પાડવા માટે મેદાનમાં આવ્યા હતા પરંતુ, પોલીસની સતર્કતાના કારણે તેમનો પર્દાફાશ થયો છે.પોલીસ ગઈકાલે બંદોબસ્તમાં હતી ત્યારે વિવેકાનંદ નગર વિસ્તારમાં JCB અને ડમ્પર લઈને ખનન માફીયા રેતી ચોરવા માટે આવ્યા હતા. વિવેકાનંદ નગરની અવાવરૂ જગ્યામાં જ્યારે રેતી ચોરીનું કામ ચાલી રહ્યુ હતું ત્યારે પોલીસને જાણ થઈ ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ પોલીસને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોચ્યા હતા અને રેતીચોરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસને જોતાની સાથે જ ખનન માફીયાના સાગરીતોએ નાસભાગ મચાવી દીધી હતી. જોકે, પોલીસ તમામને ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્રણ ડમ્પર અને બે JCB જપ્ત કર્યા છે અને તમામની અટકાયત કરી છે.

### રાજ્યમાં દીવ-દમણ નેવલ એરિયાના

## કમાન્ડિંગ રીયર એડમિરલે મુખ્યમંત્રીની મુલાકાત લીધી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં દીવ,દમણ નેવલ એરિયાના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ રીયર એડમિરલ સતિષ વાસુદેવે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી. ૧૯૯૩થી ભારતીય નૌકાદળમાં જોડાયેલા સતિષ વાસુદેવ ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાથી ગુજરાત, દમણ અને દિવ નેવલ એરિયાના ફ્લેગ ઓફિસર કમાન્ડીગ તરીકે નિયુક્ત થયેલા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની તેમની આ સૌજન્ય મુલાકાતમાં તેમણે રાજ્યના ૧,૬૦૦ કિ.મી.લાંબા સમૃદ્ધ કિનારાની વ્યૂહાત્મક્તા અંગે પણ ચર્ચા-વિમર્શ કર્યો હતો.

### કેન્દ્રીય વિદ્યાલય ખાતે વિવિધ ઉત્પાદનોનું પ્રદર્શન પણ યોજાયું

## ભારતીય માનક બ્યુરો દ્વારા શાહીબાગ ખાતે સ્ટાન્ડર્ડ કાર્નિવલનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગ્રાહકોના અધિકારોના રક્ષણ અને ગ્રાહક સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ ભારતની રાષ્ટ્રીય માનક સંસ્થા ભારતીય માનક બ્યુરો (BIS) દ્વારા નાગરિકોમાં જાગૃતિ આવે તે હેતુથી શાહીબાગ ખાતે આવેલ કેન્દ્રીય વિદ્યાલય ખાતે સ્ટાન્ડર્ડ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતની રાષ્ટ્રીય માનક સંસ્થા BIS એ ૧૯૪૭માં તેની શરૂઆતથી જ ભારતના ઉદ્યોગ અને ગ્રાહકોને સેવા આપી રહ્યું છે. આ સંસ્થા ૧૯૭૧થી અમદાવાદ ખાતેની શાખા દ્વારા ગુજરાત રાજ્યમાં સેવા આપે છે. આ સંસ્થા ખાદ્ય પદાર્થોથી માંડીને ઈલેક્ટ્રોનિક્સ સુધીની ભારતમાં ઉત્પન્ન થતી પેદાશોને પ્રમાણીકરણનું પ્રમાણપત્ર આપતી સરકાર માન્ય સંસ્થા થકી ગુણવત્તા અને નવીનતા પ્રત્યે રાજયની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કેન્દ્રીય વિદ્યાલય ખાતે આયોજિત સ્ટાન્ડર્ડ કાર્નિવલમાં ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાના કાર્યો અંગે જાગૃતિ આવે તે માટે ખાસ વિદ્યાર્થીઓ અને મહાનુભાવોને અપીલ કરી હતી. ભારતીય માનક બ્યુરો દ્વારા કેન્દ્રીય વિદ્યાલય ખાતે આ બાબતે ખાસ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ માહિતી મેળવી હતી. કાર્યક્રમના અંતે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં BIS અમદાવાદ બ્રાન્ચના હેડ સુમિત સેંગર, જોઈન્ટ ડાયરેક્ટર અમિતકુમાર અગરવાલ, કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના ડેપ્યુટી કમિશનર શ્રુતિ ભાર્ગવ તેમજ અન્ય મહાનુભાવો સાથે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરમાં પિસ્તોલ અને ત્રણ કારતૂસ સાથે ઈસમની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ દ્વારા હથિયાર સાથે વાસણા-સરખેજ રોડ પરથી એક યુવકની ધરપકડ કરવામાં આવી છે. યુવક મધ્યપ્રદેશના વસીમ ઉર્ફે લાલા પાસેથી હથિયાર લાવ્યો હોવાની વાત સામે આવી છે,આરોપી કોને હથિયાર કયાં આપવાનો હતો તેને લઈ વધુ તપાસ હાથ ધરી છે. ક્રાઈમબ્રાન્ચે ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે. તહેવાર સમયે સૌથી વધુ હથિયાર અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ ઝડપતી હોય છે,આરોપીઓ દ્વારા મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશથી હથિયાર લાવીને તેનું ગુજરાતમાં વેચાણ કરતા હોવાની વાત સામે આવી છે. આરોપી મોઈનખાન પઠાણ કે જે હથિયાર કોઈને આપે તે પહેલા જ તેને ઝડપી લેવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે આર્મસ એકટ હેઠળ ગુનો નોંધ્યો છે. અમદાવાદ ગ્રામ્ય અને સુરેન્દ્રનગરમાં ઢગલા બંધ હથિયારો ૮૦ હજારથી ૧ લાખમાં વેચ્યા હોવાનું સામે આવ્યું છે.ત્યારે આરોપી મધ્યપ્રદેશથી ખાનગી વાહનમાં હથિયાર છુપાવીને ગુજરાતના અલગ અલગ ખુણે પહોંચાડતા હોવાનું સામે આવ્યું છે.અત્યાર સુધી કોને કોને હથિયાર આપ્યા છે જેને લઈ તપાસ કરી રહ્યા છે. આરોપીઓએ ભૂતકાળમાં લૂંટ જેવા ગંભીર ગુનાઓ આચર્યા છે. તો બીજી તરફ આરોપી પાસેથી હથિયાર જથ્થા મળી આવતા આરોપી કોઈ અન્ય ગુનાને અંજામ આપવાના હતા કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે. ત્યારે હથિયાર નેટવર્કમાં અન્ય કોણ કોણ સંડોવાયેલા છે કે કેમ તેને લઈ તપાસ તેજ કરી છે.

### હવામાન વિભાગની આગાહી

## રાજ્યમાં ફરી વરસાદ પડવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૭

ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લીધી છે કે નહીં તે હજુ સ્પષ્ટ થયું નથી. કારણ કે, વરસાદની આગાહી ચાલુ છે. ઓક્ટોબરની શરૂઆતથી હવામાન શુષ્ક હતું. પરંતુ હવે ફરી વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગે ગુજરાતમાં ફરી વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે ગીરસોમનાથમાં વરસાદ પડી ચૂક્યો છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની પણ સંભાવના છે, જેના કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બપોર સુધી સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, દીવ, જૂનાગઢ, રાજકોટ, બોટાદ અને પોરબંદરમાં હળવા વરસાદની શક્યતા છે. જો આજે આ વિસ્તારોમાં વરસાદ થશે તો ખેલાડીઓની નવરાત્રી બગડી જશે. જો વરસાદ પડશે તો ખેલાડીઓએ કાદવમાં ગરબા રમવા પડશે.

હવામાનશાસ્ત્રી પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે કે આ વખતે ચોમાસું લાંબુ રહેશે. ગુજરાતના કેટલાક ભાગોમાં હજુ પણ ચોમાસું સક્રિય છે. હજુ આઠ-નવ તારીખો બાકી છે. છૂટાછવાયા મધ્યમ વરસાદની શક્યતા છે. આ વરસાદ ૮થી ૯ તારીખની વચ્ચે પડી શકે છે.

**હદીસ બોધ**

અહંકારી અથવા અભિમાની ન બનો. - હદીસ બોધ

**બોધ વચન**

મોટાભાગના લોકો પોતાના નાણાં ખર્ચાય અને પૂરા થઈ ન જાય ત્યાં સુધી તેની દરકાર કરતા નથી. ઘણાં લોકો સમયની બાબતમાં પણ આવો જ વર્તાવ કરે છે. - ગેટે

**આજની આરસી**

૮ ઓક્ટોબર મંગળવાર ૨૦૨૪
૪ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો સુદ પાંચમ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૫ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૭ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૪ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૦ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**મન કી દૌલત હાથ આતી હૈ તો ફીર જાતી નહિ**
**તન કી દૌલત છાંવ હૈ, આતા હૈ ધન જાતા હૈ ધન**

માનવ જયારે સ્વયંને પામી લે છે તો અઢળક રૂહાની ખજાનો પ્રાપ્ત થાય છે જે કયારેય ખૂટતો નથી. તે અલ્લાહમય બની જાય છે, બાકી ધનદૌલત, વૈભવ અલ્પકાલીન છે. બોધ છે કે દુન્યવી વૈભવ પાછળ દોટ ન મૂકવી જોઈએ.

- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# રાહુલ ગાંધીનો દાવો, મેં શાળાના અભ્યાસક્રમમાં ક્યારેય દલિત ઈતિહાસ વાંચ્યો નથી; જે કંઈ હતું એ પાઠ્યપુસ્તકોમાંથી હટાવી દેવાયું છે

**રાહુલ વારંવાર જાતિના મુદ્દા અંગે ચર્ચા કરતા રહ્યા છે અને અનામતની ૫૦%ની મર્યાદા પણ ઉઠાવી લેવાની માગણી કરતા રહ્યા છે, આ રીતે શનિવારે પણ કોંગ્રેસ નેતાએ ભારપૂર્વક કહ્યું હતું કે ભારતનો ઈતિહાસ જે દલિતો સાથે સંકળાયેલો છે તેના અભ્યાસ અને સમજણ વિના શિક્ષણ અધૂરૂં છે**



(એજન્સી) કોલ્હાપુર, તા.૭

કોંગ્રેસના નેતા અને લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વધુ એક વાર જાતિનો મુદ્દો ઉઠાવ્યો હતો અને એવો દાવો કર્યો હતો કે મેં મારા શાળાના સમયમાં કદી પણ દલિતોના ઈતિહાસને વાંચ્યો નથી કેમકે દલિતો અને પછાત વર્ગોને લગતી જે કંઈ બાબતો કે વિષય હતા એ આજે તો પાઠ્યપુસ્તકોમાંથી પણ દૂર કરી દેવામાં આવ્યા છે.

કોલ્હાપુરમાં સંવિધાન સન્માન સંમેલનમાં બોલતા તેમણે કહ્યું હતું કે ઈતિહાસને સમજ્યા વિના અને દલિતો સાથે સંકળાયેલા ઈતિહાસને જાણ્યા વિના શિક્ષણ શક્ય નથી. આપણું પોતાનું સ્થાન અને જગ્યાને જાણ્યા વિના શિક્ષણ અધૂરૂં છે. તેમણે અનામતની ૫૦% મર્યાદાને દૂર કરવાની પણ માગણી કરી હતી અને કહ્યું હતું કે બંધારણ બચાવવા માટે એ જરૂરી છે અને કોંગ્રેસ તથા ઈન્ડિયા બ્લોક મહારાષ્ટ્રમાં એ જરૂર કરશે. તમે ઓબીસી સમાજને જુઓ. મને સ્વપ્નિલ કુમારે એક પ્રતિમા આપી ત્યારે મને લાગ્યું કે એમના હાથમાં કારીગરી છે અને કૌશલ્ય છે. જે હાથોમાં કૌશલ્ય છે તેમને પાછળ ધકેલી દેવાયા છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં ૨૪ કલાક આવું બની રહ્યું છે મેં શાળામાં ક્યારેય પણ દલિતો અને પછાતો વિશે વાંચ્યું નથી. આજે તો તેનાથી પણ ઊલટું છે કેમકે દલિતોનો ઈતિહાસ પુસ્તકોમાંથી દૂર કરવામાં આવી રહ્યો છે. ઈતિહાસને જાણ્યા વિના આપણું પોતાનું સ્થાન આપણી ભૂગોળ અને સમજવાનું અને શિક્ષણ મેળવવાનું મુશ્કેલ છે.

રાહુલ ગાંધીએ હમણાં અનેક વખત જાતિ આધારિત વસ્તી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો છે અને ૫૦% અનામતની મર્યાદા પણ દૂર કરવાનો સતત આગ્રહ કર્યો છે અને માગણી કરતા રહ્યા છે. આ પહેલા પણ તેમણે એકવાર કહ્યું હતું કે મેં મિસ ઈન્ડિયાની યાદી નિહાળી પણ તેમાં એક પણ દલિત યુવતી નથી કે આદિવાસી નથી કે ઓબીસીની મહિલા પણ નથી આ દેશમાં ૯૦% લોકો દેશની વ્યવસ્થાનો ભાગ જ રહ્યા નથી એટલે અમે જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી કરી રહ્યા છીએ.

# શ્રીકાકુલમમાં શિક્ષકની બેદરકારીથી દલિત વિદ્યાર્થીને ગંભીર ઈજા થતાં પગલાં લેવાની માગણી



વિશાખાપટ્ટનમ, તા.૭

બહુજન વેલ્ફેર એસોસિએશનના મહામંત્રી કે. વેંકટરમણે તેલુગુ શિક્ષક નગારી અરૂણકુમાર સામે તાત્કાલિક પગલાં લેવાની માગણી કરી છે. શ્રીકાકુલમ જિલ્લામાં પેઢી ભીમવરમ ખાતે આવેલી ઝેડ પી હાઈસ્કૂલમાં બનેલી એક ઘટનામાં એક દલિત વિદ્યાર્થી ચેનના કુમારને આંખમાં ગંભીર ઈજા થઈ હતી. એ ઘટના બદલ એ શિક્ષક સામે પગલા લેવાનો અવાજ ઊઠી રહ્યો છે. વેંકટરમણે પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે દલિત વિદ્યાર્થીને શિક્ષકે સમયસર સારવારની વ્યવસ્થા કરાવી નહોતી અને ગંભીર બેદરકારી બતાવી હતી જેના કારણે વિદ્યાર્થીની હાલત વધુ બગડી જવા પામી હતી. સ્થાનિક સત્તાવાળાઓએ પણ કોઈ પગલાં લીધા નથી એ ઘણું નિરાશાજનક છે કેમ કે કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ આ પરિસ્થિતિ અંગે કોઈ ધ્યાન આપ્યું નથી અને શિક્ષક સામે પગલાં લીધા નથી.

# જૌનપુરમાં બહુજન સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડીને સમાજવાદી પાર્ટીમાં જોડાતા બે ડઝન નેતાઓ અને કાર્યકરો

(એજન્સી) જૌનપુર, તા.૭

શનિવારે જૌનપુરમાં સમાજવાદી પાર્ટીના જિલ્લા ઘટકની માસિક નિયમિત બેઠક મળી હતી તેમાં દલિત સમાજના ૨૪ આગેવાનો અને કાર્યકરો બહુજન સમાજવાદી પાર્ટી છોડીને સમાજવાદી પાર્ટીમાં વિધિસર જોડાયા હતા. જિલ્લા સપા પ્રમુખ રાકેશ મૌર્યએ જણાવ્યું હતું કે દલિત કાર્યકરો ૨૦૨૭ માટેની ચૂંટણીઓ માટે એકદમ સજ થઈ રહ્યા છે. અમારી વિચારધારા સાથે શક્ય તેટલા વધુ લોકો જોડાય એવા અમારા પ્રયાસો છે. જિલ્લા સમાજવાદી પાર્ટીના નેતાઓ જિલ્લા પંચાયતના સભ્ય વિજયશંકર બરફી અને અન્ય નેતાઓએ દલિત કાર્યકરોને આવકાર આપ્યો હતો અને એમને સપાની ટોપી અને ખેસ પહેરાવ્યા હતા. બાબાસાહેબ વાહિનીના રાષ્ટ્રીય મંત્રી તરીકે નિમણૂક બદલ વિજયશંકરનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખે જણાવ્યું હતું કે અત્યારે જૌનપુર જિલ્લામાં સમાજવાદી પાર્ટી સૌથી મોટો પક્ષ બનીને ઉભરી રહી છે અને રાજ્યમાં પણ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહી છે અને એ બધુ કાર્યકરોને આભારી છે.



# પાકિસ્તાન સામેની જીત છતાં ભારતનો સેમિફાઈનલનો માર્ગ આસાન નથી

નવી દિલ્હી, તા.૭

હરમનપ્રીત કૌરના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયાએ રવિવારે કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવી મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ના પોઈન્ટ ટેબલમાં પોતાનું ખાતું ખોલી લીધું છે. જો કે, પાકિસ્તાન સામેની આ જીત છતાં ટીમ ઈન્ડિયાનો સેમિફાઈનલનો માર્ગ આસાન નથી. ટીમ ઈન્ડિયાને આગામી બે મેચ એશિયન ચેમ્પિયન શ્રીલંકા અને ગત ટી-૨૦ વર્લ્ડકપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા

## મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયાએ બાકીની બંને મેચ જીતવી જ પડશે

સામે રમવાની છે. ભારતને સેમિફાઈનલમાં પહોંચવા માટે આ બંને મેચો જીતવી ઘણી મહત્ત્વનું છે. જો અહિંયાથી એક પણ મેચ ભારત હારશે તો તેના માટે ઘણી મુશ્કેલીઓ ઊભી થશે. ભારત માટે મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ની શરૂઆત સારી રહી ન હતી. ટીમ ઈન્ડિયાને ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં જ ન્યુઝીલેન્ડ સામે કારમા પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ન્યુઝીલેન્ડ સામેની ભારતની આ હાર એટલા માટે મોટી હતી કારણ કે, આનાથી નેટ રનરેટ પર ઘણી ખરાબ અસર થઈ હતી. ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ ભારતની નેટ રનરેટ -૨.૯૦૦ની થઈ ગઈ હતી. આવામાં ભારતે પાકિસ્તાન સામે ના ફક્ત જીત મેળવવાની હતી પણ મોટા માર્જિનથી મેચ જીતવાની હતી પણ ટીમ ઈન્ડિયા આવું કરવામાં નિષ્ફળ ગઈ. ભારતે ૧૦૬ રનનો ટાર્ગેટ ૧૮.૫ ઓવરમાં ચેજ કર્યો. આવામાં ટીમ ઈન્ડિયા પોતાના નેટ રનરેટમાં વધારે સુધારો કરી શકી નહીં. પાકિસ્તાન સામેની જીત બાદ ભારતની નેટ રનરેટ -૧.૨૧૭ની છે અને ટીમ ગ્રુપ-એના પોઈન્ટ ટેબલમાં ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન બાદ ચોથા સ્થાને છે. જો શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ આગામી બે મેચોમાંથી ભારત એકપણ મેચ હારશે તો મામલો નેટ રનરેટ પર ફસાઈ શકે છે. ટીમ ઈન્ડિયાનો હાલ જે નેટ રનરેટ છે તેનો જોઈ લાગતું નથી કે, ભારત આગામી રાઉન્ડમાં સ્થાન મેળવી શકશે. આવામાં ભારત પાસે આગામી બંને મેચ જીતવા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

# ઇંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટરના 'શું તમે ટેસ્ટ મેચ રમી રહ્યા છો ?' અપશબ્દો બાદ યુસુફ પઠાણે સણસણતો જવાબ આપવામાં કોઇ દયા બતાવી નહીં



નવી દિલ્હી, તા.૭

તમે પ્રોફેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ ચૂક્યા હોય પણ તમે હજુ પણ પોતાની અંદર રમતને જીવંત રાખી શકો છો. લિજેન્ડ્સ લીગ ક્રિકેટની અવધારણા આવી જ છે. જે મૈત્રીપૂર્ણ મુકાબલો અને સ્પર્ધાત્મક ભાવના વચ્ચે યોગ્ય સંતુલન પ્રદાન કરે છે. કારણ કે, રમતના દિગ્ગજોને પોતાના રમતના દિવસોને ફરીથી જીવવાની એક નવી તક મળે છે. જો કે, ક્યારેક-ક્યારેક કોઈ ટુર્નામેન્ટના પ્રવાહમાં ખેલાડી ભાન ભૂલી જાય છે, જેવું કે રવિવારે જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં કોણાર્ક સૂર્યાસ ઓડિશા અને ટોયમ હૈદરાબાદ વચ્ચેની મેચમાં જોવા મળ્યું હકતું. મેચની પ્રથમ ઈનિંગની ૧૬મી ઓવર દરમ્યાન ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર મોન્ટી પાનેસરે ભારતના બે વખતના વિશ્વકપ વિજેતા યુસુફ પઠાણને સ્લેજિંગ કર્યું, જે કોણાર્ક માટે પોતાની ઈનિંગ દરમ્યાન સંઘર્ષ કરતા દેખાઈ રહ્યા હતા. પાનેસરની ઓવરમાં અમુક ડોટ બોલ બાદ બોલરે ભારતીય ખેલાડીને ટોણો મારતા કહ્યું કે, શું તમે ટેસ્ટ મેચ રમી રહ્યા છો ? આ સાંભળીને કોમેન્ટેટર હસી પડ્યા. યુસુફ પહેલા તો હસ્યા પણ પાનેસરે ફરીથી પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો : 'તમારી પાસે કેટલી ટેસ્ટ વિકેટ છે ?'બંને ક્રિકેટરો વચ્ચે થયેલી આ મજેદાર વાતચીત પર કોમેન્ટેટરો વધુ હસવા લાગ્યા. પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી કોણાર્ક સૂર્યાસની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૦૦ રન જ બનાવી શકી. મુનાવીરાએ ૫૧ રન પ્રતિ બોલના હિસાબથી હાઈએસ્ટ રન બનાવ્યા. જવાબમાં હૈદરાબાદે કપ્તાન ગુરકીરતસિંહ માનની ૫૦ બોલમાં ૫૨ રનની અણનમ ઈનિંગના કારણે ૧૦ બોલ બાકી રહેતા લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધું હતું.

### ટેસ્ટ ઈતિહાસની ટોપ ફાઈવ સૌથી ધીમી ઈનિંગો

# ૧ કલાક ૪૧ મિનિટ સુધી બેટિંગ કર્યા બાદ પણ એલોટ ખાતું ખોલાવી શક્યો નહીં

## પૂર્વ કપ્તાન નવાબ પટૌડીએ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૯૭૨-૭૩માં મુંબઈમાં ૧૦૨ મિનિટની બેટિંગ બાદ પણ પાંચ રન બનાવ્યા હતા

નવી દિલ્હી, તા.૭

ટી-૨૦ના જમાનામાં જોતજોતામાં ખેલાડી અર્ધસદી અથવા સદી ફટકારી દે છે પણ એક સમય ટેસ્ટનો હતો. જ્યારે બેટ્સમેન કલાકો સુધી બેટિંગ કર્યા બાદ પણ થોડા જ રન બનાવતા હતા. એક એવી જ લિસ્ટ છે જેમાં ૧૦૦ મિનિટથી વધારે સમય સુધી મેદાન પર ટકવા છતાં ખેલાડી ખાતું પણ ખોલી શક્યા ન હતા. સમયના હિસાબથી પાંચ સૌથી સ્લોએસ્ટ બેટિંગ ઈનિંગ જોઈએ તો ન્યુઝીલેન્ડનો જી.આઈ. એલોટે દ.આફ્રિકા વિરુદ્ધ ૧૦૧ મિનિટ સુધી બેટિંગ કરી પણ ખાતું ખોલી શક્યો નહીં. આ મેચ ૨૦૦૫-૦૬માં ઓકલેન્ડમાં રમાઈ હતી. બોલીવૂડ સ્ટાર સૈફ અલી ખાનના પિતા અને પૂર્વ કપ્તાન નવાબ પટૌડીનું નામ બીજા સ્થાને છે. તેમણે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૯૭૨-૭૩માં મુંબઈમાં ૧૦૨ મિનિટની બેટિંગ બાદ પાંચ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાના ડેમિયન માર્ટિને દ.આફ્રિકા વિરુદ્ધ ૧૯૯૨-૯૩માં સિડનીમાં ૧૦૬ મિનિટ સુધી બેટિંગ કરી ફક્ત ૬ રન બનાવ્યા હતા. તે આ લિસ્ટમાં ત્રીજા સ્થાને છે. પાકિસ્તાનના ઓલરાઉન્ડર અબ્દુલ રઝાકે શ્રીલંકા વિરુદ્ધ ૨૦૦૪-૦૫માં ૧૧૦ મિનિટની બેટિંગ બાદ ચાર રન બનાવી અણનમ રહ્યો હતો. આ સૌથી સ્લોએસ્ટ બેટિંગ લિસ્ટમાં ચોથા નંબરે છે. ઈંગ્લેન્ડના જયોફ મિલરે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૧૨૩ મિનિટ સુધી બેટિંગ કર્યા બાદ ફક્ત સાત રન બનાવ્યા હતા. આ મેચ ૧૯૭૮-૭૯માં મેલબોર્નમાં રમાઈ હતી.

### માન્ચેસ્ટર ટેસ્ટ ૨૦૨૦માં સદી બનાવી હતી

# પાકિસ્તાનના કપ્તાન શાન મસૂદે ૧૫૨૪ દિવસ બાદ સદી ફટકારી

મુલતાન, તા.૭ : પાકિસ્તાનના ટેસ્ટ કપ્તાન શાન મસૂદે પોતાની કેપ્ટનશીપમાં પાકિસ્તાન માટે પ્રથમ ટેસ્ટ સદી ફટકારી છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ મુલતાન ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ત્રણ મેચોની સિરીઝની પ્રથમ મેચના પ્રથમ દિવસે શાન મસૂદે ૧૦૨ બોલમાં કારકિર્દીની પાંચમી ટેસ્ટ સદી ફટકારી. લગભગ ચાર વર્ષ બાદ મસૂદના બેટથી કોઈ ટેસ્ટ સદી બની છે. ગત ટેસ્ટ સદી તેણે ૨૦૨૦માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ માન્ચેસ્ટર ટેસ્ટમાં બનાવી હતી. સદીના ૧૫૨૪ દિવસો બાદ જઈને શાન મસૂદનો ટેસ્ટમાં સદીનો દુષ્કાળ સમાપ્ત થયો છે. મસૂદ માટે આ સદી ઘણી મહત્ત્વની છે. હાલમાં જ પાકિસ્તાનને બાંગ્લાદેશ વિરુદ્ધ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝમાં ૦-૨થી વ્હાઈટવોશનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદથી શાન મસૂદ ટીકાનું કેન્દ્ર બન્યો હતો. મસૂદની કેપ્ટનશીપ અને બેટિંગ બંનેને લઈ ટીકા થઈ રહી હતી. આ સદીની સાથે જ મસૂદે પોતાના ટીકાકારોને સણસણતો જવાબ આપી દીધો છે. શાનની સદી બાદ પાકિસ્તાનના ડ્રેસિંગ રૂમમાં ઉત્સાહ જોવા જેવો હતો. પાકિસ્તાન ક્રિકેટે શાન મસૂદની સદીનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. મસૂદ ૧૫૧ રન બનાવી આઉટ થયો. ૧૭૭ બોલની ઈનિંગમાં ૧૩ ચોગ્ગા અને બે સિક્સર સામેલ છે. અબ્દુલ્લા શફીકે (૧૦૨) પણ પાકિસ્તાન માટે સદી ફટકારી.

# PCB પ્રમુખને આશા છે કે, ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ પાકિસ્તાન આવશે

કરાચી, તા.૭

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન જશે કે નહીં તેનો નિર્ણય હજુ સુધી થયો નથી પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ મોહસીન નકવીને આમાં કોઈ શંકા નથી કે ભારત સહિત બધી ટીમો ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન આવશે. રાજકીય મુદ્દાઓના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણા લાંબા સમયથી દ્વિપક્ષીય સિરીઝ રમાઈ રહી નથી. આવામાં આ બંને ટીમો મલ્ટિનેશન ટુર્નામેન્ટમાં જ એક બીજા સામે રમતી જોવા મળે છે. હવે પાકિસ્તાન પાસે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની છે તો આના પર શંકા છે કે, ભારતીય ટીમ પાકિસ્તાન જશે કે નહીં. ગત વખતે પાકિસ્તાન પાસે એશિયા કપ ૨૦૨૩ની પણ યજમાની હતી પણ પાકિસ્તાન ન જવા અડગ ટીમ ઈન્ડિયાના પગલે આ ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડલના આધારે રમાઈ હતી. આ વખતે પણ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન હાઈબ્રિડ મોડલના આધારે કરવામાં આવી શકે છે પણ પાકિસ્તાન આના માટે હજુ સુધી રાજી નથી. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં પત્રકારો સાથે વાત કરતા નકવીએ સ્થાનિક મીડિયાને ચેમ્પિયન્સ ટ્રોફી માટે સ્ટેડિયમને તૈયાર કરવા માટે ચાલી રહેલા નવીનીકરણ કાર્યની જાણકારી આપી. આ દરમ્યાન પીસીબી પ્રમુખને ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમની ભાગીદારી વિશે સવાલ પૂછવામાં આવ્યો, જે સાત વર્ષ બાદ આઈસીસી કેલેન્ડરમાં પુનરાગમન કરી રહી છે. તેમણે કહ્યું કે, અમે તૈયાર છીએ. ચેમ્પિયન્સ ટ્રોફી માટે બધી ટીમો આવશે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતીય ટીમ પર મને પૂરો વિશ્વાસ છે. હજુ સુધી એવી કોઈ વસ્તુ નથી જેના કારણે તેઓ આવવાનું કેન્સલ કરે. બધી ટીમો આવશે.


**પરિશિષ્ટ IV-એ,**
**સ્થાવર મિલકતના વેચાણ માટે સૂચના**

સિક્યોરીટી ઇન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ 2002ના નિયમ 8(6) અને નિયમ 9(1) મુજબ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-ઓક્શન વેચાણ સૂચના.

આ દ્વારા સામાન્ય જનતાને અને ખાસ કરીને કર્જદાર(રો) અને ગેરંટર(રો)ને સૂચના આપવામાં આવે છે કે, નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત કે જે **સમ્માન કૅપિટલ લિમિટેડ (આ પહેલા ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. તરીકે ઓળખાતી) [CIN : L65922DL2005PLC136029] (''સીક્યોર્ડ ક્રેડિટર'')** પાસે ગીરવે મુકેલ છે જેનો **વાસ્તવિક કબજો** સીક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે તે **રૂ. 23,19,662/- (રૂપિયા ત્રેવીસ લાખ ઓગણીસ હજાર છસો બાસઠ પૂરાં)** ની વસૂલી માટે **25.10.2024** ના રોજ **સાંજના 04.00 થી 05.00 વાગ્યા** દરમિયાન **''જેમ છે'' ''જ્યાં છે'', ''જેમ છે જે છે''** અને જે પણ જ્યાં છે ધોરણે વેચવામાં આવશે, જે **ચેતન આઈ. પોંકીયા, ભાવિષા ચેતનકુમાર પોંકીયા અને ઈશ્વરલાલ આર. પોંકીયા ઉર્ફે ઈશ્વરભાઈ રણછોડભાઈ પોંકીયા** પાસેથી **લોન અકાઉન્ટ નં. HHLVAI00357867** માં બાકી નીકળતી મૂળ રકમ, એરીઅર્સ (જમા થયેલા લેટ ચાર્જિસ સહિત) તેમ જ **23.09.2024** સુધીનાં વ્યાજ સહિત લોન એગ્રીમેન્ટ અને અન્ય સંબંધિત લોન દસ્તાવેજ(જો)ની શરતો મુજબ **24.09.2024** થી અમલી બને તેમ લાગુ ભાવિ વ્યાજ ઉપરાંત કાનૂની ખર્ચ અને અન્ય ચાર્જિસ સહિત સીક્યોર્ડ ક્રેડિટર્સને ચૂકવવાના બાકી નીકળે છે.

સૂચિત પ્રોપર્ટીઓના ઓક્શન માટે અનામત કિંમત **રૂ. 20,70,000/- (રૂપિયા વીસ લાખ સીત્તેર હજાર પૂરાં)** છે. અને અર્નેસ્ટ મની ડિપોઝિટ **(''ઈએમડી'') રૂ. 2,07,000/- (રૂપિયા બે લાખ સાત હજાર પૂરાં)** એટલે અનામત મૂલ્ય **10 %** ના બરાબર રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

**મિલકત જે રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વલસાડ, સબ-ડિસ્ટ્રિક્ટ વાપી, તાલુકા મોજે બલિઠા ગામમાં બિન-ખેતીની જમીન જેનો રેવેન્યૂ સર્વે નં. 51/1 પૈકી 1 છે તેના પર સ્થિત છે, અને 12000 ચો. મીટર વિસ્તારના આરસીસી પ્રકારના હાઈ રાઈઝ ઘરો કે જે ''રાજ રેસિડેન્સી'' તરીકે ઓળખાય છે તેમાં બિલ્ડિંગ ''ડી''માં ચોથા માળે આવેલ ફ્લેટ નં. ડી-401, જેનો વિસ્તાર 69.70 ચો. મીટર એટલે કે 750 ચો. ફીટ બિલ્ટ અપ એરિયા (1100 ચો. ફૂટ સુપર બિલ્ટ - અપ એરિયા) બરાબર છે, તેનો 10.00 ચો. મીટરનો અવિભાજિત હિસ્સો, જેની સીમાઓ નીચે મુજબ છેઃ**

| | | | |
|---|---|---|---|
| પૂર્વમાં : | બિલ્ડિંગનો પેસેજ | પશ્ચિમમાં : | ખુલ્લી જગ્યા |
| ઉત્તરમાં : | ફ્લેટ નં. ડી-402 | દક્ષિણમાં : | ખુલ્લી જગ્યા |

વેચાણના વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી સીક્યોર્ડ ક્રેડિટર એટલે કે www.sammaancapital.com ની વેબસાઈટ પર આપેલી લિંક જુઓ; સંપર્ક નં. 0124 - 6910910, +91 7065451024; ઈ-મેઈલ આઈડી : auctionhelpline@sammaancapital.com બિડિંગ માટે www.auctionfocus.in પર લૉગ ઑન કરો.

સહી/-
અધિકૃત અધિકારી
સમ્માન કૅપિટલ લિમિટેડ
(આ પહેલા ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. તરીકે ઓળખાતી)

તારીખ : 30.09.2024
સ્થળ : વાપી



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ:+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એકટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો **અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ** તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)** (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્રમ નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૮૮૯૯૮૦.૪૯/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૦૯-માર્ચ-૨૦૨૨ | ૨૭૪૨૧૭૪૯ | પ્રસન્નાકુમાર અને સુષ્મા પી. | ભા. રૂ. ૭૯૯૯૧૭.૧૨/- | ભા. રૂ. ૭૯૯૯૧.૭૧/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિપેશ મુખરજી સંપર્ક નં.૯૫૮૩૯૫૬૩૦૫ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું ફલેટ નં.૩૦૫, બ્લોક નં.'ઈ', ત્રીજો માળ, ક્ષેત્રફળ ૫૦૮ ચો.ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) સ્કીમ નામે 'ટંકર રેસીડેન્સી-૨' સ્થિત જમીન સર્વે નં.૧૦૫૨, ૧૦૫૨/૧, ૧૦૫૨/૨, ૧૦૫૨/૩, ૧૦૫૨/૪, ૧૦૫૫ અને ૧૧૨૨ મોજે/ગામ વટવાના ફાઈનલ પ્લોટ નં.(૩૧+૩૩/૧+૪૩)૨ ટીપીએસ નં.૮૭ (વટવા+ વિંઝોલ)ના સ્થિત અને ઊભેલ અત્રે મોજે/ગામ વટવા, સબ જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) અને જિ. અમદાવાદ રાજ્ય ગુજરાત અને આ મુજબ ખૂંટ : પૂર્વ : લીફ્ટ, પશ્ચિમ: માર્જિન, ઉત્તર : ફલેટ નં.૩૦૬ અને દક્ષિણ : માર્જિન | | | | | | | | | |
| 2 | ભા.રૂ.૧૭૭૭૫૭૧.૨૩/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૧૫-નવે-૨૦૧૯ | ૧૧૨૯૫૩૬૫ | લક્ષ્મી અમરીષકુમાર દવે, અમરીષકુમાર જે. દવે અને લક્ષ્મી કલોથિંગ એન્ડ જોબવર્ક | ભા. રૂ. ૨૩૮૧૪૦૦.૦૦/- | ભા. રૂ. ૨૩૮૧૪૦.૦૦/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિપેશ મુખરજી સંપર્ક નં.૯૫૮૩૯૫૬૩૦૫ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : સ્થાવર મિલકત બિલ્ડિંગ નં.૨૮૩ની, કુલ ક્ષેત્રફળ ૯૭-૫૪-૮૫ ચો.મી. (ક્ષેત્રફળ ૫૮-૫૨-૯૨ ચો.મી. ગ્રાઉન્ડર ફલોર, ક્ષેત્રફળ ૩૯-૧૦-૯૪ બીજો માળ) સ્થિત અત્રે સિટી સર્વે નં.૩૬૭ પૈકી મોજે : દરિયાપુર વોર્ડ-૧, તા. અમદાવાદ(સિટી), જિ. અમદાવાદ | | | | | | | | | |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૮.૧૦.૨૦૨૪



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792

રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ:+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એકટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્રમ નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૫૭૧૯૪૦.૩૩/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૧૫-જાન્યુ-૨૦૨૦ | ૮૧૧૫૮૯૭, ૭૭૫૯૨૯૪ અને ૭૯૦૧૭૮૫ | મોઈદુલઅલી એમ.શેખ અને નજમા એમ. શેખ | ભા. રૂ. ૧૪૪૪૫૩૫.૩૭/- | ભા. રૂ. ૧૪૪૪૫૩.૫૩/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : તે તમામ ભાગ અને હિસ્સાઓ એમ.કે. મંઝિલ, હાથીખાના ૬ વોકલા પાસે, રાજકોટ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ | | | | | | | | | |
| 2 | ભા.રૂ.૯૧૦૮૪૨.૩૦/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૨૨-મે-૨૦૧૯ | ૧૪૦૯૨૧૬૨ | અનિલભાઈ શ્રીકૃષ્ણા ત્યાગી અને આરતી અનિલ ત્યાગી | ભા. રૂ. ૭૬૫૦૭૮.૨૧/- | ભા. રૂ. ૭૬૫૦૭.૮૨/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા બ્લોક નં.એફ, ગુંડાસરા, હરસિદ્ધી પાર્ક, પ્લોટ નં.૧૯૮થી ૨૦૩, રાજકોટ, ગોંડલ, ગુજરાત-૩૬૦૩૧૧ | | | | | | | | | |
| 3 | ભા.રૂ.૫૫૧૮૬૫૦.૭૦/- ડિમાન્ડ નોટિસ તારીખ: ૦૯-મે-૨૦૨૨ | ૫૮૮૬૧૩૬ | મેસર્સ રોયલ ઈન્ડસ્ટ્રીઝ, વિપુલભાઈ એમ.હુમર અને હેતલ વિપુલભાઈ હુમર | ભા. રૂ. ૨૩૪૦૦૯૦.૦૦/- | ભા. રૂ. ૨૩૪૦૦૯.૦૦/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકત-૧ : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ઓફિસ નં.૩૦૮, ત્રીજો માળ, બિલ્ટ અપ એરિયા ૨૯-૮૭ ચો.મી. કોસ્મો કોમ્પલેક્ષ સ્થિત અત્રે રાજકોટ રેવન્યુ સર્વે નં.૪૫૦/પી, સિટી સર્વે નં.૭૧૪/બી/પી સબ જિ. અને જિ. રાજકોટ, રાજ્ય : ગુજરાત-૩૬૦૦૦૩ (મિલકત સરનામું : ૩૦૮, કોસ્મો કોમ્પલેક્ષ, મહિલા કોલેજ ચોક પાસે, કાલાવાડ રોડ, રાજકોટ), જેની નીચે મુજબ ખૂંટ : ઉત્તર : ઓફિસ નં.૩૦૯, દક્ષિણ : ઓફિસ નં.૩૦૭, પૂર્વ : ખુલ્લી જગ્યા અને પશ્ચિમ : માર્જિન | | | | | | | | | |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૮.૧૦.૨૦૨૪

# ખાસ મોકલાયેલા વિમાનો મારફત લેબેનોન છોડી જતા ૯૦૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકો

**ન્યુઝ GT પોઈન્ટ** **લ્યો હવે ઓછી વસ્તી ધરાવનાર ઓસ્ટ્રેલિયાના ૩૭૫૦ લોકો એક મુસ્લિમ દેશ લેબેનોનમાં પૈસા કમાવવા આવેલા અને અત્યાચાર સુધી શાંતિથી રહેતા'તા એ તો ખબર પડી!**



## દેશ છોડી જવા માટે વિદેશી બાબતોના વિભાગમાં ૩૭૫૦ ઓસ્ટ્રેલિયન નાગરિકોએ નોંધણી કરાવી

(એજન્સી) બૈરૂત, તા.૭

ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા ગોઠવવામાં આવેલી વ્યવસ્થા અને ખાસ વિમાનો મારફત ૯૦૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકો આજે લેબેનોન છોડી ગયા હતા તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે સરકારે કરેલી વિમાનની ખાસ વ્યવસ્થાને કારણે ઓસ્ટ્રેલિયાના અહીંના કાયમી વસવાટી નાગરિકો અને એમના નજીકના સ્વજનો સહિત ૯૦૦૪ નાગરિકો ખાસ વિમાનો મારફત દેશ છોડી ગયા છે. ઓસ્ટ્રેલિયા જવા માટે બૈરૂતથી સાઈપ્રસ સુધીની બે ચાર્ટર ફ્લાઈટ નક્કી કરવામાં આવી હતી. જે કાન્તાશ અને કતાર એરવેઝના વિમાનો ચાર્ટર કરવામાં આવ્યા હતા જે સાઈપ્રસ સુધી જશે અને ત્યાંથી સિડની સુધી ઓસ્ટ્રેલિયાના નાગરિકોને લઈ જશે. ૩૪૯ ઓસ્ટ્રેલિયન નાગરિકો સાથેની ફ્લાઈટ તો સોમવારે સવારે જ સાઈપ્રસ પહોંચી ગઈ હતી. જ્યારે બીજા ૩૭૫૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકોએ લેબેનોન છોડી જવા માટે વિદેશ વિભાગમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બૈરૂતનું એરપોર્ટ ગમે ત્યારે બંધ થઈ જવાનો ડર હોવાથી ઓસ્ટ્રેલિયાની સરકાર ઘણા સમયથી તેના નાગરિકોને દેશ છોડી જવાનો આગ્રહ કરી રહી હતી. બુધવાર સુધીમાં લેબેનોનમાં ૧૫,૦૦૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકો હતા. હજુ વધુ બે ફ્લાઈટ ભરીને ઓસ્ટ્રેલિયાના નાગરિકોને લઈ જવામાં આવશે.

# કરાચી એરપોર્ટ નજીક બ્લાસ્ટમાં બે ચીની નાગરિકોનાં મોત બલૂચ લિબરેશન આર્મીએ હુમલાની જવાબદારી સ્વીકારી

(એજન્સી) તા.૭

પાકિસ્તાનના કરાચી એરપોર્ટ નજીક રવિવારે રાત્રે એક મોટો હુમલો કરાયો. અહીં પોર્ટ કાસિમ ઈલેક્ટ્રિક પાવર કંપની (પ્રાઈવેટ) લિમિટેડના ચીનના કર્મચારીઓને લઈ જતા કાફલા પર હુમલો થતાં બે ચીની નાગરિકોના મૃત્યુથી હડકંપ મચી ગયો છે. આ સાથે અનેક પાકિસ્તાની નાગરિકો પણ ઘાયલ થયા હતા. ચીનના દૂતાવાસના નિવેદન અનુસાર પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી હતી અને બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો અને તેમના પરિવારો પ્રત્યે ભારે દુઃખ વ્યક્ત કર્યું હતું. બીજી બાજુ ચીન તરફથી આ મામલે તાત્કાલિક તપાસ અને કાર્યવાહીની માગ સાથે ગુનેગારોને સખત સજા તથા પાકિસ્તાનમાં ચીની નાગરિકો, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે તમામ



જરૂરી પગલાં લેવાની માગ કરવામાં આવી હતી. અહેવાલ અનુસાર આ બ્લાસ્ટમાં ૧૦ લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટ બાદ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. લગભગ તો આખા શહેરના રહેવાસીઓએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો. વિસ્ફોટ સ્થળની નજીકમાં રસ્તા પર ભીષણ આગના દૃશ્યો દેખાયા હતા. પાકિસ્તાની ભાગલાવાદી આતંકવાદી જૂથ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) મજીદ બ્રિગેડે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

# PM Internship Scheme : દેશની ટોચની કંપનીઓમાં ઈન્ટર્નશિપ માટે અહીં અરજી કરો

**જાણો સમસ્યાના કિસ્સામાં તમે ક્યાં ફરિયાદ કરી શકો છો**
- કોણ અરજી કરી શકે છે
- આરક્ષણ વ્યવસ્થા અમલમાં રહેશે
- આ લાયકાત હોવી જોઈએ
- જે યોજનાની બહાર છે
- સરકારી યોજનાનો લાભ લેનારાઓ અરજી કરી શકશે નહીં



(એજન્સી) તા.૭

PM Internship Scheme: દેશની ટોચની કંપનીઓમાં ઈન્ટર્નશિપ માટે અહીં અરજી કરો, જાણો સમસ્યાના કિસ્સામાં તમે ક્યાં ફરિયાદ કરી શકો છો PM Internship Scheme: ૧૨ ઓક્ટોબરથી શરૂ થતી PM ઈન્ટર્નશિપ સ્કીમ હેઠળ ૨૧ થી ૨૪ વર્ષની વયના યુવાનો કે જેમણે ૧૦મું કે તેથી વધુ અભ્યાસ કર્યો છે તેઓ દેશની જાણીતી કંપનીઓમાં ઈન્ટર્નશિપ કરી શકશે. ૨૫મી ઓક્ટોબર સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. આ પછી, પસંદગીના ઉમેદવારોની ઈન્ટર્નશિપ ૨ ડિસેમ્બરથી શરૂ થશે. ઈન્ટર્નશીપ દરમિયાન ઊભી થતી કોઈપણ સમસ્યા કે ફરિયાદના નિરાકરણ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૧૬-૦૯૦ શરૂ કરવામાં આવ્યો છે. આમાં, કંપનીમાં વાતાવરણ અને ઈન્ટર્નશીપ દરમિયાન થતી કોઈપણ પ્રકારની ફરિયાદ અંગે કોઈપણ પ્રકારની ફરિયાદ કરી શકાય છે. કેન્દ્ર સરકાર દ્વારા આ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવશે.-http://pminternship.mci.gov.in/

**કોણ અરજી કરી શકે છે**

૨૧થી ૨૪ વર્ષની વયના આવા ભારતીય યુવાનો કે જેઓ ક્યાંય પણ ફુલ ટાઈમ જોબ નથી કરતા તેઓ આ સ્કીમ હેઠળ અરજી કરી શકે છે. જો કે, જે યુવાનોના માતા-પિતા અથવા જીવનસાથી સરકારી નોકરીમાં છે અથવા જેઓ પૂર્ણ સમયના શિક્ષણ અભ્યાસક્રમોનો અભ્યાસ કરી રહ્યા છે તેઓ અરજી કરી શકશે નહીં. જો કે, ઓનલાઈન અથવા ડિસ્ટન્સ લર્નિંગ પ્રોગ્રામમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ માટે અરજી કરી શકે છે. હાલમાં એવા યુવાનો આ એક વર્ષની ઈન્ટર્નશીપ સ્કીમમાં ભાગ લઈ શકશે નહીં જેમના માતા-પિતા અથવા જીવનસાથીમાંથી કોઈની વાર્ષિક આવક રૂા. ૮ લાખથી વધુ હોય. ઉપરાંત, જો પરિવારનો કોઈ સભ્ય કેન્દ્ર અથવા રાજ્ય સરકારનો કર્મચારી છે, તો તે પણ આ યોજના માટે પાત્ર રહેશે નહીં.

**આરક્ષણ વ્યવસ્થા અમલમાં રહેશે**

સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકારે આગામી ૫ વર્ષમાં પ્રખ્યાત કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશીપ આપવાના ઉદ્દેશ્ય સાથે આ યોજના જાહેર કરી હતી. માહિતી અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧,૨૫,૦૦૦ યુવાનોને ઈન્ટર્નશિપ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પાયલોટ સહિત સમગ્ર યોજનામાં કેન્દ્ર સરકારની આરક્ષણ નીતિ લાગુ પડશે. કેન્દ્ર સરકાર આ યોજના હેઠળ પસંદ કરાયેલા ઉમેદવારોને ૬,૦૦૦ રૂપિયાની એકમ રકમ આપશે.

**આ લાયકાત હોવી જોઈએ**

યોજના હેઠળ, જે યુવાનોએ હાઈસ્કૂલ અને તેથી વધુ અભ્યાસ કર્યો છે અને ITI પ્રમાણપત્ર, પોલિટેકનિક સંસ્થામાંથી ડિપ્લોમા ધરાવે છે અથવા BA, B.Sc., B.Com, BCA, BBA, B. ફાર્મા જેવા અભ્યાસક્રમોનો અભ્યાસ કર્યો છે તેઓ અરજી કરી શકશે. હાલમાં, કોલ સેન્ટર દ્વારા, આઠમું પાસ લોકોએ પણ તેમની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં સરકારે આવા લોકો અંગે યોજનામાં કોઈ જોગવાઈ કરી નથી, પરંતુ માનવામાં આવે છે કે નજીકના ભવિષ્યમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.

**જે યોજનાની બહાર છે**

આઈઆઈટી, આઈઆઈએમ, નેશનલ લો યુનિવર્સિટી, આઈઆઈએસઈઆર, એનઆઈડી અને ટ્રિપલ આઈટી જેવી સંસ્થાઓમાંથી ડિગ્રી મેળવનાર યુવાનો ઈન્ટર્નશિપ માટે અરજી કરી શકશે નહીં. આ સિવાય જેમની પાસે CA, CMA, CA, MBBS, BDS, MBA અથવા અન્ય કોઈ પ્રોફેશનલ માસ્ટર્સ ડિગ્રી કે તેથી વધુ છે તેઓ અરજી કરી શકશે નહીં.

**સરકારી યોજનાનો લાભ લેનારાઓ અરજી કરી શકશે નહીં**

જેઓ કેન્દ્ર અથવા રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ કોઈપણ કૌશલ્ય એપ્રેન્ટિસશિપ, ઈન્ટર્નશિપ અથવા વિદ્યાર્થી તાલીમ કાર્યક્રમનો ભાગ છે તેઓ આ યોજના માટે પાત્ર રહેશે નહીં. જેઓએ એપ્રેન્ટિસશીપ પૂર્ણ કરી છે અથવા રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ તાલીમ કાર્યક્રમ અથવા રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ પ્રમોશન યોજના હેઠળ કોઈપણ સમયે તાલીમ લઈ રહ્યા છે તેઓ પણ અરજી કરી શકશે નહીં.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મુખ્યમંત્રી ભેદી રીતે ગાયબ, કેન્દ્રને દોષિત ગણાવતા ટેકેદારો

## CMના ભાઈ ફૈઝલ અમિને મીડિયાને જણાવ્યું કે, મને ગઈ રાતથી મારા ભાઈનો કોઈ સંપર્ક થયો નથી

(એજન્સી) ઈસ્લામાબાદ,તા.૭

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મુખ્યમંત્રી અલી અમિન ગંડાપુર ગઈ રાતથી રહસ્ય રીતે ગુમ થઈ ગયા હોવાનું જાહેર થયું છે. રવિવારે પાકિસ્તાન સરકારના ગૃહમંત્રી મોહસિન નકવીએ ખુલાસો કર્યો હતો કે, અલી અમિનની કોઈપણ કેન્દ્રીય એજન્સીએ ધરપકડ કરી નથી એ નિવેદન પછી CMના ગુમ થવાનું રહસ્ય વધુ ઘેરૂં બન્યું છે. શનિવારે સાંજે CM અલ અમિન એમના સત્તાવાર નિવાસસ્થાન પહોંચ્યા પછી એમની સાથે કોઈ સંપર્ક થયો નથી. ઈસ્લામાબાદ ખાતે તહેરીકે ઈન્સાફ પાર્ટી દ્વારા યોજાયેલી એમના પ્રાંતથી ઈસ્લામાબાદ સુધી વિરોધ કુચની એમણે આગેવાની લીધા બાદ તેઓ આરામ કરવા CMના બંગલે કેપી હાઉસ ગયા હતા. એ પછી એમની સાથે સંપર્ક



નથી. ગૃહમંત્રી નકવીએ CM ક્યાં છે તેવી સરકારને ખબર ન હોવાનો ખુલાસો કર્યો હતો અને સાથે-સાથે કહ્યું કે, પોલીસ કે.પી. હાઉસ પહોંચે એ પહેલા તેવો ત્યાંથી નાસી ગયા હતા. જો કે હું ખાતરીપૂર્વક કહું છે કે, તેઓ કોઈપણ સરકારી કસ્ટડીમાં નથી. પણ પોલીસ એમને શોધી રહી છે તેઓ ક્યાંક છુપાઈ ગયા છે. CM કેપી હાઉસમાંથી નાસી રહ્યાની તસવીરો પણ મને મળી છે. ગૃહમંત્રીના વિધાનોથી રહસ્ય વધુ ઘેરૂં બન્યું છે. તો બીજી તરફ પ્રાંત સરકાર દ્વારા એમના મુખ્યમંત્રી અચાનક ગાયબ થવા બાબત પેશાવર હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. મુખ્યમંત્રીના ભાઈ ફૈઝલ અમિન ગંડાપુરે જણાવ્યું છે કે, ગઈ કાલ રાતથી મારા ભાઈ સાથે સંપર્ક થઈ શક્યો નથી. એમના પરિવારનો પણ મુખ્યમંત્રી સાથે સંપર્ક થયો નથી. પરિવારજનો આ માટે કેન્દ્રને જવાબદાર માની રહ્યા છે. ઈસ્લામાબાદ આવીને પીટીઆઈની વિરોધ રેલીમાં જોડાયેલા સેંકડો લોકો પાછા ગયા છે કે નહી તેની પણ જાણકારી નથી.

# યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભ મેળા પાસે શરાબ અને મટન વેચાણ પર પ્રતિબંધ જાહેર કર્યો

(એજન્સી) લખનૌ, તા.૭

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાહેર કર્યું છે કે, પ્રયાગરાજમાં મહાકુંભ મેળાની આસપાસના વિસ્તારોમાં દારૂ અને મટનના વેચાણ તથા ઉપયોગ પર સખ્ત રીતે પ્રતિબંધ મૂકવામાં આવશે. કુંભ મેળાના ૧૩ અખાડા સહિત વિવિધ ધાર્મિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે CM યોગીની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સનાતન સમાજની ધાર્મિક લાગણીઓને



ધ્યાનમાં રાખીને અને એમના સન્માન માટે પ્રતિબંધ મુકવાનું કાર્ય મહત્ત્વપૂર્ણ છે. નદીઓને શુદ્ધ કરવા અને સાફ-સફાઈ કરવા પ્રયત્નો થઈ રહ્યા છે જેમા સાધુ-સંત સમાજનો સહયોગ મળશે એવી અપેક્ષા છે. યોગીએ ઉમેર્યું કે, મહાકુંભ દરમિયાન મોક્ષ મેળવવા સમાધી લેવા માગતા સાધુઓ માટે પ્રયાગરાજમાં જમીન ફાળવવામાં આવશે. તેમણે અખાડાના વડાઓ અને ધર્મગુરૂઓને એમના આશ્રમમાં પુરી ચકાસણી અને તપાસ કરાયેલી વ્યક્તિઓ જ રોકાય એ જોવા અનુરોધ કર્યો હતો.

# બૈરૂતમાં વિસ્ફોટક પેજર મોસાદની દેખરેખ સાથે ઈઝરાયેલમાં એસેમ્બલ કરવામાં આવ્યા હતા પરંતુ તે સપ્લાય કરનાર તાઈવાનની કંપની આ યોજના વિશે અજાણ હતી

(એજન્સી) તા.૭

બૈરૂતમાં અજ્ઞાત સ્થળે વિસ્ફોટ થયેલા પેજરના અવશેષો ઈઝરાયેલે હિઝબોલ્લાના ઓપરેટિવ્સને તેમના પેજર પર વિસ્ફોટ કરતા પહેલા બંને હાથનો ઉપયોગ કરવા માટે મજબૂર કર્યા હતા અને તેઓને મહત્તમ નુકસાન અને ઈજાઓ થાય તે માટેની યોજના ઘડી હતી. આ વિસ્ફોટમાં આ લડવૈયાઓ તેમના બંને હાથ ગુમાવી શકે તેવી રીતે આ ઓપરેશન કરવામાં આવ્યું હતું, જેના કારણે તેઓ લડવામાં અસમર્થ થઈ જાય. આ પેજર ઈઝરાયેલમાં બનાવવામાં આવ્યા હતા અને આ સમગ્ર યોજના ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદ દ્વારા બનાવવામાં આવી હતી. ધ વોશિંગ્ટન પોસ્ટે ગયા મહિને લેબેનોનમાં હિઝબુલ્લાહના ઓપરેટિવ્સ દ્વારા ઉપયોગમાં લેવાતા પેજર અને વોકી-ટોકી વિસ્ફોટોની વિગતોનો અભ્યાસ કરતા એક લેખમાં અહેવાલ આપ્યો હતો અને તેમાં ઈઝરાયેલ, આરબ અને અમેરિકન સુરક્ષા અધિકારીઓ, રાજકારણીઓ અને રાજદ્વારીઓ તેમજ હિઝબુલ્લાહની નજીકના સ્ત્રોતોના હવાલા સાથે જણાવ્યું હતું કે હિઝબુલ્લાહના હજારો ઓપરેટિવ્સને એક સંદેશ મળ્યો હતો કે તેઓને એક એક્રિપ્ટેડ સંદેશ મોકલવામાં આવ્યો છે જેના માટે તેઓએ બે બટન દબાવવાની જરૂર પડશે. અને આવું કરવાથી તેમને આ બે બટનો દબાવવા માટે બંને હાથનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી, અને તેના પરિણામે તેઓને મહત્તમ ઈજાઓ થઈ હતી અને અનેક લડવૈયાઓના મૃત્યુ થયા હતા. આ યોજનાને ૧૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની



કેબિનેટે મંજૂરી આપી હતી. આ પેજર અને વોકી-ટોકીમાં આ વિસ્ફોટકો એવી રીતે છુપાવવામાં આવ્યા હતા કે તે ઉપકરણને અલગ કરીને અથવા તો એક્સ-રે કરાવવાથી પણ હિઝબુલ્લાહના સભ્યોને આ જોખમ વિશે જાણ થઈ ન હોત. રસપ્રદ વાત એ છે કે, તાઈવાનની એક કંપનીમાં કામ કરતી એક મહિલાએ સૌથી પહેલા આ મોટી બેટરીવાળા AR૯૨૪ પેજર્સ ખરીદવા માટે હિઝબોલ્લાહના ઓપરેટિવ્સને વેચાણ શરૂ કર્યું હતું. જો કે તે ઈઝરાયેલના આ કાવતરાથી અજાણ હતી. આ મહિલાની ઓળખ અને રાષ્ટ્રીયતા જાહેર કરવામાં આવી નથી. ઈઝરાયેલી અધિકારીએ આ ઓપરેશન વિશે માહિતી આપી હતી અને કહ્યું હતું કે, તેણીએ પોતાની કંપનીની સ્થાપના કરી હતી અને એપોલો બ્રાન્ડ ધરાવતા પેજર વેચવાનું લાઈસન્સ મેળવ્યું હતું. તે હિઝબુલ્લાહના સંપર્કમાં હતી, અને તેણીએ તેઓને સમજાવ્યું કે શા માટે મોટી બેટરી સાથેનું આ મોટું પેજર તેના મૂળ મોડલ કરતાં વધુ સારૂં અને યોગ્ય છે. તેણીને એ ખબર ન હતી કે આ ઉપકરણનું ઉત્પાદન આઉટસોર્સ કરવામાં આવ્યું હતું. આ અહેવાલમાં કહ્યું છે કે મોસાદ ૨૦૧૫માં બૂબી-વોકી-ટોકીને ટ્રેક કરવામાં સફળ થયું હતું. તેમાં છુપાયેલા વિસ્ફોટક ઉપરાંત, વોકી-ટોકીમાં એક ટ્રાન્સમિશન સિસ્ટમ પણ હતી જેના કારણે ઈઝરાયેલ હિઝબુલ્લાહના સંદેશાવ્યવહારની સંપૂર્ણ ઍક્સેસ મેળવી શક્યું હતું. ઈઝરાયેલના અધિકારીઓ નવ વર્ષ સુધી હિઝબુલ્લાહની વાત સાંભળી રહ્યા હતા, અને તેઓએ ભવિષ્યની કટોકટીમાં વોકી-ટોકીને બોમ્બમાં ફેરવવાનો વિકલ્પ અનામત રાખ્યો હતો. ઈઝરાયેલમાં બનેલા આ પેજરને તાઈવાન લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તે હંગેરી મોકલવામાં આવ્યા હતા.

# મલપ્પુરમના એરપોર્ટમાંથી સોનાની દાણચોરી કરવામાં આવે છે એવી કેરળના મુખ્યમંત્રીની ટિપ્પણી સંઘ પરિવારને ખુશ કરવા માટે છે : કોંગ્રેસ

## મલપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી

(એજન્સી) તા.૭

વિપક્ષ કોંગ્રેસે મલપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી અંગેના તેમના તાજેતરના નિવેદનો પર કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન સામે તેના હુમલાને વધુ તીવ્ર બનાવ્યો અને આરોપ લગાવ્યો કે તેમની ટિપ્પણી નવી દિલ્હીમાં સંઘ પરિવારના નેતાઓને ખુશ કરવા માટે છે. ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીએ જાણવા માંગ્યું કે કઈ માહિતીના આધારે મુખ્યમંત્રીએ આવો ઘટસ્ફોટ કર્યો છે. તેણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, જો સોનાની દાણચોરી દ્વારા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓ માટે નાણાં મળ્યા હોય તો રાજ્ય સરકાર અને પોલીસે આરોપીઓ સામે શું પગલાં લીધાં છે તે જણાવવાની મુખ્યમંત્રીની ફરજ છે. વિપક્ષના નેતા વી.ડી. સતીસને, સીએમ વિજયન પર આકરા પ્રહારો કર્યા, આરોપ લગાવ્યો કે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય મીડિયા આઉટલેટમાં તેમના નિવેદનો વિધાનસભા અને અન્યત્ર કરવામાં આવેલા તેમના અગાઉના દાવાઓનો વિરોધાભાસ કરે છે. તેમણે કહ્યું કે,"મુખ્યમંત્રીની ટિપ્પણી કે સોનાની દાણચોરી દ્વારા મલપ્પુરમ પહોંચેલા નાણાંનો ઉપયોગ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે થાય છે તે નવી દિલ્હીમાં સંઘ પરિવારના નેતાઓને ખુશ કરવા માટે



છે,". સતીસને કહ્યું, જો સીએમના નિવેદનો સાચા હોવાનું કહેવાય છે, તો તે એક ગંભીર મુદ્દો છે, અને પૂછ્યું કે સરકારે અત્યાર સુધી આ કેમ છુપાવ્યું ? વિપક્ષી નેતાએ વધુ આરોપ લગાવ્યો કે વિપક્ષે સંઘ પરિવાર સાથે CM અને CPI(M)ના "અપવિત્ર સંબંધો"ને ઉજાગર કર્યા પછી CMનો ખુલાસો આવ્યો. તેથી, વિજયનના નિવેદનને આ અંગેની તેમની શરમને ઢાંકવાના પ્રયાસ તરીકે જ જોઈ શકાય છે. સતીસને જણાવ્યું હતું કે,જો ઘટસ્ફોટ સાચો હતો, તો તે સીએમની આગેવાની હેઠળના ગૃહ વિભાગની નિષ્ફળતા સ્વીકારવા સમાન છે. એલઓપીની ટિપ્પણી વિજયનના એક અંગ્રેજી દૈનિક સાથેના તાજેતરના ઈન્ટરવ્યુ પછી આવી હતી જેમાં તેમણે કહ્યું હતું કે મલપ્પુરમ જિલ્લાના કારીપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી અને હવાલા વ્યવહારોમાંથી નાણાંનો ઉપયોગ "રાજ્ય વિરોધી" અને "રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ" માટે કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને તેના સાથી, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) એ વિજયન પર તેમની ટિપ્પણી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે મલપ્પુરમના લોકોને નીલામ્બુરના ધારાસભ્ય પી.વી. અનવર સાથે તેમના સ્કોર્સ સેટ કરવા માટે લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે. નિલામ્બુર મતવિસ્તાર મલપ્પુરમ જિલ્લામાં છે. અનવર, જેમને અગાઉ ડાબેરી ગઠબંધન દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, તે છેલ્લા કેટલાક અઠવાડિયાથી સત્તાધારી સીપીઆઈ(એમ) અને વિજયન સાથે વિવિધ મુદ્દાઓ પર લડી રહ્યો છે, જેના કારણે સામ્યવાદી પક્ષે તેની સાથેના સંબંધો તોડી નાખ્યા છે. નિલામ્બુરના ધારાસભ્ય એડીજીપી (કાયદો અને વ્યવસ્થા), એમઆર અજિથકુમાર અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પર વિદેશથી ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલ સોનું જપ્ત કરતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન ન કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

ભાજપના ધારાસભ્યે દબાણોની ફરિયાદ કરતા કાર્યવાહી થઈ તો પક્ષના કાર્યકરે જ કર્યો વિરોધ !

# શહેર મધ્યે ભદ્ર વિસ્તારમાં બપોરે દબાણ દૂર કરાયા ને સાંજે ફરી જૈસે થે; થયું ઘર્ષણ

## સાંજે ફરી દબાણો દૂર કરી મુદ્દામાલ ભરવા જતાં થયો વિરોધ : પોલીસ મૂકપ્રેક્ષક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭



શહેરના લાલદરવાજા અને ભદ્ર પ્લાઝા પરિસરમાં ગેરકાયદેસર દબાણો મુદ્દે ભાજપના ધારાસભ્ય અને શહેર પ્રમુખ ફરિયાદ કરી હતી. આજે સોમવારે અચાનક જાગેલા મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓ બપોરે ભદ્ર મંદિર અને પ્લાઝામાં દબાણો દૂર કરવા માટે પહોંચ્યા હતા. બપોરે દબાણો દૂર કર્યા હતા, પરંતુ સાંજે ફરી દબાણો થઈ ગયા હતા. એક વખત દબાણ દૂર કર્યા પછી ફરી દબાણો જોવા માટે પણ અધિકારી ગયા ન હતા. ફરી દબાણ થયા હોવાની જાણ થતાં એસ્ટેટ વિભાગની ગાડીઓ આવી પહોંચી હતી અને દબાણો દૂર કરવાની કાર્યવાહી કરી હતી. દબાણ દૂર કરવા મામલે એસ્ટેટ વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક વેપારીઓ સાથે નાનું મોટું ઘર્ષણ થયું હતું. તેમાં પોલીસ હાજર હતી છતાં પણ ત્યાંથી જતી રહી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓએ ફરિયાદ મળી હોવાથી પોતાની કામગીરી બતાવવા માટે સોમવારે સવારે ભદ્ર મંદિર પરિસરની આજુબાજુના દબાણો દૂર કર્યા હતા. પરંતુ બપોર બાદ ફરીથી મંદિરની બહાર અને અવરજવરના રોડ ઉપર લારીઓ અને પાથરણાં વાળાઓએ દબાણ કરી લીધું હતું. સવારે દબાણ દૂર કર્યા બાદ સાંજે ફરી દબાણો થઈ ગયા હોવા અંગે જાણકારી મળતા એસ્ટેટ વિભાગની ત્રણ ગાડીઓ સાથે કર્મચારીઓ દબાણ દૂર કરવા માટે પહોંચ્યા હતા. દબાણની ગાડી આવતાની સાથે જ દોડધામ મચી અને વેપારીઓ ત્યાંથી ભાગી ગયા હતા. એસ્ટેટ વિભાગની ટીમે પાથરણાઓ અને લારીઓ વાળાનો સામાન લઈ લીધો હતો. કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ જ્યારે દબાણો દૂર કરી અને લોકોનો સામાન ભરી રહી હતી. ત્યારે કેટલાક સ્થાનિક વેપારીઓ અને પાથરણાંવાળાઓએ વિરોધ કર્યો હતો. સ્થાનિક પોલીસની એક ગાડી ત્યાં હાજર હોવા છતાં પણ પોલીસે તેમની કોઈ મદદ કરી નહીં ત્યારબાદ તરત જ ત્યાંથી રવાના થઈ ગયા હતા. પોલીસના કેટલાક કર્મચારીઓ પ્રથમ તો મૂપ્રેક્ષકની જેમ જોઈ રહ્યા હતા. છેલ્લા કેટલાય સમયથી પોલીસની રહેમ નજર હેઠળ જ ગેરકાયદેસર દબાણો થયેલા હોવાની વાત થઈ રહી હતી. ભદ્ર પાસે એક ભાજપના કાર્યકર્તાએ પણ દબાણ કર્યું હોવાથી તેમના ત્યાંથી સામાન લેવામાં આવ્યો હતો. એસ્ટેટ વિભાગના અધિકારીઓ તેમનો સામાન ભરી રહ્યાં હતાં ત્યારે ભાજપના કાર્યકર્તાએ દબાણ દૂર કરવા બાબતે અને સામાન લઈ જવા બાબતે વિરોધ કર્યો હતો. મ્યુનિ.કોર્પો.ના એક હોદ્દેદારને ફોન કરી દવ છું અને એસ્ટેટના અધિકારીઓને જોઈ લેવાની ધમકી પણ આપી હતી. આમ ભાજપના કાર્યકરે જ દબાણો દૂર કરવાની કામગીરી મામલે વિરોધ કર્યો હતો.

ભદ્ર પરિસર પાસેથી અનેક લોકો પોતાના વાહનો લઈને પસાર થાય છે, ત્યારે પથારા અને લારીઓવાળાના દબાણથી ટ્રાફિકની સમસ્યા થાય છે. ભદ્ર પરિસરમાં વેન્ડિંગ પોલીસી એક્ટ મુજબ માત્ર ૮૪૦ જેટલા જ વેન્ડીંગ ધારકોને જગ્યા નક્કી કરીને આપવામાં આવી છે. ત્યાં ઉભા રહેવાનું હોય છે, પરંતુ ક્યાંય પણ વેન્ડિંગ પોલિસી એક્ટનો અમલ થતું હોય તેવું જણાતું નથી. કારણ કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગના જવાબદાર એસ્ટેટ અધિકારી, આસિસ્ટન્ટ ટીડીઓ કે જમાલપુર વોર્ડના ઈન્સ્પેક્ટર આ બાબત ઉપર ધ્યાન આપી રહ્યા નથી. શહેરના પ્રથમ નાગરિકથી લઈને મ્યુનિ.કમિશનર જે જગ્યા પર બેસે છે, ત્યાંથી માત્ર ૫૦૦ મીટર દૂર જ દબાણો હોય અને કામગીરી થતી નથી. શહેરના અન્ય વિસ્તારોમાં જો રોડ ઉપર એક લારી અથવા તો કોઈ વાહન પડ્યું હોય તો તાત્કાલિક ધોરણે તેને એસ્ટેટ વિભાગ દ્વારા હટાવી લેવામાં આવે છે. વાહનને લોક મારી અને દંડ લઈ લેવામાં આવે છે, પરંતુ ભદ્ર વિસ્તારમાં દબાણોને દૂર કરવામાં આવતા નથી. મ્યુનિ.કોર્પો.ના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ અને સ્થાનિક પોલીસની મિલીભગતના કારણે દબાણો હટાવવામાં આવતા નથી.

રાજ્યમાં સુરત, અમરેલી, વડોદરા સહિત ઠેર-ઠેર 'આપ' તથા અન્ય પક્ષો-સંસ્થાઓનું વિરોધ પ્રદર્શન

# 'ગૃહમંત્રી શરમ કરો, તમારા રાજમાં દીકરીઓને ડર લાગે છે', જેવા સૂત્રો સાથે મહિલાઓના દેખાવો !

## ગૃહમંત્રી ફાંકા ફોજદારી બંધ કરો, મહિલાઓની સુરક્ષા થતી ન હોય તો ખુરશી પર બેસવાનો હક નથી, રાજીનામું આપો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭




રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી એક પછી એક દુષ્કર્મના, ગેંગરેપના તથા છેડતીના બનાવો બનતા અને તેમાં અમુક બનાવોમાં તો ભોગ બનનારથી હત્યા-મોત થવાની ઘટનાને લઈ લોકોમાં રોષની લાગણી ફેલાઈ રહી છે. ત્યારે વિરોધ પક્ષો સત્તાધીશ ભાજપ સામે સતત પસ્તાળ પાડી રહ્યા છે. ત્યારે હવે 'આમ આદમી પાર્ટી' તથા અન્ય પક્ષ-સંસ્થાઓ દ્વારા રાજ્યમાં ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન યોજી ગૃહમંત્રી સામે પ્રહારો કરી પદ છોડી દેવા પસ્તાળ પાડી છે. સુરત, વડોદરા, અમરેલી સહિત ઠેર-ઠેર દેખાવો કરાયા હતા. સુરતમાં કાળા કપડાં પહેરી અને કાળી પટ્ટી ધારણ કરીને AAP રસ્તા પર ઊતરી હતી. આ રેલીમાં 'ગૃહમંત્રી શરમ કરો', 'તમારા રાજમાં દીકરીઓને ડર લાગે છે' સહિતના પોસ્ટર અને બેનરો સાથે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. આ ઉપરાંત ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ કરી હતી. જેમાં મ્યુનિ. કોર્પો.ના વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ કહ્યું હતું કે, જો તમારાથી મહિલાઓની સુરક્ષા ન થતી હોય તો તમને એ ખુરશી પર બેસવાનો કોઈ હક નથી.

સુરત શહેરમાં આજે આમ આદમી પાર્ટી દ્વારા ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ વિરુદ્ધના નારા અને બેનરો-પોસ્ટર સાથે રેલી યોજવામાં આવી હતી. કાળા કપડાં પહેરીને આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર કચેરી પહોંચીને રામધૂન અને સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. આ ઉપરાંત વડોદરાની દીકરીને ન્યાય આપો, ગૃહમંત્રી ફાંકા ફોજદારી બંધ કરો, ગૃહમંત્રી શરમ કરો, ગૃહમંત્રી તમારા રાજમાં દીકરીઓને ડર લાગે છે, નિષ્ફળ ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરો જેવાં બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો. બીજી તરફ પોલીસે વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી. કેટલાક કાર્યકરોની તો ટીંગાટોળી કરીને અટકાયત કરવી પડી હતી.

વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, સુરત શહેર મહિલા મોરચા દ્વારા કલેક્ટર કચેરીએ ગૃહ રાજ્યમંત્રીના રાજીનામાની માંગ સાથે દેખાવો કરવામાં આવ્યા છે. ગુજરાતની અંદર રોજેરોજ મહિલાઓની છેડતીના બનાવો બનતા હોય, પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી જોઈએ તો એક પછી એક દુષ્કર્મના બનાવો બની રહ્યા છે. એક બાજુ ગૃહમંત્રી હર્ષ સંઘવી કહી રહ્યા છે કે, મહિલાઓ સુરક્ષિત છે, મોડે સુધી ગરબા રમી શકે છે. બીજી બાજુ વડોદરાની અંદર ગરબા રમવા ગયેલી દીકરી પર સામૂહિક દુષ્કર્મ થાય છે. આ પ્રકારની ઘટના બની છતાં પણ આ બાબતે ગૃહ મંત્રાલય ચૂપ છે, હર્ષ સંઘવી ચૂપ છે, ભાજપના મહિલા મોરચો અને બધા ચૂપ છે અને મહિલાઓ અસુરક્ષિત છે છતાં પણ ભાજપના નેતાઓ ચૂપ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમારી એટલી જ માગણી છે કે, જો તમારાથી મહિલાઓની સુરક્ષા ન થતી હોય તો તમને એ ખુરશી પર બેસવાનો કોઈ હક નથી, આજે મહિલાઓ પોતાને અસુરક્ષિત અનુભવી રહી છે. મહિલાઓ પર દુષ્કર્મના બનાવો બની રહ્યા છે, જેથી હર્ષ સંઘવીએ રાજીનામું આપી દેવું જોઈએ.

ટ્રાફિક સમસ્યા દૂર કરવા નિર્ણય

# અમદાવાદ શહેરમાં રાત્રે બે વાગ્યા સુધી ભારે વાહનોના અવરજવર પર પ્રતિબંધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

શહેરની હદ અને એસજી હાઈવે પર નિશ્ચિત સમય માટે ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે. શહેરમાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા અને ગંભીર અકસ્માતનું જોખમ ટાળવા વહીવટીતંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરંતુ તાજેતરની સ્થિતિ જોતાં લાગે છે કે ભારે વાહનો પરના પ્રતિબંધ નિયમનું ઘોર ઉલ્લંઘન થઈ રહ્યું છે. પ્રતિબંધ છતાં દિવસ દરમ્યાન ડમ્પર, લકઝરી સહિતના વાહનોની અવર-જવર જોવા મળે છે. હાલમાં નવરાત્રિનો માહોલ છે ત્યારે બેરોકટોક પ્રવેશ કરતાં ભારે વાહનોના કારણે ખેલૈયાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મહત્વનું છે કે શહેરની હદ તેમજ એસજી હાઈવે પર ભારે વાહનોના પ્રવેશ માટે નિશ્ચિત સમય આપવામાં આવ્યો છે. સામાન્ય રીતે ભારે વાહનોને હાઈવે પર અને શહેરની હદમાં મોડી રાતે પ્રવેશની મંજૂરી મળી છે. તે મુજબ વાહનો રાત્રે ૧૧ વાગ્યા બાદ અને સવારે ૮ વાગ્યા સુધીમાં જ શહેરમાં પ્રવેશ કરી શકે છે. શહેરની હદમાં તમામ રસ્તાઓ દિવસ અને રાતે ધમધમતો એવા એસજી હાઈવે પર દિવસ દરમ્યાન ભારે વાહનો પ્રવેશી રહ્યા છે. ટ્રાફિક નિયમ મુજબ તમામ રસ્તા પર સવારે ૮ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી ભારે તેમજ અતિભારે વાહનો એટલે કે દિવસ દરમિયાન ડમ્પર, લક્ઝરી સહિતનાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ છે. છતાં હાલમાં નવરાત્રિના તહેવારના સમયમાં ટ્રાફિક નિયમનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારે વાહનો પરના પ્રતિબંધને કોઈ ગણતું નથી. આખા દિવસ દરમિયાન ડમ્પર, લક્ઝરી સહિતનાં ભારે વાહનો બેરોકટોક પ્રવેશ કરતાં નવરાત્રિમાં એસજી હાઈવે પર આવતાં ખેલૈયાઓએ કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાવવું પડે છે. અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા અને પ્રદૂષણને ઘટાડવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા સવારે ૮:૦૦ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી ભારે વાહનોના શહેરમાં અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. નવરાત્રિ દરમિયાન શહેરના એસજીહાઈવે અને એસપી રીંગ રોડ સહિતના વિસ્તારોમાં લોકોની અવરજવર વધુ રહે છે. ત્યારે ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ૧૨ ઓક્ટોબર મોડી રાત સુધી હવે સવારે ૮થી રાત્રે બે વાગ્યા સુધી ભારે વાહનોના અવરજવર પર પ્રતિબંધ મૂકી દીધો છે. ૩૩ પેસેન્જરથી ઓછી કેપેસિટી ધરાવતા વાહનો શહેરમાં અવરજવર કરી શકે છે, પરંતુ ભારે વાહનો જેવા કે ટ્રેક્ટર, ટોલી ૩૩ પેસેન્જરથી વધુ કેપેસિટી ધરાવતા પેસેન્જર વાહનો વગેરે પર દિવસ દરમિયાન અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

રાજ્યમાં ''વિકાસ સપ્તાહ''ની ઉજવણીનો પ્રતિજ્ઞા લઈ કરાયો પ્રારંભ

# મુખ્યમંત્રી-મંત્રીઓ તથા મુખ્ય સચિવ સહિતના સચિવોએ લીધી વિકાસ પ્રતિજ્ઞા

## લોકો પણ પોર્ટલ પર વિકાસ પ્રતિજ્ઞા લઈ પ્રમાણપત્ર મેળવી શકશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

વડાપ્રધાન મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને સત્તા હાંસલ કર્યા બાદ તેમના નેતૃત્વને ૨૦૦૧થી ૨૦૨૪ સુધીમાં ૨૩ વર્ષ પૂર્ણ થતાં તેમની વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને રાજ્ય સરકારે તા.૦૭થી ૧૫ ઓક્ટોબર સુધી ''વિકાસ સપ્તાહ''ની ઉજવણીનો નિર્ણય કરતા આજે ભારત વિકાસ પ્રતિજ્ઞાથી ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાન મોદીની વિકાસ ગાથા રજૂ કરવાના આશરે સરકાર દ્વારા હાથ ધરાયેલ વિકાસ સપ્તાહ અંતર્ગત આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી સહિતનાઓએ પ્રતિજ્ઞા લઈ ઉજવણીનો પ્રારંભ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ–મુખ્ય સચિવ તથા વરિષ્ઠ સચિવો અને અધિકારીઓએ વિધાનસભા પોડિયમમાં યોજાયેલા સામૂહિક પ્રતિજ્ઞા પઠનમાં જોડાઈને ''ભારત વિકાસ પ્રતિજ્ઞા'' લીધી હતી. દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન માટે મન-કર્મ-વચનથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા સૌએ કરી હતી. સીએમ ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીગણ અને મુખ્ય સચિવ રાજકુમાર અને વરિષ્ઠ સચિવોએ જે ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી છે તેમાં જણાવાયું છે કે હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે, મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ, હું સ્વનો વિચાર કરતા પહેલાં સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ, હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ, હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ, જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ તેમ વધુમાં પ્રતિજ્ઞામાં જણાવાયું છે. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ રાજ્યના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધાનું સર્ટિફિકેટ મેળવી શકશે તેમ વધુમાં જણાવાયું છે.

ટ્રાફિક પોલીસ કરી રહી છે મોટી કાર્યવાહી

# હવે હેલ્મેટ ન પહેર્યું તો તમારૂં લાયસન્સ થઈ શકે છે રદ

## ૬થી વધારે મેમો આવેલા છે તેવા ૨૦૦૦ લોકોનું લાયસન્સ રદ કરવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા આરટીઓને રિપોર્ટ અપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

જે લોકો હેલ્મેટ વગર વાહન ચલાવે છે, મેમો આવ્યા પછી પણ તેમને કોઈ ફરક નથી પડતો. આવા લોકો સામે હવે ટ્રાફિક પોલીસે આંખ લાલ કરી છે. ટ્રાફિક પોલીસ સતત લોકો હેલ્મેટ પહેરે અને પોતાને સુરક્ષિત રાખો તેવું નિવેદન કરતી હોય છે. તેમ છતાં પણ ઘણા લોકો એવા છે કે, તેઓ હેલ્મેટ પહેરતા જ નથી પછી ભલે તેમને મેમો ભરવો પડે.

હાઈકોર્ટ દ્વારા પણ ટ્રાફિક પોલીસને સૂચન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે હવે ટ્રાફિક પોલીસ જે લોકો હેલ્મેટ પહેરીને વાહન નથી ચલાવતા, સાથે જ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા હોય છે તેવા ૨ હજાર લોકોના લાયસન્સ રદ કરવાનો રિપોર્ટ આરટીઓને આપવામાં આવ્યા છે. જેમાં સમગ્ર રાજ્યની આરટીઓમાં રિપોર્ટ કરીને વાહનચાલકોનું લાયસન્સ રદ કરવાનો રિપોર્ટ આપવામાં આવ્યો છે. જે પણ લોકોને હેલ્મેટ ન પહેરવાના અને ટ્રાફિકના નિયમોનો ભંગ કરવાના ૬ જેટલા મેમો આપવામાં આવ્યા છે, તેવા લોકોનું લાયસન્સ બંધ કરવાનો રિપોર્ટ આરટીઓમાં કરવામાં આવ્યો છે. હાઈકોર્ટના સૂચન બાદ ટ્રાફિક પોલીસ વારંવાર નિયમોનો ભંગ કરતા વાહનચાલકોનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરી રહ્યું છે. જેથી લોકો સજાગ થાય, હેલ્મેટ પહેરે સાથે જ ટ્રાફિકના નિયમોનું પાલન પણ કરે. ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ મહિનામાં ૧૫૧ વાહનચાલકોના લાયસન્સને રદ કરવા માટેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જે પૈકી આરટીઓ દ્વારા ૩૭ વાહનચાલકોના લાયસન્સ રદ કરવામાં આવ્યા હતા. હાલ હેલ્મેટ વગર વાહન ચલાવતા ૩ થી ૪ હજાર જેટલા લોકોને રોજ મેમો આપવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં હવે ૬ મેમોની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવશે અને લોકો ટ્રાફિકનું પાલન કરે તે હેતુથી ટ્રાફિકનો ભંગ કરતા લોકો સામે કડક પગલા લેવામાં આવશે.

# સુફ્ફાહ ઈંગ્લિશ સ્કૂલ ખાતે મેગા ડોક્યુમેન્ટેશન કેમ્પ યોજાયો



અમદાવાદ,તા.૭

તારીખ ૬ ઓક્ટોબર ૨૦૨૪ રવિવારના દિવસે જમીઅત ઉલમાએ અહમદઆબાદ (મૌલાના અરશદ મદની) અને મનસુરી યુવક સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે સુફ્ફાહ ઈંગ્લિશ સ્કૂલ દરિયાપુર ખાતે મેગા ડોકયુમેન્ટેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આશરે ૫૦૦થી વધુ લાભાર્થીઓને આવકના દાખલા, ઓનલાઈન ઈલેકશન કાર્ડમાં સુધારા-વધારા, સિનિયર સિટીઝન કાર્ડ, ઈડબ્લ્યુએસ, વ્હાલી દીકરી, વિધવા સહાય, વૃદ્ધ સહાય, આધાર મોબાઈલ લિંક તેમજ વિવિધ સરકારી યોજના અંગે નિઃશુલ્ક ફોર્મ ભરી આપી તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જમીઅત ઉલમાએ અહમદઆબાદ, મનસુરી યુવક સેવા મંડળ તથા રાહેબશરના સેવાભાવી કાર્યકર્તાઓના પ્રયાસોએ કેમ્પને સફળ બનાવ્યો હતો. એમ જમીઅતના જ. સેક્રેટરી મુફતી અબ્દુલ કય્યુમ એ. મન્સુરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જુહાપુરા ખાતે હજ ડ્રોનો કાર્યક્રમ યોજાયો

## ગુજરાતમાંથી ૧૫ હજારથી વધુ લોકોની હજયાત્રા માટે પસંદગી થઈ




અમદાવાદ, તા.૭

આજે હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા સમગ્ર દેશમાં હજ ૨૦૨૫ માટે ડ્રો કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત હજ કમિટી દ્વારા અમદાવાદના જુહાપુરામાં હજ ડ્રો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલ સૈયદે જણાવ્યું હતું કે, આ સફર હજ જનારા હજયાત્રીઓ માટે ખૂબ જ મોટો દિવસ હતો. કારણ કે, આજે હજ માટે લોકોની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતમાંથી ૧૫,૦૦૦થી વધુ લોકો આ વર્ષે હજયાત્રા માટે સિલેક્ટ થયા છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત આટલી મોટી સંખ્યામાં હજયાત્રીઓની પસંદગી કરવામાં આવી છે. જે મહારાષ્ટ્ર પછી બીજા ક્રમે છે. અમારા દ્વારા અમદાવાદના ગાંધી હોલ, જુહાપુરા ખાતે સ્ત્રીઓને પોતાના નામ હાજર ડ્રોમાં જોવા માટે એક મોટા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી હજયાત્રીઓ ડ્રોમાં તેમનું નામ જોવા માટે આવ્યા હતા. ગુજરાત હજ કમિટીના સભ્ય નાઈન કાઝીએ જણાવ્યું કે, ભારતને હજ માટે ૧,૨૨,૦૦૦નો ક્વોટા મળ્યો છે. જેમાંથી ૧૬,૦૦૦ જેટલા હજયાત્રીઓ ગુજરાતમાંથી હજ પર જશે. આ વર્ષે લગભગ ૨૪,૦૦૦ ફોર્મ ગુજરાતમાંથી ભરવામાં આવ્યા હતા. જેમાંથી ૮૦૦૦ લોકો હજુ પણ રાહ જોઈ રહ્યા છે. ગુજરાતમાંથી ૧૫,૮૨૫ લોકોની હજ માટે પસંદગી કરવામાં આવી છે. જયારે વેઈટિંગ લિસ્ટમાં નામ આવનાર લોકો પણ ટૂંક સમયમાં હજ માટે તેમનો નંબર લાગી જશે એવી અપેક્ષા સેવી રહ્યા છે.

# ૬૪ વર્ષના વૃદ્ધ સાથે અકુદરતી સેક્સ સંબંધમાં ૨૨ વર્ષીય યુવકને હાઈકોર્ટમાંથી જામીન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

જૂનાગઢમાં ૬૪ વર્ષીય વૃદ્ધ સાથે અકુદરતી શારીરિક સંબંધનો વીડિયો બનાવી રૂા.૩૧ લાખ પડાવી લેવાના ૨૨ વર્ષીય યુવકને ગુજરાત હાઈકોર્ટમાંથી શરતી જામીન મળ્યા છે. હાઈકોર્ટે આરોપી તરફથી કરાયેલી રજૂઆતની નોંધ લીધી હતી કે બંને વચ્ચેના સંબંધો પરસ્પર સંમતિથી બંધાયા હતા અને ખંડણી સ્વરૂપે પૈસા માંગ્યા હોવાનો કોઈ પૂરાવા નથી. કેસની વિગત મુજબ, ૬૪ વર્ષીય વૃદ્ધ અને ૨૨ વર્ષીય યુવક બંને સોશ્યલ મીડિયાના માધ્યમ મારફતે પરિચયમાં આવ્યા અને મિત્ર બન્યા હતા. બાદમાં બંને વચ્ચેની સહમતિથી અપ્રાકૃતિક સંબંધો બંધાયા હતા. જે દરમ્યાન યુવકે વીડિયો પણ ઉતારી લીધો હતો અને બાદમાં વૃદ્ધને અવારનવાર ધમકી આપી સંબંધો બાંધી રૂા.૩૧ લાખ પડાવ્યા હતા. આ અંગે વૃદ્ધે જૂનાગઢ પોલીસ મથકમાં આરોપી યુવક વિરૂદ્ધે ફરિયાદ નોંધાવી હતી. યુવકે કરેલી જામીન અરજીમાં બચાવ કર્યો હતો કે, બંને વચ્ચેના સંબંધો પરસ્પર સંમતિથી બંધાયા હતા અને ખંડણી સ્વરૂપે પૈસા માંગ્યા હોવાનો કોઈ પુરાવા નથી. વળી, રોકડમાં નાણાંકીય વ્યવહારના પણ કોઈ પૂરાવા મળ્યા નથી.

**જાહેર નોટીસ** આથી જાહેર જનતાને જણાવવાનું કે, અમારા અસીલ ગુલામમોહિયુદ્દીન યુ. વડગામા રહે.:અમદાવાદના નો પુત્ર નામે મુહમ્મદહસીબ ગુલામમોહિયુદીન વડગામાએ અમારા અસીલના પરિવાર તથા ઘરનો ત્યાગ કરેલ છે. અને આમ તે છેલ્લા ઘણા સમયથી અમારા અસીલના કહ્યામાં નથી, અમારા અસીલ તથા તેમના પરિવાર સાથેના સંબંધો કાપી નાંખેલ છે. જેથી અમારા અસીલના પુત્ર કોઈપણ જાતનો કોઈ અપકૃત્ય કરે, કોઈપણ જાતના નાણાંકિય વ્યવહાર કરે તો તે અંગે તમામ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે અને અમારા અસીલના પુત્રના દિવાની કે ફોજદારી કૃત્ય અંગે અમારા અસીલની કે તેમના પરિવારની કોઈ જ જવાબદારી રહેશે નહી અમારા અસીલે તેમની તમામ પ્રકારની હરેક મિલકતમાંથી તેમના પુત્રને બેદખલ કરેલ છે. તે અંગે જાહેર જનતા એ ગંભીર નોંધ લેવી. અમદાવાદ તા. ૭-૧૦-૨૦૨૪ મારી સુચનાથી : ગુલામમોહિયુદ્દીન યુ. વડગામા મારી મારફતે : અબ્દુલસત્તાર શેખ (એડવોકેટ), સગરવાડ, શાહપુર, અમદાવાદ.

**ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ**

**જાહેર નિવિદા નં-૨ સને ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેર, કેન્દ્રિય કોઠાર પેટા વિભાગ (મા.મ) ઓઢવ, અમદાવાદ, 382415 દ્વારા કાર્ટિંગ ઓફ એલ.ડી.ઓ/એફ.ઓ ફ્રોમ ગુજરાત રિફાઈનરી આસોઝ ટર્મિનલ કોયલી રિફાઈનરી વડોદરા ટુ ડ્રમ મિક્ષપ્લાન્ટ સાઈટ ચિલોડા જિ. ગાંધીનગર કામના અંદાજિત રકમ ૧,૬૯,૨૦૦/- માટે ઈ-૧ ફોર્મમાં રસ ધરાવતા અને અનુભવી ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રક કચેરીના કામકાજના સમય દરમિયાન તા.૦૮/૧૦/૨૦૨૪થી ૨૪/૧૦/૨૦૨૪ સુધી પોતાના લેટરપેડ પર અરજી સાથે પાન કાર્ડ, GST નંબર તથા બેંકનું વર્ષ ૨૦૨૪નું સોલવન્સી સર્ટિફિકેટ રૂા.૩૪,૦૦૦/-નિયમ અનુસાર તથા રૂા.૬૦૦/- કોરા ટેન્ડર મેળવતી વખતે રજૂ કરવાથી મેળવી શકાશે. કોઈ કે બધા ટેન્ડર અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર ખાતાનો રહેશે. આ કામની વિગતવાર નોટિસ બોર્ડ ઉપરાંત માહિતી ખાતાની વેબસાઈટ www.statetender.gujarat.gov.in દર્શાવેલ છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૪૦/૨૦૨૪

# જાતિની ગણનાનો સમાવેશ કરતી એવી જરૂરી વસ્તી ગણતરી કરવામાં નરેન્દ્ર મોદી શું કામ વિલંબ કરી રહ્યા છે ? : કોંગ્રેસનો સવાલ

**કોંગ્રેસ નેતા જયરામ રમેશ કહે છે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા ૨૦૧૩ હેઠળ ૧૦ કરોડ જેટલા ભારતીયોને હજુ સુધી કોઈ લાભ મળી રહ્યા નથી, આ યોજનાનું બીજું નામ પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના છે, પણ ગરીબ જ વંચિત**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જાતિની વસ્તીની ગણતરી જેમાં ખૂબ જ મહત્ત્વની છે એવી વસ્તી ગણતરી કરાવવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી શું કામ વિલંબ કરી રહ્યા છે એવો કોંગ્રેસે તીખો સવાલ પૂછ્યો છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે જાતિ જ્ઞાતિની ગણના થાય તો જ શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રમાં હેતુપૂર્ણ સામાજિક તેમ જ આર્થિક અને રાજકીય ન્યાય પૂરેપૂરો આપી શકાય.

કોંગ્રેસના મહામંત્રી અને સંદેશા વ્યવહાર ઈન્ચાર્જ જયરામ રમેશ જણાવે છે કે શ્રીલંકા રાજકીય અને આર્થિક રીતે પરિવર્તનના માર્ગે છે અને આર્થિક અંધાધૂંધી ફેલાયેલી છે તેમ છતાં આવા માહોલમાં પણ શ્રીલંકાએ તેની વસ્તી અને આવાસોની ગણતરીનો સોમવારથી પ્રારંભ કરી દીધો છે ત્યાં ૨૦૧૨માં તો ગણતરી થઈ જ હતી છતાં આજે કરવામાં આવી રહી છે.

તેમણે પોસ્ટ કરીને પૂછ્યું હતું કે ભારતમાં શું થશે અને શું કરવાનું છે ? ૨૦૧૨માં છેલ્લે દસ વર્ષીય વસ્તી ગણતરી પૂરી કરવામાં આવી હતી પણ હવે ક્યારે થશે તેના કોઈ સંકેત મળી રહ્યા નથી. બીજી તરફ રાજકીય પરિવર્તન અને આર્થિક અરાજકતા વચ્ચે પણ શ્રીલંકાએ વસ્તી ગણતરી શરૂ કરી દીધી છે. જયરામ રમેશે કહ્યું હતું કે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારો ૨૦૧૩ અથવા પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૧૦ કરોડથી વધુ ભારતીયોને કોઈ લાભ આપવામાં આવ્યા નથી કેમકે ૨૦૧૧



સુધીની વસ્તી ગણતરીને ધ્યાનમાં લઈને જ એ ડેટા મુજબ જ લાભ આપવામાં આવ્યા છે. આવનારી વસ્તી ગણતરીમાં તમામ જ્ઞાતિને અને જાતિને આવરી લેવાની કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો માગણી કરી રહ્યા છે એ સવાલોનું શું ? ૧૯૫૧થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓની વસ્તી ગણતરી થતી રહી છે અને હવે એ રીતે જ ઓબીસી અને અન્ય જાતિઓની પણ ગણતરી થવી જોઈએ. તો જ તમામ જાતિ અને જ્ઞાતિને શિક્ષણ અને રોજગારીમાં પૂરેપૂરા સામાજિક તથા આર્થિક અને રાજકીય ન્યાયનો લાભ મળી શકશે પણ નોન બાયોલોજિકલ પીએમ શા માટે આવી વસ્તી ગણતરી વિલંબમાં મૂકી રહ્યા છે ?

# બહુજનને અધિકાર આપનાર બંધારણનું રક્ષણ કરીશું : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૭

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે દેશમાં સર્વસમાવેશકતા અને સમાનતાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે કોંગ્રેસ બંધારણનું રક્ષણ કરશે જે બહુજનને ભાગીદારી અને અધિકાર આપે છે. તેણે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં 'દલિત કિચન'ની મુલાકાતનો 'X' પર એક વીડિયો શેર કર્યો. આ વીડિયોમાં તે રસોઈ બનાવવામાં મદદ કરતો જોઈ શકાય છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, "આજે પણ બહુ ઓછા લોકો દલિત કિચન વિશે જાણે છે. જેમ કે શાહુ પટોલે જી (દલિત કિચન સાથે સંકળાયેલ) કહે છે, 'કોઈને ખબર નથી કે દલિતો શું ખાય છે.' 'તેઓ શું ખાય છે, તેઓ તેને કેવી રીતે રાંધે છે અને તેનું સામાજિક અને રાજકીય મહત્વ શું છે તેની ઉત્સુકતા માટે, મેં અજય તુકારામ સનાડે જી અને અંજના તુકારામ સનાડે જી સાથે એક બપોર વિતાવી.' તેમણે કહ્યું, "મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં તેણે મને સન્માન સાથે તેના ઘરે બોલાવ્યો અને મને રસોડામાં મદદ કરવાનો મોકો આપ્યો. અમે સાથે મળીને ગ્રામ લીલાં અને તુવેરની દાળની 'હરભ્યાચી ભાજી' બનાવી. ગાંધીએ કહ્યું કે બંધારણ દલિતબહુજનોને



હિસ્સો અને અધિકાર આપે છે અને કોંગ્રેસ તે બંધારણનું રક્ષણ કરશે. તેમના મતે, ખોરાક વિશે જાગૃતિના અભાવ અને આ સંસ્કૃતિના દસ્તાવેજીકરણના મહત્વ વિશે ચર્ચા કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'સમાજમાં બધાની સાચી સમાવેશ અને સમાનતા ત્યારે જ શક્ય બનશે જ્યારે દરેક ભારતીય પોતાના હૃદયમાં ભાઈચારાની ભાવના સાથે પ્રયત્ન કરશે.'

# શામલીમાં તંગદિલી : દેખાવો દરમિયાન હેટ સ્પીચ મામલે પોલીસે ૪૭ સામે કેસ નોંધ્યો

(એજન્સી) તા.૭

ઉત્તરપ્રદેશ પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, માંસાહારી હોટેલો અને રેસ્ટોરાં બંધ કરવાની માંગ કરવા માટે યોજાયેલી એક મીટિંગ દરમિયાન શામલી જિલ્લામાં કથિત રીતે સાંપ્રદાયિક નિવેદનો આપવા બદલ ૪૭ હિંદુ કાર્યકરો સામે કેસ ફાઈલ કરવામાં આવ્યો છે. યોગ સાધના આશ્રમ ભાગરાના મહંત સ્વામી યશવીરની આગેવાની હેઠળની હિંદુ પંચાયત - જેમનું નામ FIRમાં છે-કથિત રીતે ૨૯ સપ્ટેમ્બરના રોજ થાનાભવન શહેરમાં પરવાનગી વિના યોજવામાં આવ્યું હતું, તેઓએ જણાવ્યું હતું.



પોલીસના જણાવ્યા અનુસાર ગયા રવિવારે, યશવીર સહિતના હિંદુ કાર્યકર્તાઓ એક માંસાહારી હોટલની બહાર એકઠા થયા હતા, અને માગણી કરી હતી કે નગરમાં મંદિરોની સો મીટરની અંદર આવી તમામ સ્થાપનાઓ બંધ કરવામાં આવે. વિરોધ દરમિયાન, તેઓએ કથિત રીતે ધાર્મિક નારા લગાવ્યા અને મુસ્લિમો વિરૂદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનો કર્યા હતા.

સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) વીરેન્દ્ર કસાનાએ જણાવ્યું હતું કે, "ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ સાત નામાંકિત વ્યક્તિઓ સહિત ૪૭ હિન્દુ કાર્યકરો સામે કેસ નોંધવામાં આવ્યો છે. ૩૦ સપ્ટેમ્બરે નોંધાયેલી FIRમાં મહંત સ્વામી યશવીરનું નામ પણ છે. નોંધાયેલા પોલીસ કેસના જવાબમાં, હિંદુ કાર્યકર્તાઓએ તેમના સાથી કાર્યકરો પર લાગેલા આરોપોનો વિરોધ કરીને ૧૦ ઓક્ટોબરે વિરોધ પ્રદર્શન કરવાની યોજના જાહેર કરી છે.

# ચુન ચુન કે નિકાલા જાયેગા : શિવરાજ સિંહ ચૌહાણે ઝારખંડમાં NRC લાગુ કરવાનો વાયદો કર્યો

(એજન્સી) તા.૭

કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ઝારખંડને લઈને મોટુ નિવેદન આપ્યું છે. શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે ઝારખંડમાં બીજેપી સરકાર આવશે તો NRC લાગુ થશે. તેમણે એમ પણ કહ્યું કે નાગરિકતાનું રજિસ્ટ્રેશન બનશે અને ઘૂસણખોરોને તો વીણી વીણીને બહાર કાઢવામાં આવશે. ભાજપના ઝારખંડ ચૂંટણી પ્રભારી શિવરાજ ચૌહાણે કહ્યું કે ઝારખંડમાં ભાજપનો વિગતવાર સંકલ્પ પત્ર ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. તેમણે કહ્યું કે, આ માત્ર મુખ્યમંત્રી બનાવવા અથવા પાર્ટીને સત્તામાં લાવવાની ચૂંટણી નથી, પરંતુ ઝારખંડને બચાવવા માટેની ચૂંટણી છે. તેમણે કહ્યું કે અમારો સંકલ્પ દીકરી, માટી અને રોટી અને ત્રણેયની રક્ષા કરવાનો છે. શિવરાજ ચૌહાણે કહ્યું કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને કારણે ઝારખંડની વસ્તી બદલાઈ રહી છે. સંથાલ પરગણામાં આદિવાસી વસ્તી ૪૪%થી ઘટીને ૨૮% થઈ ગઈ છે. બાંગ્લાદેશી ઘૂસણખોરોના કારણે હિંદુ વસ્તી પણ પ્રભાવિત થઈ છે. વોટ બેંકના લોભને કારણે હેમંત સોરેન અને ગઠબંધન સરકાર ઘૂસણખોરોને રક્ષણ આપી રહી છે. ઘૂસણખોરો દ્વારા આધાર કાર્ડ અને વોટર આઈડી કાર્ડ બનાવવામાં આવી રહ્યા છે, આ દેશ માટે મોટો ખતરો છે. આદિવાસી દીકરીઓને માયા જાળમાં ફસાવી તેમના લગ્ન કરાવીને તેમની જમીનો કબજે કરવામાં



આવી રહી છે. મહત્ત્વનું છે કે ઝારખંડમાં હજુ સુધી વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ઝારખંડ વિધાનસભા ચૂંટણીની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ઝારખંડમાં નાગરિકતા રજિસ્ટર બનાવવામાં આવશે. અમે સત્તામાં આવ્યા બાદ રાજ્યમાં NCR લાગુ કરીશું. વિદેશી ઘૂસણખોરોને પસંદગીપૂર્વક હાંકી કાઢવામાં આવશે.

# સોમનાથ ખાતેનું ડિમોલિશન 'વક્ફ બાય યુઝર' જોગવાઈનું ઉલ્લંઘન કરે છે; દેશભરમાં મુસ્લિમ વક્ફ મિલકતો પર જોખમ વધી શકે છે

અમદાવાદ, તા.૭

બ્રિટીશ શાસકો, રજવાડાઓ અને અન્ય શાસકોએ બ્રિટિશ કાળ પહેલાં જ તેમની પ્રજાને જાહેર ઉપયોગ માટે જમીનો આપી હતી, દાખલા તરીકે, તેમના મૃતકોના અગ્નિસંસ્કાર અને દફનવિધિ માટે. આ જમીનોને 'ઈનામ' કહેવામાં આવતી હતી. આ ફાળવણી સમુદાયની જરૂરિયાતો અને અગ્નિસંસ્કાર/દફનવિધિની આસપાસની ધાર્મિક પ્રથાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. તેનો ઉપયોગ હિંદુઓ દ્વારા 'શમશાન' તરીકે અને મુસ્લિમો કબ્રસ્તાન માટે કરવામાં આવતો હતો. ૧૯૪૭માં આઝાદી પછી, આ જમીનોને કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારો દ્વારા "સરકારી જમીન" તરીકે વર્ગીકૃત કરવામાં આવી. જો કે, સંબંધિત સમુદાયના મૃત વ્યક્તિઓના અગ્નિસંસ્કાર/દફનવિધિ માટે આવી જમીનોનો ઉપયોગ ચાલુ રહ્યો. આમ, જ્યારે આ જમીનો સરકારની માલિકી અને વહીવટ હેઠળ રહી ત્યારે તેનો સંબંધિત સમુદાયો દ્વારા તેમના અગ્નિસંસ્કાર/દફન પ્રથાઓ માટે સામૂહિક રીતે ઉપયોગ અને સંચાલન કરવામાં આવે છે. મુસ્લિમ સમુદાયો પણ આ જમીનોનો ઉપયોગ તેમના મૃતકોના દફનવિધિ માટે કરતા હતા, જેને "કબરસ્તાન" તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં, મુસ્લિમ સમુદાયના સભ્યોએ તેમની ખાનગી માલિકીની જમીનો ખાસ કરીને દફન હેતુ માટે, સામાન્ય મુસ્લિમ લોકો માટે અથવા તેમના પોતાના કુટુંબ અથવા ચોક્કસ સમુદાય માટે દાનમાં આપી હતી. પરિણામે, વ્યાપક મુસ્લિમ સમુદાય દ્વારા ઉપયોગ માટે નિયુક્ત જમીનોને "જાહેર કબ્રસ્તાન" તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે ચોક્કસ કુટુંબ અથવા સમુદાય દ્વારા ઉપયોગ માટે પ્રતિબંધિત જમીનોને "ખાનગી કબ્રસ્તાન" તરીકે ઓળખવામાં આવે છે. જાહેર અને ખાનગી બંને કબ્રસ્તાનોને દફનવિધિના ધાર્મિક હેતુ માટે સમર્પિત જમીન તરીકે ઓળખવામાં આવે છે, મુસ્લિમ કાયદા હેઠળ વકફ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે કારણ કે આ હેતુ માટે તેમના લાંબા સમયથી અને સતત ઉપયોગને કારણે, ભલે પ્રારંભિક અનુદાન અને સમર્પણ ઔપચારિક રીતે નોંધાયેલ ન હોય. પરિણામે, આમાંની ઘણી જમીનો, જ્યારે સત્તાવાર રીતે સરકારી અથવા ખાનગી મિલકત તરીકે નિયુક્ત કરવામાં આવે છે, અસરકારક રીતે "વપરાશકર્તા દ્વારા વકફ" બની જાય છે. આ સિદ્ધાંત કાયદામાં સ્થાપિત છે. આ જ તર્ક અન્ય મુસ્લિમ ધાર્મિક મિલકતોને પણ લાગુ પડે છે, જેમ કે મસ્જિદો (નિયમિત પ્રાર્થના માટેના સ્થાનો), દરગાહ (આદરણીય વ્યક્તિઓની કબરો), કબરો અને ખાનકાહ (ધાર્મિક સ્થળો). આ ધાર્મિક સ્થળોનો લાંબા ગાળાનો ઉપયોગ, અનુદાન અથવા સમર્પણના ઔપચારિક પુરાવા વિના પણ, વપરાશકર્તા દ્વારા વક્ફ તરીકેની તેમની ધાર્મિક હેતુઓ માટે તેમના મહત્વની પુષ્ટિ કરે છે. કમનસીબે, ઘણા કબ્રસ્તાનો સરકારી જમીન મહેસૂલ રેકોર્ડમાં "સરકારી જમીનો" તરીકે નોંધાયેલા છે, તેનો ઉપયોગ દફનવિધિ માટે કરવામાં આવે છે. ગુજરાતના ત્રણ કિસ્સાઓ આ સંઘર્ષોમાંથી ઉદ્ભવતા ગંભીર ગેરરીતિઓ અને ગેરકાયદેસરતાઓનું ઉદાહરણ છે. પ્રથમ વિવાદમાં અમદાવાદ જિલ્લાના ધંધુકા ગામનો સમાવેશ થાય છે, જ્યાં જમીનનો એક ભાગ મહેસૂલ રેકોર્ડમાં નોંધાયેલો છે અને મુસ્લિમ વહીવટદારના નામ સાથે ઓછામાં ઓછા ૧૯૨૩થી કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાય છે છતાં, જમીનને સત્તાવાર રીતે સરકારી મિલકત તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી અને ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા મામલતદાર કચેરીના બાંધકામ માટે ફાળવવામાં આવી હતી. આ ગેરકાયદેસરતાને મહેસૂલ સત્તાવાળાઓ સમક્ષ પડકારવામાં આવી હતી અને આખરે હાઈકોર્ટમાં આવી હતી. હાઈકોર્ટે શરૂઆતમાં બાંધકામ પર સ્ટે મૂક્યો હોવા છતાં સ્ટે ઓર્ડર હોવા છતાં મામલતદાર કચેરી ઉતાવળમાં બનાવવામાં આવી હતી. આખરે, કોર્ટે પૂર્ણ થયેલ બાંધકામને ઉપયોગની મંજૂરી આપી. પરિણામે, સરકાર દ્વારા કબ્રસ્તાનની જમીનના ભાગની ભરપાઈ કરવા માટે વૈકલ્પિક જમીન ફાળવવા માટેની કાર્યવાહી હવે ચાલી રહી છે. આવી જ પરિસ્થિતિ ગોધરામાં કબ્રસ્તાનની જમીન અંગે બની હતી, જ્યાં અલગ અલગ આવક ધરાવતી સામૂહિક અને અડીને આવેલી જમીનો કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતી હતી, છતાં સરકારી મિલકત તરીકે નોંધાયેલી છે. નોંધનીય છે કે, આ જૂથની જમીનનો એક પ્લોટ તે હેતુ માટે ઉપયોગમાં લેવાતો હોવા છતાં તેને કબ્રસ્તાન તરીકે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી ન હતી. પરિણામે, ગુજરાત સરકાર અને સ્થાનિક નગરપાલિકાએ આ જમીન પર ફાયર સ્ટેશન બનાવવાની દરખાસ્ત કરી અને વર્ક ઓર્ડર જારી કર્યો. આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેણે ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ (ડીઆઈએલઆર)ને જમીન માપવા અને



કબ્રસ્તાન તરીકે તેના ઉપયોગની પુષ્ટિ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સદનસીબે, DILRને જમીન પર ઘણી કબરો મળી, જે દફન સ્થળ તરીકે તેની સ્થિતિની પુષ્ટિ કરે છે. પરિણામે, હાઈકોર્ટે આ જમીન પર ફાયર સ્ટેશનના બાંધકામ પર પ્રતિબંધ મૂક્યો હતો અને સરકારને પ્રોજેક્ટ માટે વૈકલ્પિક જમીન ફાળવવાનો આદેશ આપ્યો હતો. ત્રીજો નોંધપાત્ર દાખલો પ્રભાસ પાટણ, સોમનાથ, વેરાવળમાં તાજેતરમાં થયેલ ડિમોલિશનનો છે. ૧૮૯૫માં, શહેરમાં મુસ્લિમ દફનવિધિ અંગેના વિવાદને કારણે જૂનાગઢના નવાબે જે.એમ. હન્ટરના નેતૃત્વમાં એક કમિશનની નિમણૂક કરી. તેમના અહેવાલના આધારે, મુસ્લિમ સમુદાયને ૧૯૦૩માં દફન હેતુ માટે જમીનો ફાળવવામાં આવી હતી, જેમાં ઐતિહાસિક રીતે આ હેતુ માટે ઉપયોગમાં લેવાતા વિસ્તારોનો સમાવેશ થાય છે. તે દસ્તાવેજીકૃત છે કે આ જમીનો પર ઘણી દરગાહ અને મઝારો અસ્તિત્વમાં છે, જેમાં ઓછામાં ઓછી ત્રણ દરગાહને સંરક્ષિત સ્મારકો તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ મઝારો અને ત્યાં દફનાવવામાં આવેલી આદરણીય વ્યક્તિઓનું ઐતિહાસિક મહત્વ વિવિધ ઐતિહાસિક દસ્તાવેજોમાં નોંધાયેલ છે. અધિકારોની ચકાસણી દરમિયાન અને ૧૯૪૭માં હાથ ધરાયેલા સર્વેક્ષણ દરમિયાન, આઝાદી પહેલાં, આવા ઓછામાં ઓછા નવ ધાર્મિક માળખાઓની ઓળખ કરવામાં આવી હતી, અને તેમનો કબજો પ્રોપર્ટી કાર્ડ્સ પરના રેવન્યુ રેકોર્ડમાં યોગ્ય રીતે નોંધવામાં આવ્યો હતો. ૧૯૪૭માં દેશને આઝાદી મળ્યા બાદ, ૧૯૫૫માં સોમનાથ મંદિર ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી અને રાજ્ય સરકારે મુસ્લિમ કબ્રસ્તાનની જમીનનો એક ભાગ ટ્રસ્ટને ફાળવી દીધો હતો, જે મુસ્લિમો તેનો કબરસ્તાન તરીકે ઉપયોગ કરી રહ્યા હતા. નોંધનીય છે કે, ૧૯૫૫માં ઔપચારિક ફાળવણી પહેલા જ ૧૯૫૧માં સોમનાથ મંદિર ટ્રસ્ટને આ જમીન માટે કબજાની રસીદ બનાવવામાં આવી હતી. તેમ છતાં, મુસ્લિમ સમુદાય દ્વારા આ જમીનનો કબરસ્તાન તરીકે ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું. આના પરિણામે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદ થયો કારણ કે સત્તાવાર રીતે જમીનને સરકારી જમીન તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી પરંતુ આઝાદી પહેલા જૂનાગઢ રાજ્યના શાસક દ્વારા મુસ્લિમોને અને સ્વતંત્રતા પછી રાજ્ય સરકાર દ્વારા સોમનાથ મંદિર ટ્રસ્ટને ફાળવવામાં આવી હતી. જો કે, મુસ્લિમો દ્વારા કબ્રસ્તાન તરીકે જમીનના ચોક્કસ ભાગનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું. જો કે, મંદિર ટ્રસ્ટે કબરસ્તાન જમીન પર અતિક્રમણ કર્યું હતું કારણ કે તેણે દાવો કર્યો હતો કે તે કબજાની રસીદના આધારે રાજ્ય સરકાર દ્વારા તેને ફાળવવામાં આવી હતી. ટ્રસ્ટે કબરસ્તાન જમીન પર ધાર્મિક માળખું પણ બનાવ્યું હતું. જેના કારણે બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. અમુક દાવાઓ અદાલતો દ્વારા નક્કી કરવામાં આવ્યા છે અને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, અને અમુક મહેસૂલ સત્તાવાળાઓ, સિવિલ કોર્ટ, વક્ફ ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. ચાલી રહેલા દાવાઓ દરમિયાન, મહેસૂલ સત્તાધિકારી અને કલેકટરે, ૫ સપ્ટેમ્બર અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કાર્યવાહી શરૂ કરી હતી. આ કાર્યવાહી એ દાવા પર આધારિત હતી કે ૧૯૪૭થી મહેસૂલી રેકોર્ડમાં જમીનની નોંધણી ખોટી હતી અને તેને સુધારવાની જરૂર હતી. આ કાર્યવાહી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સુનાવણી માટે આવી હતી, પરંતુ ત્યારબાદ તેને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ પર મુલતવી રાખવામાં આવી હતી. કારણ કે કબરસ્તાનના સંચાલકોએ સંબંધિત દસ્તાવેજો મેળવવા અને તેમના સબમિટ કરવા માટે વધારાના સમયની વિનંતી કરી હતી. જો કે, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, ૭૫ વર્ષ પછી શરૂ થયેલી કાર્યવાહી અંગે કોઈ સુનાવણી થઈ ન હતી. એક પૂર્વયોજિત યોજના સાથે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, સવારે ૫ વાગ્યે, પોલીસ દળો, વહીવટી સ્ટાફ અને બુલડોઝર આવ્યા હતા. આ ઓપરેશન પાર કરવા માટે મુસ્લિમ નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને કબ્રસ્તાનની અંદર ધાર્મિક માળખાં અને કબરો તોડી પાડવામાં આવી હતી. હાઈકોર્ટ સમક્ષની કાર્યવાહીમાં, સરકારે જણાવ્યું હતું કે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ડિમોલિશન માટેની નોટિસ જારી કરવામાં આવી હતી અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ એક આદેશ પસાર કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ડિમોલિશન કરવામાં આવ્યું હતું. જવાબમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ની નોટિસ, હાલના નવ ધાર્મિક સ્થળોની આસપાસના કેટલાક વધારાના બાંધકામો માટે જ સંબંધિત છે, અને આ ધાર્મિક માળખાં માટે ન હતા. જો કે સરકારે દાવો કર્યો હતો કે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આદેશ જારી કરવામાં આવ્યો હતો, આ આદેશ સંબંધિત પક્ષોને જણાવવામાં આવ્યો ન હતો. રેકોર્ડ મુજબ, તે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે વાતચીત થવાની હતી, જો કે, ડિમોલિશન ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ વહેલી સવારે થઈ ચૂક્યું હતું. આ સંદર્ભમાં, એ નોંધવું અગત્યનું છે કે ફોજદારી ગુનાના આરોપી મુસ્લિમોને નિશાન બનાવતા શિક્ષાત્મક વિધ્વંસ અંગેની કાર્યવાહી સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રવ્યાપી સંયમનો આદેશ જારી કર્યો હતો, જેમાં સત્તાવાળાઓને અમુક અપવાદો સાથે, કોઈપણ ડિમોલિશન પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, આ આદેશનું ઉલ્લંઘન કરીને આસામમાં કેટલીક ઝૂંપડીઓ તોડી પાડવામાં આવી હતી, જેના કારણે સુપ્રીમ કોર્ટ સમક્ષ તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. જવાબમાં, કોર્ટે સત્તાવાળાઓને તિરસ્કારની નોટિસ જારી કરી હતી અને આદેશ આપ્યો હતો કે જમીન અંગે યથાસ્થિતિ જાળવવામાં આવે. પરિણામે, સુપ્રીમ કોર્ટના આદેશનો ઉલ્લેખ કરીને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સમાન વિનંતી કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે સોમનાથ ખાતે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ની વહેલી સવારે કરવામાં આવેલ ડિમોલિશન સુપ્રીમ કોર્ટના નિર્દેશનું ઉલ્લંઘન કરે છે. આ ઉપરાંત સોમનાથ વિધ્વંસને લઈને સુપ્રીમ કોર્ટમાં તિરસ્કારની અરજી પણ દાખલ કરવામાં આવી છે. અત્યારે, બંને કાર્યવાહી- હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ-વિચારણા માટે પેન્ડિંગ છે. જો કે, યથાસ્થિતિ જાળવવા માટે કોઈ આદેશ જારી કરવામાં આવ્યા નથી. આ જમીનો લાંબા સમયથી કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતી હોવા છતાં, તે સરકારી મિલકત તરીકે નોંધાયેલી છે. આ વર્ગીકરણ તેને પચાવી પાડવા, અને આ જમીનો પર સ્થિત કબરો અને ધાર્મિક માળખાના ધ્વંસ માટે એક યોજના છે. વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૪ હેઠળ વકફ એક્ટ, ૧૯૯૫માં સૂચિત સુધારાઓ, ખાસ કરીને "વપરાશકર્તા દ્વારા વકફ"ને હટાવવા અને સર્વેક્ષણ સંબંધિત જોગવાઈઓમાં ફેરફારોને દર્શાવવું મહત્વપૂર્ણ છે. સૌપ્રથમ, ૧૯૫૪ના વકફ અધિનિયમ અને ૧૯૯૫ના વકફ અધિનિયમ બંને દ્વારા ફરજિયાત વકફ મિલકતોના સર્વેક્ષણ હજુ હાથ ધરવામાં આવ્યા નથી. પરિણામે, ઘણી વકફ મિલકતો બિન-રેકોર્ડેડ છે. સૂચિત સુધારાઓ આ નિર્ણાયક સર્વેક્ષણ કાર્યને પ્રાથમિકતા આપવા અથવા ઝડપી કરવામાં નિષ્ફળ જાય છે, આ વકફ મિલકતોની માન્યતા અને સંરક્ષણને જોખમમાં મૂકે છે. નજીકના ભવિષ્યમાં કોઈ નવા સર્વેની અપેક્ષા નથી. વધુમાં, "વપરાશકર્તા દ્વારા વકફ" ખ્યાલને દૂર કરવાનો અર્થ એ છે કે હાલમાં ઉપયોગમાં લેવાતી વકફ મિલકતો-જેમ કે કબરસ્તાન, મસ્જિદો અને ખાનકાહ-વિવાદિત મિલકતો બની શકે છે, ખાસ કરીને જ્યારે સંબંધિત દસ્તાવેજોનો અભાવ હોય અને આ જમીનો સરકારી અથવા ખાનગી મિલકત તરીકે નોંધાયેલી હોય. આ ફેરફાર આ સ્થળોને સંભવિત પચાવી પાડવા અને તોડી પાડવા માટે સંવેદનશીલ બનાવે છે, જેના કારણે મુસ્લિમ સમુદાયની ધાર્મિક મિલકતો અને જમીનો છીનવાઈ જવાનું જોખમ રહેશે. "વપરાશકર્તા દ્વારા વકફ" કલમને કાઢી નાખવા અને વક્ફના સર્વેક્ષણ સંબંધિત જોગવાઈઓમાં ફેરફાર નિઃશંકપણે પ્રતિકૂળ અને મુસ્લિમો અને તેમની ધાર્મિક વકફ મિલકતો માટે હાનિકારક હશે, અને ઉપરોક્ત અસંખ્ય ઉદાહરણો તેના મળે છે. આ ઉપરાંત ભવિષ્યમાં પણ આવી જ ઘટનાઓ બનવાની સંભાવના છે. તેના પર ધ્યાન આપવું જોઈએ, અને આ ફેરફારો અંગે મુસ્લિમ સમુદાયની ચિંતાઓને સ્વીકારવી જોઈએ અને તેને દૂર કરવી જોઈએ. તેમની ધાર્મિક સંપત્તિનું રક્ષણ સુનિશ્ચિત કરવું અને તેમની સુરક્ષાની ભાવના પુનઃસ્થાપિત કરવી જરૂરી છે.

# બગડેલા સંબંધોમાં સુધારો થતાં જ માલદીવ પર રિઝી ઉઠ્યું ભારત, ૪૦ કરોડ ડોલરની સહાય

## સંખ્યાબંધ મહત્ત્વના કરાર પર થયા સહી-સિક્કા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતથી માલદીવના પ્રમુખ મોહમ્મદ મોઈઝ્ઝુ રાજીના રેડ

## ચાવીરૂપ સાથીદાર ભારતનો આભાર માનતા પ્રમુખ : માલદીવમાં રૂપે ઓનલાઈન સિસ્ટમ શરૂ થશે

(એજન્સી) નવી દિલ્હી,તા.૭

માલદીવના ભારત સાથેના સંબંધો થોડા સમયથી બગડી ગયા હોવાથી સુધારો કરવા માટે અને સંબંધોને ફરી પાટે ચઢાવવા માલદીવના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ મોઈઝ્ઝુના પ્રયાસો સફળ થયા છે અને ફરીથી ભાઈબંધી જામી હોવાના સંકેત સાથે ભારતે આજે માલદીવ માટે ૪૦ કરોડ ડોલરની સહાય જાહેર કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની માલદીવ પ્રમુખની વાટાઘાટો અને બેઠક એકદમ સફળ રહ્યા હતા.

વડાપ્રધાન મોદીએ માલદીવને ખાસ મિત્ર તરીકે ગણાવીને કહ્યું હતું કે ભારતની પહેલા પડોશી નીતિ તથા સાગર દ્દષ્ટિકોણમાં માલદીવનું ચાવીરૂપ સ્થાન છે. તો બીજી તરફ માલદીવ પ્રમુખે ભારતનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે ઉદાર હાથે મદદ કરનાર ભારત અમારો મહત્વનો સાથીદાર છે.



મોદી અને મોહમ્મદ મોઈઝ્ઝુની મુલાકાત બાદ બંને દેશો વચ્ચે મહત્વના કરાર થયા હતા જેમાં બંદરોનો વિકાસ, રસ્તાનો બાંધકામ અને નેટવર્ક તેમજ શાળા અને ગૃહનિર્માણ માટે કરાર થયા હતા જેના માટે ભારત સહાય કરશે. આજે હૈદરાબાદ હાઉસ ખાતે પ્રમુખ મોહમ્મદ મોઈઝ્ઝુએ મોદી સાથે લાંબી મુલાકાત કરી હતી. માલદીવમાં રૂપે કાર્ડ પણ શરૂ કરવામાં આવ્યું છે. મોદીએ ટાપુ દેશ માટે ૪૦ કરોડ ડોલરની રોકડ સહાય જાહેર કરી હતી. ચલણની અદલાબદલી માટે રૂા. ૩ હજાર કરોડનો ખાસ કરાર પણ કરવામાં આવ્યો હતો જેનાથી માલદીવની નાણાકીય તંગી દૂર થશે. બંને મહાનુભાવોએ ગાઢ આર્થિક સહયોગ તથા દરિયાઈ સુરક્ષા સહયોગ ઉપર ભાર મુકયો હતો અને તેના આયોજન પર વિચારોની આપ-લે કરી હતી. હિંદ મહાસાગરમાં ભારત માટે ટાપુ દેશો સાથેનો સહયોગ નિર્ણાયક બની રહેશે. ભારત માલેમા નવા બંદરના નિર્માણમાં મદદ કરશે અને નવા એરપોર્ટ માટે પણ સાધન સહાય પુરા પાડશે. ભારતની સહાય સાથે માલદીવમાં બે નવા એરપોર્ટ તૈયાર થઈ રહ્યા છે. જેનાથી પ્રવાસનને વેગ મળશે. આ રીતે મોહમ્મદ મોઈઝ્ઝુની પાંચ દિવસની ભારત યાત્રા અતિ સફળ રહી હતી. ભારત સાથે સંબંધોમાં થોડો તનાવ આવ્યા બાદ તેનો પ્રવાસન ઉદ્યોગ એકદમ ભાંગી પડયો હતો. પણ હવે પૂર બહારમાં ખીલી ઉઠશે.

# 'એલજી અમારા ઉમેદવારોની નિમણૂક કરશે' : જમ્મુ-કાશ્મીર ચૂંટણીના પરિણામો પહેલાં સોફી યુસુફના બિનજરૂરી વિધાનોથી ભાજપ નારાજ

શ્રીનગર,તા.૭

જમ્મુ અને કાશ્મીરના ઉપપ્રમુખ સોફી યુસુફે કરેલા બિનજરૂરી વિધાનોથી ભાજપની નેતાગીરી ખુબ નારાજ થઈ ગઈ છે. યુસુફે એવો દાવો કરી દીધો છે કે લેફ.ગવર્નર મનોજ સિન્હા ભાજપના ઉમેદવારોની નિમણૂક કરશે જેથી



## એક મુલાકાતમાં કાશ્મીર ભાજપના ઉપપ્રમુખ યુસુફે દાવો કર્યો હતો કે, કાશ્મીરમાં ભાજપ સરકાર બનાવશે અને એલજી અમારા ઉમેદવારોની નિમણૂક કરશે

ચૂંટણીના પરિણામો બાદ અમારી સરકાર બનશે. ભાજપના આંતરિક સુત્રોએ જણાવ્યું હતું કે અત્યારે અમારી નેતાગીરીએ પરિણામના દિવસ એટલે કે મંગળવાર પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પરંતુ યુસુફના બિનજરૂરી વિધાનોથી કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સના જોડાણને વધુ મજબૂતી મળી છે એટલે અમારી નેતાગીરી નારાજ છે. યુસુફના નિવેદનથી કાશ્મીરની ચૂંટણી પ્રક્રિયાને ઝાંખપ લગાડવાની કોંગ્રેસને તક મળી છે અમે પરિણામો બાદ યુસુફનો ખુલાસો માગવાના છીએ. યુસુફે કાશ્મીર ખીણમાં ભાજપની સ્થિતિ મજબૂત બનાવવામાં ઘણો ફાળો આપ્યો છે પણ આવા વિધાનો કરીને વિવાદ ઉભો કરી દીધો છે. યુસુફે એવું પણ કહ્યું હતું કે દિલ્હીમાં અમારી સરકાર છે એટલે કાશ્મીરમાં પણ એલજી અમારા ઉમેદવારોની નિમણૂક કરી દેશે.

કોંગ્રેસ દ્વારા પણ ભારે ટીકા કરવામાં આવી છે અને ભાજપ લોકશાહીનું અપહરણ કરીને ગંદી રીત રસમો અજમાવી રહ્યાનો આક્ષેપ કર્યો છે.

# ઈઝરાયેલના હાઈફામાં લશ્કરી મથક પર હિઝબુલ્લાહનો હુમલો

## લડાકુ જૂથના હુમલાથી જાનહાનિ પણ થયાના અહેવાલ



જેરૂસલેમ,તા.૭

ઈઝરાયેલના હાઈફા શહેરમાં આવેલા ઈઝરાયેલી લશ્કરી થાણા પર હિઝબુલ્લાહ દ્વારા આક્રમણ કરવામાં આવ્યું છે. જેમાં જાનહાનિ પણ થઈ હોવાનો લડાકુ જુથે દાવો કર્યો છે હાઈફાના કારમેલ લશ્કરી મથક તરફ ફદી-૧ મિસાઈલનો મારો કરવામાં આવ્યો હતો.

લડાકુ જૂથના નિવેદનમાં જણાવ્યું હતું કે નાગરિકોનો હત્યાકાંડ કરી રહેલા યહુદી દુશ્મન તરફ અમે મિસાઈલો છોડી છે અમે લેબેનોન અને તેની પ્રજાનું રક્ષણ કરવા તૈયાર છે. દુશ્મનના હુમલા અને તેના ઘમંડને ચૂરચૂર કરવાની ફરજ અમે બજાવીશું. મિસાઈલોનો મારો થતા જ આખો ઈઝરાયેલમાં ચેતવણીની સાયરનો ગાજી ઉઠી હતી. સંખ્યાબંધ લોકો માર્યા ગયા હોવાનું ઈઝરાયેલના મીડિયાએ જ કબુલ કર્યું હતું. ઈજા પામેલા ૮થી ૧૦ લોકોને હાઈફાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# 'સતત ટ્વિટ કરીને દાસના દેવી મંદિર પર હુમલો કરવા માટે મુસ્લિમોની સતત થઈ રહી હતી ઉશ્કેરણી' : ગાઝિયાબાદમાં ALT ન્યુઝના મો. ઝુબેર તેમજ મૌ. અરશદ મદની અને ઓવૈસી સામે એફઆઈઆર દાખલ

નવી દિલ્હી,તા.૭

ગાઝિયાબાદમાં દાસના દેવી મંદિર પર હુમલો કરાવવાના આરોપસર એએલટી ન્યુઝના સહસ્થાપક અને તંત્રી મો.ઝુબેર સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે એટલું જ નહીં દેશભરના મુસ્લિમોને ઉશ્કેરવા માટે અને દાસનાના શિવશકિત ધામનો નાશ કરવા બહારથી મુસ્લિમો લાવવાની સ્થાનિક મુસ્લિમોની ઉશ્કેરણી કરવાના આરોપ મુકીને ઝુબેર તથા મુસ્લિમ ધાર્મિક અગ્રણી મૌલાના અરશદ મદની અને રાજકીય આગેવાન અસદુદ્દીન ઓવૈસીના નામ પણ એફઆઈઆરમાં દાખલ કરી દેવામાં આવ્યા છે.

ગઈ ૫મી ઓકટોબરે ટોળાએ શિવશકિતધામ મંદિર પર ઘેરો નાખીને પથ્થરમારો કર્યો હોવાનો અને તેનો વીડીયો બનાવીને ઝુબેર દ્વારા વાયરલ હતા. ભાજપની આ મહિલા નેતાએ ફરીયાદમાં એવું લખાવ્યું છે કે ઓવૈસી, અરશદ મદની તથા ઝુબેરે યતી આવી છે. તાજેતરમાં યતિએ ઈસ્લામના પવિત્ર અને મહાન સ્થાપક સામે કરેલા વિધાનો અંગેનો વીડિયો ઝુબેર દ્વારા

## યતિ નરસિંહાનંદના વિવાદી ઉચ્ચારણો સામે ટ્વિટ કરીને જવાબ આપનાર ઝુબેરની સાથેસાથે મૌલાના મદની અને ઓવૈસી સામે પણ પોલીસે કેસ દાખલ કરી દીધો

કરાયો હોવાનો આરોપ મુકવામાં આવ્યો છે. ભાજપના એક સ્થાનિક નેતા ડો. ઉદીતા ત્યાગીએ ગાઝિયાબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. જેમાં એવો આરોપ મુકાયો છે કે મંદિર પરનો હુમલો ઈસ્લામી જેહાદીઓનુ કાવતરૂં હતું અને ઝુબેર દ્વારા મંદિર પર હુમલો કરવા મુસ્લિમોને ઉશ્કેરવામાં આવ્યા નરસિંહાનંદ સરસ્વતીને મારી નાખવા માટે સતત ઉશ્કેરણી કરી છે. અને કોમી ઝનૂન જગાવવાનો પ્રયાસ કર્યો છે એટલે આ નેતાઓ સામે પગલાં લેવા જોઈએ. યતિને સુરક્ષા પૂરી પાડવાની પણ તેણે માગણી કરી છે. મો. ઝુબેર સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ફરિયાદ દાખલ કરવામાં સમાજની જાણ માટે જાહેર કરવામાં આવ્યો હતો. નફરતભર્યા સંદેશા આપનારા લોકો સામે ઝુંબેશ ચલાવી રહેલા ઝુબેર દ્વારા બાદમાં ટવીટ કરવામાં આવ્યું હતું કે આ સાધુ ઈસ્લામ અને તેમના સ્થાપકને નિશાન બનાવીને વારંવાર અપમાનજનક અને નફરતભર્યા વિધાનો કરતો રહ્યો છે.

# એક કલાકમાં હિઝબુલ્લાહના ૧૨૦ ઠેકાણા પર ઈઝરાયેલનું પ્રચંડ હવાઈ આક્રમણ

## યમનમાંથી ફરીવાર ઈઝરાયેલ પર મિસાઈલમારો

બૈરૂત,તા.૭

લેબેનોનના પાટનગર બૈરૂતના દક્ષિણ વિસ્તારમાં હિઝબુલ્લાહના ૧૨૦ જેટલા મથકો પર એક જ કલાકની અંદર ઈઝરાયેલ દ્વારા ભયાનક હવાઈ આક્રમણ કરવામાં આવ્યું હતું. લડાકુ જુથના કમાન્ડરો અને તેના શસ્ત્ર પુરવઠાના ઠેકાણાઓને નિશાન બનાવીને બોમ્બ વર્ષા કરવામાં આવી હતી. હિઝબુલ્લાહ તરફથી પણ ઈઝરાયેલ તરફ સતત રોકેટ મારો કરવામાં આવી રહ્યો છે. યમન તરફથી પણ ઈઝરાયેલ પર મિસાઈલ છોડવામાં આવી છે. આ રીતે બૈરૂત હવે ગાઝાની જેમ ભીષણયુદ્ધમાં સપડાયું છે જેના કારણે હજારો લોકો હિજરત કરી રહ્યા છે. વિશ્વબેંક દ્વારા લેબેનોન માટે તાકીદની ૧૦ કરોડ ડોલરની સહાય જાહેર કરવામાં આવી છે ઉપરાંત ૨૫ કરોડ ડોલરની લોન પણ મંજુર કરવામાં આવી છે.

# પ્રવેશ વખતે આધારકાર્ડ બતાવો : અપમાનજનક ભાષણનો આરોપી યતિ નરસિંહાનંદ પલાયન, ગાઝિયાબાદના દાસના દેવી મંદિરની સુરક્ષામાં ભારે વધારો

નવી દિલ્હી,તા.૭

ગાઝિયાબાદની સડકો સૂમસામ બની ગઈ છે અહીં આવેલા દાસના દેવી મંદિરના મહંત યતિ નરસિંહાનંદે હઝરત પયગમ્બર (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ અપમાનજનક વિધાનો કર્યા હોવાથી દેશભરમાં પ્રચંડ વિરોધ ભડકી ઉઠયો છે એટલે હવે પોલીસે કાર્યવાહી શરૂ કરતા મહંત પલાયન થઈ ગયો છે. પોલીસ એને શોધી રહી છે દરમ્યાન દાસના દેવી મંદિરની આસપાસ વધુ સજ્જડ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બે દિવસ પહેલા ઉશ્કેરાયેલા ટોળાએ મંદિર પાસે એકત્ર થઈને પથ્થરમારો કર્યો હતો એવો ભાજપનો આક્ષેપ છે. પોલીસે યતિ સરસ્વતીની શોધખોળ શરૂ કરી છે પણ એ કયા છે કોઈને ખબર નથી હિન્દુવાદી નેતાઓ દ્વારા પોલીસ સ્ટેશન સામે દેખાવો કરવામાં આવ્યા હતા. એક હિન્દુવાદી જીતેન્દ્રએ કહ્યું હતું કે જો આવતા થોડા દિવસમાં મહંત મળી નહી આવે તો અમે મોટાપાયે ઉગ્ર દેખાવો કરીશું. જવાબ અપાશે. બીજી તરફ આસ્થા મા નામની એક મહિલાએ પણ મહંતના ટેકામાં ધરણા કર્યા હતા અને દેખાવો પણ કર્યા હતા. આસ્થા માએ આક્ષેપ કર્યો હતો કે

## મંદિરના મહંત યતિને શોધી રહી છે પોલીસ જેના પયગમ્બર (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધના ઉચ્ચારણોથી દેશભરમાં જબરદસ્ત વિરોધ જાગી ઉઠ્યો છે

હિન્દુવાદીઓના ટોળાએ ગાઝિયાબાદ પોલીસ કમિશનર કચેરીની બહાર દેખાવો કર્યા હતા અને સૂત્રો પોકાર્યા હતા. દાસના મંદિરની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને આધારકાર્ડ બતાવે તેને જ પ્રવેશ અપાય છે. જેથી કરીને કોઈ તોફાની તત્વો અંદર ઘૂસી ન જાય. મંદિરની અંદરથી પોલીસે અટકાયતમાં લીધેલા મહંતના ચાર શીષ્યમાંથી એક નિત્યાનંદે કહ્યું હતું કે નવરાત્રી પર મુસ્લિમોએ હુમલો કર્યો હતો જે હિન્દુ સમાજ સહન નહીં કરે અને તેનો નવરાત્રીના બીજા દિવસે મુસ્લિમોના ટોળાએ મંદિરને ઘેરી લીધું હતું. જયારે મહંત કૃષ્ણમુરારી નામના સાધુએ પડકાર કર્યો હતો કે હિન્દુ મંદિરો પર હુમલા થઈ રહ્યા છે. અમે બંગડીઓ પહેરી નથી. મંદિરના વિસ્તારમાં અને ગાઝિયાબાદમાં મુસ્લિમોની મોટી વસ્તી છે મંદિર પાસે રહેતા મો. મેરાજ કહે છે કે અહીં હિન્દુ-મુસ્લિમો વચ્ચે કદી વિખવાદ થયો નથી. પણ આ બાબા જયારથી આવ્યો છે ત્યારથી તેણે વાતાવરણ બગાડવાના સતત પ્રયાસો કર્યા છે.

# યુપીમાં MBBS વિદ્યાર્થીનો મૃતદેહ કેમ્પસમાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો

## મરનારની ઓળખ થઈ છે, વરૂણ અર્જુન મેડિકલ કોલેજનો ૨૪ વર્ષીય વિદ્યાર્થી કુશાગ્ર પ્રતાપસિંઘ જાતે બિલ્ડિંગ પરથી પડી ગયાની અથવા કોઈએ ધક્કો માર્યાની આશંકા

(એજન્સી) શાહજહાંપુર, તા.૭

ઉત્તરપ્રદેશના શાહજહાંપુરની વરૂણ અર્જુન મેડિક્લ કોલેજના એક વિદ્યાર્થીનો મૃતદેહ શંકાસ્પદ સંજોગોમાં મળી આવ્યો હતો એમ પોલીસે જણાવ્યું હતું. MBBSના બીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીની ઓળખ કુશાગ્ર પ્રતાપસિંઘ (૨૪) તરીકે થઈ છે. કોલેજના પ્રિન્સિપાલ નિવૃત્ત કર્નલ ડો. રવિન્દ્રનાથ શુકલાએ જણાવ્યું હતું કે, મરનાર વિદ્યાર્થી ગોરખપુરનો હતો. હોસ્ટેલની પાછળથી તેનો મૃતદેહ મળી આવતા તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્રણ માળની હોસ્ટેલના ગ્રાઉન્ડ ફ્લોર પરના રૂમમાં રહેતો હતો. પોલીસે પ્રથમદર્શી એવી શંકા છે કે, વિદ્યાર્થીએ કાં તો ઉપરથી પોતે કૂદકો માર્યો હોય અથવા કોઈએ ધક્કો માર્યો હોય એવું લાગે છે.

# રાજસ્થાન SI પેપર લીક કેસ : કેવી રીતે પિતાના જેલના કોન્ટેક્ટ દ્વારા ભાઈ-બહેનને સબ ઈન્સપેક્ટરની પરીક્ષા ક્રેક કરવામાં મદદ મળી

(એજન્સી) તા.૭

રાજસ્થાનમાં પેપર લીક કેસની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ પોલીસ ટીમ SOGને મોટી સફળતા મળી છે. વર્ષ ૨૦૨૧ની રાજસ્થાન પોલીસ SI ભરતી પરીક્ષાના પેપર લીક કેસમાં SOGએ બે તાલીમાર્થી SIની ધરપકડ કરી છે. બંને તાલીમાર્થી SI ભાઈ અને બહેન છે. પૂછપરછ દરમિયાન બંનેએ કબૂલાત કરી હતી કે તેમને પરીક્ષા પહેલા જ પેપર મળી ગયું હતું. પૂછપરછ બાદ SOG આ કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભાઈ-બહેનોની ઓળખ દિનેશ બિશ્નોઈ અને પ્રિયંકા બિશ્નોઈ તરીકે થઈ છે. બંને રાજસ્થાન પોલીસ એકેડમીમાં એસઆઈની પોસ્ટ માટે ટ્રેનિંગ લઈ રહ્યા હતા. ભાઈ અને બહેન રાજસ્થાનના જાલોર જિલ્લાના બસરા ધનજી ગામના રહેવાસી છે. મળતી માહિતી મુજબ, દિનેશ અને પ્રિયંકા બિશ્નોઈના પિતા ભગીરથ બિશ્નોઈ અફીણની દાણચોરી કરે છે. ભગીરથ બિશ્નોઈની જોધપુર જેલમાં બંધ છે. પોલીસે જણાવ્યું હતું કે ભગીરથે પેપર લીક કરનાર ભૂપેન્દ્ર સરન ગેંગનો સંપર્ક કર્યો હતો. તેણે ૨૦ લાખ રૂપિયા આપીને એસઆઈની ભરતીની પરીક્ષાના પેપર ખરીદ્યા હતા. કાર્યવાહી અંગે SOG એડીજી વીકે સિંહે જણાવ્યું હતું કે, 'SI ભરતી-૨૦૨૧ પેપર લીક કેસમાં અમારી કાર્યવાહી ચાલુ છે.' ઉલ્લેખનીય છે કે સબ ઈન્સ્પેક્ટર ભરતી ૨૦૨૧માં પેપર લીકના મામલામાં એસઓજીએ અત્યાર સુધીમાં ૪૨ પસંદગીના ટ્રેઈની એસઆઈની ધરપકડ કરી છે. પેપર લીક ગેંગ સાથે સંકળાયેલા ૩૦થી વધુ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

# મધ્યપ્રદેશમાં છ વર્ષની બાળકી પર બળાત્કાર, ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ

(એજન્સી) તા.૭

મધ્યપ્રદેશના ડિંડોરી જિલ્લામાં છ વર્ષની બાળકી પર પડોશમાં રહેતા એક વ્યક્તિ દ્વારા બળાત્કાર કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. પોલીસે સોમવારે આ જાણકારી આપી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે બાળકીની હાલત નાજુક છે અને તેને જબલપુરની હોસ્પિટલમાં રીફર કરવામાં આવી છે. ૨૧ વર્ષના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે આ ઘટના રવિવારે શાહપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. પીડિતા તેના દાદા-દાદી સાથે રહેતી હતી. શાહપુરા પોલીસ સ્ટેશનના પ્રભારી શિવલાલ મરકમે જણાવ્યું કે જ્યારે તે ઘરે એકલી હતી ત્યારે આરોપી ઘરમાં ઘૂસી ગયો અને તેના પર બળાત્કાર કર્યો. તેણે જણાવ્યું કે પીડિતાની દાદી ઘરના પાછળના ભાગમાં કામ કરતી હતી અને તેના દાદા પણ ઘરે નહોતા. અધિકારીએ કહ્યું કે પડોશની એક છોકરીએ પીડિતને ઈજાગ્રસ્ત હાલતમાં જોઈ અને તેની દાદીને જાણ કરી. તેણે જણાવ્યું કે જયારે તેની દાદી ત્યાં પહોંચી તો પીડિતાના પ્રાઈવેટ પાર્ટમાંથી લોહી વહી રહ્યું હતું. આ પછી મહિલાએ પોલીસનો સંપર્ક કર્યો. અધિકારીએ જણાવ્યું કે પીડિતાને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાંથી તેની ગંભીર સ્થિતિને જોતા તેને જબલપુરની હોસ્પિટલમાં રિફર કરવામાં આવી.

# યુપીમાં સમૂહ લગ્ન યોજના હેઠળ ભાઈ-બહેને પરસ્પર લગ્ન કર્યા; કારણ જાણીને તમે ચોંકી જશો

(એજન્સી) તા.૭

ઉત્તરપ્રદેશના હાથરસમાં એક વિચિત્ર ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં ભાઈ અને બહેને કથિત રીતે અન્ય ઘણા પરિણીત યુગલો સાથે લગ્ન કર્યા હતા, જેમણે સામૂહિક લગ્ન યોજના હેઠળ સરકારી લાભો મેળવવા માટે છેતરપિંડીથી પુનર્લગ્ન કર્યા હતા, જે નવા પરણેલા યુગલો માટે છે આર્થિક રીતે નબળા વર્ગો. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જયારે રહેવાસીઓએ ફરિયાદ નોંધાવી, જેના પગલે સ્થાનિક એસ.ડી.એમ. આ અંગે કાર્યવાહી કરીને તપાસના આદેશ આપ્યા છે. ઘણા યુગલો જેઓ પહેલેથી જ પરિણીત હતા, તેમણે મુખ્યમંત્રી સમૂહ લગ્ન યોજના હેઠળ કથિત રીતે લાભ મેળવવા માટે આ કૌભાંડની યોજના બનાવી હતી, જેમાં કન્યાના બેંક ખાતામાં રૂા. ૩૫,૦૦૦ ટ્રાન્સફર કરવા, દંપતી માટે જરૂરી વસ્તુઓ માટે રૂા. ૧૦,૦૦૦ અને લગ્ન સમારોહ માટે રૂા.૧૦,૦૦૦નો સમાવેશ થાય છે. ૬,૦૦૦ રૂપિયાના ખર્ચનું વચન આપવામાં આવ્યું છે, ઘણા મીડિયા અહેવાલો અનુસાર, સિકન્દ્રા રાવના બે પરિણીત યુગલોએ સામુદાયિક લગ્ન યોજના હેઠળ ફરીથી લગ્ન કર્યા હતા. અહેવાલો અનુસાર એક સરકારી કર્મચારીએ આ યોજનાનો લાભ ઉઠાવવા માટે આ નકલી લગ્નો કરાવ્યા હતા. જવાબદારો સામે કાર્યવાહી હાથરસમાં ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ યોજાઈ હતી જેમાં ૨૧૭ યુગલોએ લગ્ન કર્યા હતા.

### દાંતા ત્રિશુળિયા ઘાટ પર ભયંકર અકસ્માત

# રીલ બનાવી રહેલા ડ્રાઈવરે ચાર બમ્પ કૂદાવી દેતા બસ પલટી : ૪નાં મોત, ૫૦થી વધુ ઈજાગ્રસ્ત

### ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનો આરોપ | કલેક્ટર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૭

રાજયમાં અકસ્માત સર્જાવવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. એક મહિના દરમ્યાન કેટલીક અકસ્માતની ઘટનાઓ બની. ગઈકાલે રવિવારે ફોર્ચ્યુનર કારે બાઈકસવાર ત્રણ લોકોને અડફેટમાં લીધા હતા. જે અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત નિપજ્યા હતા ત્યારે આજે ફરી એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. આધુનિક યુગમાં કેટલાક લોકોને સોશિયલ મીડિયાની લત લાગી છે. બનાસકાંઠા સ્થિત દાંતા ત્રિશુળિયા ઘાટ ખાતે સવારે બસમાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. ડ્રાઈવરે ચાલુ ગાડીમાં રીલ બનાવતા ચાર બમ્પ કૂદાવી દીધા હતા. બાદમાં બસ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં બાળક સહિત ચાર લોકોનાં મોત નિપજ્યા જ્યારે ૫૩ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા સ્થિત દાંતા ત્રિશુળીયા ઘાટ ખાતે સવારે બસમાં ભયંકર અકસ્માત



સર્જાયો હતો. નડિયાદ, કઠલાલ તથા આજુબાજુના વિસ્તારના ૬૦થી વધુ મુસાફરો અંબાજીના દર્શન કરીને પરત ફરતા બસ પલટી ખાતા અકસ્માત થયો હતો. બનાસકાંઠા જિલ્લા કલેકટર અને વહીવટી તંત્ર દ્વારા ત્વરિત સમયસૂચકતા દાખવી તમામ ઘાયલ મુસાફરોને દાંતા રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર અપાઈ હતી. જયારે ૫૩ જેટલા ઘાયલ મુસાફરોને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે ખસેડાયા હતા. જિલ્લા કલેકટર મિહિર પટેલ અને જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ દાંતા સ્થિત ત્રિશુળીયા ઘાટના અકસ્માત સ્થળે વિઝીટ લીધી હતી. જે બાદ તેઓએ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે ગંભીર રીતે ઘાયલ થયેલા મુસાફરોની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેકટરે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને ગંભીર અકસ્માત બાબતે સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે ઘાયલ લોકોને રૂબરૂ મળીને તેમના ખબર અંતર પૂછ્યા હતા. આ તકે જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, તમામ ઘાયલ મુસાફરોની સ્થિતિ અત્યારે સ્ટેબલ છે. પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલોને સઘન સારવાર અર્થે આરોગ્યની ટીમ ખડેપગે છે. આ અકસ્માતમાં ૨ પુરૂષ અને ૧ બાળક તેમજ અન્ય એમ કુલ મળીને ૪ લોકોનું નિધન થયું છે. આ અકસ્માત અંગે પોલીસ તપાસ ચાલી રહી છે. ત્યારે મુસાફરોએ જણાવ્યું હતું કે, ડ્રાઈવરે નશો કર્યો હતો અને બેદરકારીથી બસ હંકારતો હતો. અમે લોકોએ ના પાડી હતી છતાં ડ્રાઈવર રીલ બનાવતો હતો. ડ્રાઈવરે ૪ બમ્પ કુદાવી દીધા હતા. બાદમાં બસ પલટી મારી ગઈ હતી. અકસ્માત બાદ ડ્રાઈવર ત્યાં હતો જ નહીં, તે ફરાર થઈ ગયો હતો. બસમાં સવાર અનય મુસાફરે જણાવ્યું કે, અમે અંબાજીથી સવારે આવી રહ્યા હતા ને અકસ્માત થયો હતો. વળાંકમાં ડ્રાઈવર કટ મારતો હતો અને અકસ્માત થયો, આમાં ડ્રાઈવરનો જ વાંક હતો.

### શિક્ષકો સહિતના કર્મચારીઓના આંદોલનના ભયે સરકારે માગણીઓ સ્વીકાર્યા બાદ વધુ એક મોરચો ખુલ્યો !

# રાજ્યભરના TRB જવાનોએ હવે સરકાર સામે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું

### વેતનમાં વધારાની માંગ સાથે ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરતા TRB જવાનો : ટ્રાફિકજામના દૃશ્યો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

રાજયમાં શિક્ષકો સહિતના સરકારી કર્મચારીઓના આંદોલનના ભયે સરકાર દ્વારા તેમની માગણી ગતરોજ સ્વીકારતી જાહેરાત કરાયા બાદ હવે વધુ એક આંદોલનનો મોરચો સરકાર સામે ખૂલ્યો છે. અમદાવાદ શહેર સહિત ગુજરાતમાં ફરજ બજાવતા ટીઆરબી ટ્રાફિક જવાનો હવે હડતાળ પર ઊતરી ગયા છે, વેતનમાં વધારો કરવાની માંગ સાથે જવાનો હડતાળ પર ઊતરી જતા શહેરોમાં ટ્રાફિક સર્કલ પર સ્ટાફના અભાવે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ છે. અમદાવાદમાં પણ વિવિધ માર્ગો પર ટ્રાફિકજામની સમસ્યા સર્જાતા લોકોને હેરાનગતિ થવા પામી હતી. અમદાવાદનો ધમધમતો રોડ એટલે ગાંધી આશ્રમ રોડ અને આ રોડ પર વાહનોની અવર-જવર રહેતી હોય છે, પરંતુ ટ્રાફિકના ટીઆરબી જવાનો હડતાળ પર ઊતરતા શહેરમાં



ટ્રાફિકની સમસ્યા ખોરવાઈ ગઈ છે, ઓફિસ જવાના સમયે ટ્રાફિક વધતા શહેરીજનો હેરાન થઈ ગયા હતા. બીજી તરફ અમદાવાદ શહેરની ટ્રાફિક પોલીસ પણ રોડ પર જોવા મળી નથી, જેના કારણે સમસ્યા વધી ગઈ હતી. ગુજરાતભરમાં ટીઆરબી જવાનો હડતાળ પર ઊતર્યા છે, આ ટીઆરબી જવાનોની માંગ પગાર વધારાની છે, હાલમાં તેઓને રૂા.૩૦૦ રોજ લેખે વેતન આપવામાં આવે છે પરંતુ તેમની માંગ છે કે, ૫૦૦ રૂપિયા વેતન આપવામાં આવે જેને લઈ તેઓ હડતાળ પર ઊતરી ગયા છે. હળતાળના કારણે રાજ્યની ટ્રાફિક વ્યવસ્થા પર મોટાપાયે અસર થઈ છે. શહેરની ટ્રાફિક પોલીસ આ વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે જેના કારણે ટ્રાફિક સમસ્યાનું સર્જન થયું છે. આ હડતાળમાં રાજયભરના ૬૦૦૦થી વધુ ટીઆરબી જવાનો હડતાળમાં જોડાયા છે, જેમાં અમદાવાદના ૧૬૦૦ જેટલા જવાનો પણ સામેલ છે. નોંધનીય વાત એ છે કે, ટીઆરબી જવાનોએ ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવવી બંધ કરીને, હડતાળ તરીકે રાજયના વિવિધ સ્થળોએ ભેગા થવાનું નક્કી કર્યું છે. હડતાળના ભાગરૂપે અમદાવાદમાં ટીઆરબી જવાનો કલેક્ટર કચેરીએ મોરચો કાઢશે અને આવેદનપત્ર પણ આપી શકે છે. એ જ રીતે રાજયમાં અન્યત્ર પણ મોરચો કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મળતા અહેવાલ પ્રમાણે સમગ્ર રાજ્યભરના ટ્રાફિક વિભાગમાં કામ કરતાં ટીઆરબી જવાનો હડતાળ પર ઊતર્યા છે. ટીઆરબી જવાનો ફિક્સ પગારને લઈ છેલ્લા અનેક સમયથી પગાર વધારાની માંગ સતત કરી રહ્યા હતા. સરકારે ચૂંટણી સમયે પગાર વધારાનો વાયદો કર્યો હતો પણ તેનો અમલ કરવામાં આવ્યો નહોતો. સમગ્ર વિવાદને એક વર્ષ થવા છતાં પણ પગારવધારો ન કરાતાં આખરે ટીઆરબી જવાનોએ હવે ઉગ્ર આંદોલનનું શસ્ત્ર ઊઠાવ્યું છે. જેને લઈને આગામી દિવસોમાં પણ જવાનો તેમનું વિરોધ પ્રદર્શન જારી રાખે તેમ જણાય છે.

### છેલ્લા એક વર્ષમાં ૧૦૫ કિલો કોકેઈનના પેકેટ કબજે કરાયા

# રાજ્યમાં ફરીવાર ડ્રગ્સની એન્ટ્રી : કચ્છના ગાંધીધામ પાસે રૂા.૧૨૦ કરોડનું કોકેઈન ઝડપાયું

### યુવાઓને બરબાદ કરનાર ડ્રગ્સ સતત ગુજરાતમાં મળે છે શું તેનો વિકાસ કરવાના ભાજપે શપથ લીધા ? : શક્તિસિંહ ગોહિલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગુજરાતમાંથી નશીલા પદાર્થ ઝડપાવાનો ક્રમ શરૂ જ છે. કચ્છમાંથી ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલો કોકેઈન ઝડપાયું છે. પોલીસે મળેલી બાતમીના આધારે સર્ક્રીક વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં રવિવારે રાત્રે કોકેઈનના ૧૦ બિનવારસી પેકેટ મળી આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે રૂા.૧૨૦ કરોડ છે.

પૂર્વ કચ્છના એસપી સાગર બાગમરના જણાવ્યા અનુસાર બાતમીના આધારે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસને ખારીરોહર સીમમાં આવેલા તળાવ નજીક બાવળની ઝાડી નીચે બિનવારસી હાલતમાં ૧૦ પેકેટ કોકેઈનના મળી આવ્યા હતા. જેમાં અંદાજિત ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલોગ્રામ કોકેઈન ઝડપ્યું છે. અહીંથી સમુદ્રની ખાડી માત્ર દોઢેક કિલોમીટર દૂર છે. તેથી કોઈ



દાણચોરો દ્વારા તેને લાવવામાં આવ્યું હોઈ શકે છે.

આ પહેલા ગત વર્ષે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ગાંધીધામ પોલીસે અહીંથી થોડે દૂર મીઠીરોહર સીમમાંથી ૮૦૦ કરોડની કિંમતનું ૮૦ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આ વર્ષે ૪ જૂન, ૨૦૨૪ના રોજ ખારીરોહરથી કંડલા જતાં માર્ગ પર HPCL પાઈપલાઈન નજીક બાવળની ઝાડીમાંથી ગુજરાત ATSએ પણ બિનવારસી હાલતમાં પડેલું ૧૩ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આમ છેલ્લા એક વર્ષમાં ત્રણ વખત એક જ પટ્ટામાંથી અંદાજિત ૧૦૫ કિલોગ્રામ કોકેઈનના પેકેટ કબજે કરાયા છે. જો કે, એકપણ કિસ્સામાં આ પેકેટ અહીં કોણ નાંખી ગયું તે જાણી શકાયું નથી. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે કચ્છમાંથી ડ્રગ્સ મળવાની ઘટનાને લઈને ભાજપ સરકાર પર સવાલ ઊઠાવ્યા છે. શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, ગુજરાતના કચ્છ જિલ્લામાં ૧૨ કિલોગ્રામ કોકેઈનથી ભરેલા ૧૦ પેકેટ મળ્યા છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૨૦ કરોડ રૂપિયા છે. યુવાઓને બરબાદ કરનાર કોકેઈન સતત ગુજરાતમાં મળે છે. ભાજપ સરકારને ચિંતા નથી. શું તેનો વિકાસ કરવાના ભાજપે શપથ લીધા છે ? ઉલ્લેખનીય છે કે, દેશમાં સૌથી મોટો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો ગુજરાત ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં તણાઈને આવેલા ડ્રગ્સના બિનવારસી પેકેટ મળી આવતા રહે છે. દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન અલગ - અલગ સુરક્ષા એજન્સીઓ દ્વારા ડ્રગ્સના બિનવારસી પેકેટ જપ્ત કરવામાં આવતા હોય છે. ત્યારે વધુ એકવાર ગાંધીધામના ખારીરોહર પાસેથી ૧૨ કિલો ડ્રગ્સ બિનવારસી હાલતમાં મળી આવતા પોલીસ ચોંકી ઊઠી છે. આ મામલે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### રાજ્યના વન વિભાગ દ્વારા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ થકી ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી યોજાઈ

# દેશમાં માત્ર એકલા ગુજરાતમાં જ જોવા મળતા ઘુડખરની વસ્તીમાં વધારો, ૭૬૭૨ નોંધાયા

### છેલ્લા પાંચ વર્ષમાં ૨૬ ટકાનો વધારો; નીલગાય, ચિંકારા, કાળિયાર વગેરેની પણ ગણતરી થઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

દેશભરમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળતા ઘુડખરના રક્ષણ અને સંવર્ધન માટે કચ્છના નાના રણ સહિતના આસપાસના પ્રદેશમાં ઘુડખર અને રણની સ્થાપના કરવામાં આવેલ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર-પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય- એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. રાજયમાં હાથ ધરાયેલ ઘુડખર વસ્તી ગણતરીમાં ૭,૬૭૨ ઘુડખરની વસ્તી નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. વન મંત્રી મુળુભાઈએ આ અંગે કહ્યું હતુ કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જયારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં



'Equuss heminious khur' અને "ખુર" તરીકે પણ ઓળખાય છે. ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે. વધુમાં આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે.

ઘુડખર વસ્તી ગણતરી અંદાજે WAPE- 2024માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨,૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે. રાજ્યમાં ઘુડખર સાથે સંકળાયેલ અન્ય વન્ય પ્રાણીઓની વિગત ગણતરી મુજબ જોઈએ તો નીલગાય પછી બીજા ક્રમે જંગલી ભૂંડ ૯૧૫ નોંધાયા છે. તે બાદ ભારતીય સસલું ૨૨૨, ચિંકારા ૨૧૪, ભારતીય શિયાળ ૧૫૩, રણ લોંકડી ૭૦, ભારતીય લોંકડી ૪૯, કાળિયાર ૩૯ અને ભારતીય ઝરખ ૧૫ નોંધાવવા પામેલ છે. WAPE-2024ના આયોજનને પૂરી કરવા ગણતરીકારોને ઘુડખર તેમજ અન્ય વન્ય પ્રાણીઓની ઓળખ માટે ખાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ ગણતરીકારોને પરંપરાગત પદ્ધિતિની સાથે જ, આધુનિક ટેકનોલોજી જેમ કે, ડ્રોન કેમેરા, કેમેરાટ્રેપ, ઈ-ગુજ ફોરેસ્ટ મોડ્યુલ જેવા સંસાધનો પણ આપવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર-૨૦૦૮ની રિપોર્ટ મુજબ ઘુડખર બહુ જ ઓછા પ્રમાણમાં જોવા મળતા હોવાથી વન્યજીવ રક્ષણ અધિનિયમ હેઠળ તેને આરક્ષિત કરવામાં આવ્યા છે. IUCNના થ્રેટંડ સ્પીસીસની યાદીમાં ઘુડખરને એન્ડેજર્ડ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે.

# RTE : પાંચ સ્કૂલોમાં ૫૦ વિદ્યાર્થીઓના પ્રવેશ બોગસ ડોક્યુમેન્ટથી થયાની શંકા

### હિયરીંગ કરવામાં આવ્યા બાદ ખોટા પ્રવેશ જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ અમદાવાદની પાંચ જેટલી સ્કૂલોમાં ૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ લીધો હોવાની વિગતો સામે આવી છે. આ અંગે આગામી દિવસોમાં હિયરીંગ કર્યા બાદ જો ખરેખર ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ લીધા હોવાનું સાબિત થશે તો તેમના પ્રવેશ રદ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયની ખાનગી સ્કૂલોમાં ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧.૫૦ લાખની વાર્ષિક આવક મર્યાદા નક્કી કરવામાં આવેલી છે. આ આવક મર્યાદામાં આવતા હોય તેવા વાલીઓના બાળકોને RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવતા હોય છે. પરંતુ ઘણા વાલીઓ શહેરની સારી ગણાતી ખાનગી શાળામાં પ્રવેશ મેળવવા માટે આવકના ખોટા દાખલા રજૂ કરી પ્રવેશ મેળવતા હોવાનું સામે આવતા હવે ઈક્મટેક્સ રિટર્નની વિગતો પણ પ્રવેશ વખતે માંગવાનું શરૂ કરાયું છે. દરમિયાન, ચાલુ વર્ષે પણ શહેરમાં RTE અંતર્ગત પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ સ્કૂલોએ પોતાની રીતે તપાસ શરૂ કરી હતી. આ માટે સ્કૂલો દ્વારા ખાનગી એજન્સીને રાખી પ્રવેશની તપાસ કરાવવામાં આવી હતી. જેમાં શહેરની વિવિધ ચારથી પાંચ જેટલી સ્કૂલોના ૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ શંકાસ્પદ જણાયા છે. શહેરની શિવાસીસ, જેમ જેનસિસ, આનંદ નિકેતન, ઉદગમ સ્કૂલ અને કે.એન. પટેલ સ્કૂલના RTE વિદ્યાર્થીઓ પૈકી ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ થયા હોવાનું સામે આવ્યું છે. જેથી હવે આ તમામ વિદ્યાર્થીઓના પ્રવેશને લઈને હિયરીંગ રાખવાનું આયોજન કરાયું હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ હિયરીંગ પૂર્ણ થયા બાદ જો ખરેખર વિદ્યાર્થીઓના પ્રવેશ ખોટા ડોક્યુમેન્ટના આધારે થયા હોવાનું જણાશે તો તેમના પ્રવેશ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### પત્રકાર પરિષદમાં ચાલુ માઈકમાં સરકારના મંત્રીઓ પક્ષની કામગીરીની ચર્ચા કરતા થયો બફાટ !

# ભાજપના સદસ્યતા અભિયાનની કામગીરીના બોજ તળે નેતાઓ દબાયા; ન બોલવાનું બોલી ગયા !

### "કાઢી મેલે તો, કાઢી મેલે" બંને મંત્રીઓનો વીડિયો સોશિયલ મીડિયામાં જોરશોરથી વાયરલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

ગુજરાત સહિત દેશભરમાં હાલ ભાજપનું સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે. મંત્રીઓથી લઈ કાર્યકરો સુધી હાલ ભાજપ સદસ્યતા અભિયાનને લઈ વ્યસ્ત છે. આ બધાની વચ્ચે ગાંધીનગરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જે બન્યું તે ખરેખર ચોંકાવનારૂં અને ખળભળાટ મચાવી દે તેવું હતું. આ ઘટના સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થતાં ચર્ચા વ્યાપક બની છે. સરકારની વિગતોની વિગતો આપવા યોજાયેલ પત્રકાર પરિષદમાં સરકારના મંત્રીઓ વાસ્તવમાં પોતાની વાતચીતમાં ભૂલી જ ગયા કે મીડિયાનું માઈક ચાલુ છે. આ દરમિયાન તેઓ સદસ્યતા અભિયાનને લઈ વાતચીત કરતાં જોવા મળ્યા હતા. આ વાતચીત વખતે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે તો એટલા સુધી કહી દીધું કે, 'કાઢી મેલે તો, કાઢી મેલે.' સવારથી જ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલ છે.

ગાંધીનગરમાં રવિવારે મળેલી કેબિનેટ બેઠક બાદ જયારે પત્રકારોને સંબોધિત કરવાની તૈયારીમાં હતા ત્યારે આ ઘટના બની હતી. વાસ્તવમાં પત્રકાર પરિષદ દરમિયાન જગદીશ વિશ્વકર્મા અને પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ મંચ પર બંને એક બીજા સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે, પાર્ટી એનાલિસિસ કરતી જાય છે જયારે મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું 'કાઢી મેલે તો, કાઢી મેલે' વાસ્તવમાં જયારે આ બંને નેતાઓ વાતચીત કરતાં હતા ત્યારે તેમની પાસે મીડિયાના બૂમ માઈક પણ પડેલા હતા. એટલે આ બધી વાતો મીડિયાના પત્રકારો વગેરે સાંભળી લેતા બધી વિગતો વાયરલ થવા સાથે રાજકીય ચર્ચાઓ પણ શરૂ થઈ જતાં માહોલ ગરમાયો છે. આ બંને નેતાઓ વચ્ચે થયેલી ચર્ચા પરથી જણાય છે કે ભાજપના સદસ્યતા અભિયાનની કામગીરીની વાત તેઓ કરી રહ્યા હતા. જેમાં પાર્ટી દ્વારા કન્ફર્મ ચેકિંગની સાથે કામગીરીનું એનાલિસીસ કરાઈ રહ્યાની વાતનો લઈ કાઢી મેલે તો કાઢી મેલે તેવું મંત્રીએ એનો વાત કરી હોવાનું જાણવા મળેલ છે. જોકે આ ઘટનાને લઈ ચર્ચા જોરશોરથી થઈ રહી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS